દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 197 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 August 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૦ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મુંબઈ, થાણે, પાલઘર તરબોળ: ૧૫નાં મોત

**આજે પણ રેડ અલર્ટ: ટ્રેન અને વાહન વ્યવહાર ખોરવાયો: વિમાન સેવાને માઠી અસર**

**૨૪ કલાકમાં ૧૪ ઇંચ વરસાદ**






**કુદરતી આફત:** મુંબઈમાં છેલ્લાં ચાર દિવસથી સતત પડી રહેલા ભારે વરસાદને લીધે મંગળવારે દાદર વિસ્તારમાં ભરાયેલાં પાણીમાંથી પસાર થતાં લોકો. ટ્રેન વ્યવહાર પણ ખોરવાતા મુસાફરોએ ઘણી જગ્યાએ ટ્રેનમાંથી ઊતરીને પાટા પર ચાલતા જવું પડ્યું હતું.

મુંબઈ: દેશની આર્થિક રાજધાની મુંબઈ, થાણે, પાલઘર, નાંદેડ સહિત મહારાષ્ટ્રના અનેક વિસ્તારમાં ભારે વરસાદને લીધે સામાન્ય જનજીવન ખોરવાયું હતું અને રાજ્યમાં વરસાદને લગતી વિવિધ દુર્ઘટનામાં ૧૫ જણ માર્યા ગયાં હતાં. મુંબઈમાં ૨૪ કલાકમાં ૧૪ ઇંચ વરસાદ થયો હતો. મુંબઈ સહિત કોંકણ વિસ્તારમાં ૨૦ ઑગસ્ટ સુધી રેડ અલર્ટ જાહેર કરાયું હતું. મુંબઈમાં મંગળવારે રાતના ચારથી બપોરના ત્રણ વાગ્યા સુધીના ૧૧ કલાકમાં સરેરાશ આઠ ઇંચથી વધારે વરસાદ પડ્યો હતો. સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન ચિંચોલી ફાયર સ્ટેશન ખાતે ૩૬૧ મિલિમીટર, કાંદિવલી ફાયર સ્ટેશન ખાતે ૩૩૭ મિ.મી., દિંડોશી મ્યુનિસિપલ સ્કૂલ ખાતે ૩૦૫ મિ.મી. માગાઠાણે બસ ડેપો ખાતે ૩૦૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને લીધે લીધે ટ્રેન અને વાહન વ્યવહાર ખોરવાયો હતો. મુંબઈ આવતા અનેક વિમાનને બીજે વાળવામાં આવ્યા હતા. શાળા, કૉલેજો, સરકારી ઑફિસો બંધ રહી હતી અને ખાનગી કંપનીઓમાં પણ લોકોની હાજરી બહુ ઓછી હતી. મહારાષ્ટ્રના થાણે અને પાલઘરમાં મંગળવારે પણ અવિરત વરસાદ ચાલુ રહ્યો હતો, જેના કારણે ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, દીવાલો ધરાશાયી થઈ હતી અને બંને જિલ્લાઓના ગામડાઓનો સંપર્ક કપાઈ ગયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.અધિકારીઓના જણાવ્યા અનુસાર, (જુઓ પાનું ૨) ▶▶

## દ્વારકા અને કલ્યાણપુર જળબંબાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસાનો નવો રાઉન્ડ શરૂ થયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા સાંજે છ વાગ્યા સુધીના વરસાદના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જે મુજબ રાજ્યમાં ૮૩ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. દ્વારકામાં સૌથી વધુ ૫.૪૩ ઇંચ વરસાદ પડ્યો હતો. કલ્યાણપુરમાં ૫.૦૮ ઇંચ, માંગરોળ(જૂનાગઢ)માં ૩.૭૪ ઇંચ, ઉમરગાવમાં ૨.૬૪ ઇંચ,માંડવી (કચ્છ)માં ૧.૯૭ ઇંચ, માળીયા હાટીનામાં ૧.૬૫ ઇંચ, જામજોધપુરમાં ૧.૬૧ ઇંચ, નખત્રાણામાં ૧.૨૬ ઇંચ, બગસરામાં ૧.૧૪ ઇંચ (જુઓ પાનું ૨) ▶▶



**રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિની વ્યાખ્યાનમાળા ‘નમ્રવાણી’ આજથી**

પાનું ૫

**મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી ‘વંદેભારત એક્સપ્રેસ’ને**

## નવસારીમાં સ્ટોપેજ મળતા મુસાફરોમાં ખુશી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી અત્યાધુનિક વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને હવે નવસારી ખાતે સ્ટોપેજ મળ્યું છે. આ નિર્ણયથી આ વિસ્તારના મુસાફરો અને વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવસારીના સાંસદ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની રેલવે મંત્રાલયમાં કરેલી રજૂઆતના પગલે આ નિર્ણય લેવાયો છે. આગામી ૨૩ ઓગસ્ટ ૨૦૨૫થી આ ટ્રેન નવસારી સ્ટેશન પર પ્રથમવાર ઊભી રહેશે.

મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને હવે નવસારી ખાતે સ્ટોપેજ મળ્યું છે. થોડા દિવસ પહેલાં નવસારી જિલ્લાના રેલવે કન્સલ્ટીવ કમિટીના સભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખ અને ઉદ્યોગપતિઓએ સાંસદ સી.આર. પાટીલની આગેવાનીમાં રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરી હતી. તે સમયે માત્ર સ્ટોપેજની ખાતરી અપાઈ હતી. હવે તારીખની જાહેરાત થતાં જિલ્લામાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. આગામી ૨૩ ઓગસ્ટ ૨૦૨૫થી આ ટ્રેન નવસારી સ્ટેશન પર પ્રથમવાર ઊભી રહેશે. મુંબઈ અને અમદાવાદ બંને દિશામાં સ્ટોપેજ મળતાં મુસાફરોને સીધો લાભ થશે. આ સ્ટોપેજ મળવાથી ખાસ કરીને ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ અને રોજિંદા મુસાફરી કરનારા લોકોને સીધો લાભ થશે.

**ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી**

## રાધાકૃષ્ણન વિરુદ્ધ સુદર્શન

નવી દિલ્હી: વિપક્ષે ઉપરાષ્ટ્રપતિ પદ માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ બી.સુદર્શન રેડ્ડી ઉપરાષ્ટ્રપતિ પદ માટે વિપક્ષના ઉમેદવાર હશે. કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આ માહિતી આપી હતી. બી.સુદર્શન રેડ્ડી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પણ રહી ચૂક્યા છે, આ ઉપરાંત તેઓ ગુવાહાટી અને આંધ્ર હાઈ કોર્ટના જજ પણ રહી ચૂક્યા છે.

કૉંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે જણાવ્યું હતું કે ગઠબંધને સર્વાનુમતે બી. સુદર્શન રેડ્ડીને ઉમેદવાર બનાવવાનો નિર્ણય લીધો હતો. તેઓ એનડીએ ગઠબંધનના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન સામે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડશે. બી.સુદર્શન રેડ્ડીએ આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટના વરિષ્ઠ વકીલ કે પ્રતાપ રેડ્ડીના નેતૃત્વમાં નાગરિક અને બંધારણીય બાબતો પર પ્રેક્ટિસ શરૂ કરી હતી. ૮ ઓગસ્ટ ૧૯૮૮ના રોજ રેડ્ડીને હાઈ કોર્ટમાં સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને કેન્દ્ર સરકારના વધારાના કાયમી વકીલ બન્યા હતા.

જસ્ટિસ રેડ્ડીને ૧૨ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનાવવામાં (જુઓ પાનું ૨) ▶▶

## ચંદ્રાબાબુ નાયડુ અને જગન મોહન ધર્મસંકટમાં

નવી દિલ્હી: વિપક્ષે પણ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી ૨૦૨૫ માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. આ સાથે પ્રાદેશિક અને રાજકીય સમીકરણોને કારણે આ ચૂંટણી ખૂબ જ રસપ્રદ બની ગઇ છે. ઈન્ડિયા ગઠબંધને સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે તેઓ આંધ્ર પ્રદેશના રંગારેડ્ડી જિલ્લાના (જુઓ પાનું ૨) ▶▶

## અમદાવાદમાં અજાણી યુવતીની ૧૪મા માળેથી મોતની છલાંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના શાસ્ત્રીનગર વિસ્તારમાં એક અજાણી યુવતીએ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટના સરદાર પહેલ આવાસના ૧૪મા માળે બની હતી, જ્યાં યુવતીએ ઉપરથી કૂદીને પોતાનો જીવ ટૂંકાવ્યો હતો. પ્રાથમિક વિગતો અનુસાર યુવતી આ બિલ્ડિંગની રહેવાસી નહોતી, અને તે અન્ય કોઈ જગ્યાએથી આવીને અહીં આત્મહત્યા કરવા પહોંચી હતી. યુવતીએ શા માટે આત્મહત્યા જેવું અંતિમ પગલું ભર્યું તે અંગેનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટનાની જાણ થતાં જ ઘાટલોડિયા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવ્યો હતો. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે, જેમાં યુવતીની ઓળખ અને આત્મહત્યા પાછળનું કારણ શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આ ઘટનાએ સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચાવી છે.

## એશિયા કપ માટે ભારતીય ટીમ જાહેર કરાઈ

**સૂર્યકુમાર કૅપ્ટન અને ગિલ વાઇસ કૅપ્ટન: બુમરાહ પણ ટીમમાં, પરંતુ શ્રેયસની શૉકિંગ બાદબાકી**

મુંબઈ: ટી-૨૦ના આગામી એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત ગઈ કાલે કરવામાં આવી હતી. આ ફૉર્મેટની ટીમના નેતૃત્વની જવાબદારી ફરી એકવાર સૂર્યકુમાર યાદવને જ સોંપવામાં આવી છે, પણ સૌથી મોટો ફેરફાર એ છે કે ટેસ્ટના નવા સુકાની શુભમન ગિલને વાઇસ-કૅપ્ટન બનાવવામાં આવ્યો છે. અગાઉ ટી-૨૦ ટીમમાં ઉપ-કપ્તાનપદ અક્ષર પટેલને અપાતું હતું. વાસ્તવમાં ટેસ્ટના સફળ નવા સુકાની ગિલને ટી-૨૦ ટીમમાં કમબૅક કરવાનો મોકો પણ અપાયો છે. જોકે સૌથી મોટો શૉકિંગ નિર્ણય એ છે કે મિડલ-ઑર્ડરના બૅટ્સમૅન શ્રેયસ ઐયરની ફરી અવગણના કરવામાં આવી છે.

યુએઇમાં એશિયા કપ નવમી સપ્ટેમ્બરે શરૂ થશે. એમાં ભારતની પ્રથમ મૅચ (જુઓ પાનું ૨) ▶▶

### ભારતીય ટીમ:

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જિતેશ શર્મા (વિકેટકીપર), જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, સંજુ સેમસન (વિકેટકીપર), હર્ષિત રાણા અને રિન્કુ સિંહ.

### રિઝર્વ ખેલાડીઓ:

પ્રસિદ્ધ ક્રિષ્ના (પેસ બોલર), વૉશિંગ્ટન સુંદર (સ્પિન ઑલરાઉન્ડર), રિયાન પરાગ (બૅટ્સમૅન, સ્પિનર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર-બૅટ્સમૅન) અને યશસ્વી જયસ્વાલ (ઓપનિંગ બૅટ્સમૅન).■

## ઑનલાઈન ગેમિંગ પ્લેટફૉર્મ ખરડાને મંજૂરી

નવી દિલ્હી: કેન્દ્રીય પ્રધાનમંડળે ઓનલાઈન રિયલ ગેમિંગ પ્લેટફોર્મનું નિયમન કરવા માટેનો ખરડો મંજૂર કર્યો હોવાની સૂત્રોએ માહિતી આપી હતી. આ ખરડો બુધવારે સંસદમાં રજૂ કરાશે.

સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે રિયલ મની સંડોવાયા હોય એવા ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મનું નિયમન કરવા માટેનો ખરડો મંજૂર કર્યો છે અને એ બિલ સંસદમાં બુધવારે રજૂ કરાશે. સાધનોએ નામ ન જણાવાની શરતે ઉક્ત માહિતી આપી હતી.

કેન્દ્રીય પ્રધાનમંડળે ઓડિશામાં છ લેન ધરાવતા ભુવનેશ્વર બાય પાસ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. આ પ્રકલ્પ હાઈબ્રીડ (જુઓ પાનું ૨) ▶▶

## ડૉલર સામે રૂપિયો ૪૬ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત ૧૫મી ઑગસ્ટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેના સ્વાતંત્ર્ય દિનના વક્તવ્યમાં જીએસટીનાં દરનું તાર્કિકીકરણ કરવાના પ્રસ્તાવની જાહેરાત કરી હતી. તેમ જ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચેની બેઠક પશ્ચાત્ અમેરિકા ભારતથી થતી આયાત સામે અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ નહીં લાદે તેવો આશાવાદ સપાટી પર આવતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં છેલ્લાં બે સત્રમાં ડૉલર સામે રૂપિયો ૪૬ પૈસા ઊંચકાઈ ગયો છે.

ફોરેક્સ ટ્રેડરોનાં જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયાની તેજીને ઈંધણ (જુઓ પાનું ૨) ▶▶

## ક્રિપ્ટો કરન્સી રેકેટના સાત ગુનેગાર સામે ગુજસીટોક લગાવતા સાયબર માફિયાઓમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સાયબર ગુનાઓ સતત વધી રહ્યા છે. પોલીસે પણ સાયબર ગઠીયાઓ સામે કડક હાથે કામ લઈ રહી છે. રાજ્યના ઈતિહાસમાં પહેલી વખત સાયબર ગઠીયાઓ સામે પોલીસે ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ (ગુજસીટોક) લગાવતા સાયબર માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો મુજબ કરોડોના આંતરરાષ્ટ્રીય ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શન દ્વારા આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઇમ આચરતી ગેંગનો પર્દાફાશ થોડા સમય પહેલા સાઇબર ક્રાઈમ પોલીસે કર્યો હતો. ક્રિપ્ટો કરન્સી કાંડના આ સાત ગુનેગારો સાવન ઠકરાર,ધવલ ઠકરાર,ગોવિંદ રાવલ, બ્રિજરાજસિંહ ગઢવી, કેવલ ગઢવી, હસમુખ પટેલ, મિલન વિરુદ્ધ પોલીસે ગુજસીટોક લગાવી દીધી હતી. જે પૈકીના ૨ આરોપીની સાયબર ક્રાઇમ પોલીસે ધરપકડ કરી હતી. જેમના વિરુદ્ધ ૪૦૪ સાયબર ફ્રોડના ગુના બન્યા હતા.

આરોપીના એકાઉન્ટમાં ક્રિપ્ટો કરન્સીના ૩૦૦ કરોડના ટ્રાન્જેક્શન મળી આવ્યા છે જેમાંથી ૧૬ કરોડ ફ્રોડની રકમના છે જેની ફરિયાદ પણ થઈ છે.આંતરરાષ્ટ્રીય ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શન, તેમજ શેરબજારમાં રોકાણ સહિત વિવિધ મુદ્દાઓ પર આ ગેંગ લોકો પાસેથી રૂપિયા પડાવતી હતી.આ ગેંગ વિરુદ્ધ અમદાવાદમાં ત્રણ અને ગાંધીધામમાં એક ગુનો દાખલ થયો હતો.

સાયબર ક્રિમિનલ પર કંટ્રોલ આવે અને લોકો ઠગાઈનો ભોગ બનતા અટકે તે માટે સાયબર ક્રાઇમ પોલીસે સૌપ્રથમ વખત સાયબર ગઠીયાઓ વિરુદ્ધ ગુજસીટોકની કાર્યવાહી કરી છે. ચાઈનીઝ ગેંગ છેતરીને ફ્રોડના રૂપિયા સાત આરોપીઓ મારફતે ક્રિપ્ટો કરન્સીથી મેળવતી આ ગેંગ ચાઈનીઝ ગેંગ સાથે સંકળાયેલી હતી.ચાઈનીઝ ગેંગ લોકોને છેતરતી હતી જે બાદ ફ્રોડના રૂપિયા સાત આરોપીઓ મારફતે ક્રિપ્ટો કરન્સીથી મેળવતી હતી. આરોપીઓ વિરુદ્ધ અમદાવાદમાં ૧.૪૮ કરોડનો ડિજિટલ એરેસ્ટ, ૫૯ લાખનો ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ૩૬ લાખનો ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને ગાંધીધામમાં ૩૬ લાખનો ડિજિટલ એરેસ્ટનો ગુનો નોંધાયેલો છે.

## નહેરુએ પાકિસ્તાનને ૮૬ કરોડ રૂપિયા આપ્યા હતા: મોદી

**ભારતનાં હકનું પાણી પણ શત્રુ દેશને આપેલું**

નવી દિલ્હી: દિલ્હીમાં મંગળવારે એનડીએની સંસદીય પક્ષની બેઠકને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સિંધુ જળ સંધિનો ઉલ્લેખ કરીને કૉંગ્રેસ પર નિશાન સાધીને કહ્યું હતું કે પંડિત જવાહરલાલ નહેરુએ સંસદને જાણ કર્યા વિના પાકિસ્તાનને ૮૬ કરોડ રૂપિયા આપ્યા’તા અને ભારતનાં હકનું ૮૦ ટકા પાણી પણ શત્રુ દેશને આપ્યું.

પીએમ મોદીએ બેઠકમાં સિંધુ જળ સંધિનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું (જુઓ પાનું ૨) ▶▶

### ‘ભારતે ભવિષ્ય માટે તૈયાર કરવી પડશે ૪૦-૫૦ અવકાશયાત્રીઓની ટીમ’

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારતે ભવિષ્યના અવકાશ મિશનનું નેતૃત્વ કરવા માટે ૪૦-૫૦ અવકાશયાત્રીઓની ટીમ તૈયાર કરવી પડશે. વડા પ્રધાને શુભાંશુ શુક્લા સાથે વાત કરતા આ વાત કહી હતી. શુભાંશુ શુક્લા ૨૦ દિવસ (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં દૂધનું ઉત્પાદન પાંચ ગણું વધ્યું: અમિત શાહ

**રાજ્યમાં દરરોજ ૨૫૦ લાખ લિટર દૂધનું ઉત્પાદન**

નવી દિલ્હી: સહકારી મંત્રી અમિત શાહે લોકસભામાં જણાવ્યું હતું કે ગુજરાતમાં દૂધની ખરીદી ૨૦૦૧-૦૨માં ૫૦ લાખ લિટર પ્રતિ દિવસ હતી તે ૨૦૨૪-૨૫માં પાંચ ગણી વધીને ૨૫૦ લાખ લિટર પ્રતિ દિવસ થઈ છે. લોકસભામાં એક લેખિત જવાબમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ડેરી ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર સુધારો થયો (જુઓ પાનું ૨) ▶▶

## ગાંધીનગર આઈઆઈટીના પ્રોફેસરો અમદાવાદની ૪૫૨ સરકારી સ્કૂલનાં બાળકોને ભણાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્થાપનાને સો વર્ષ પૂરા થવા પર મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. શતાબ્દી વર્ષ નિમિત્તે સો મ્યુનિસિપલ શાળાઓનું ત્રણ ભાગમાં મૂલ્યાંકન કરી સન્માનિત કરવા નિર્ણય કરાયો હતો. આ નિર્ણય મુજબ, એએમસી દ્વારા ચલાવવામાં આવતી ૪૫૨ સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓને હવે આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસરો ભણાવશે. આ ઉપરાંત, ૬૦ સ્કૂલોના ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને આઈઆઈટી-ગાંધીનગરની મુલાકાત પણ કરાવવામાં આવશે. આ પગલાનો મુખ્ય હેતુ સરકારી સ્કૂલોનાં બાળકોને પણ ઉચ્ચ કક્ષાનું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવો છે. આ યોજના હેઠળ, આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસરો અઠવાડિયામાં ત્રણ દિવસ એએમસીની સરકારી સ્કૂલોની મુલાકાત લેશે. તેઓ વિદ્યાર્થીઓને સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત જેવા વિષયો ભણાવશે. પ્રોફેસરો ફક્ત થિયરી નહીં, પરંતુ પ્રેક્ટિકલ કરાવીને બાળકોને આ વિષયો સરળતાથી સમજાવશે. આનાથી વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ નોલેજ મળશે અને તેમનું શિક્ષણ વધુ રસપ્રદ બનશે. આ ઉપરાંત સો અનુપમ શ્રેષ્ઠ શાળાઓ નક્કી કરવા દરેક શાળાને નિરીક્ષણના અંતે ૫૦માંથી ગુણ આપવામા આવશે. ૪૫૨ શાળાઓમાં ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓની સત્રાંત પરીક્ષા પૂર્વે શાળાકીય સાક્ષરી વિષયોનુ મૂલ્યાંકન કરાશે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જસ્ટિસ રેડ્ડી યોગ્ય પસંદગી પણ જીતશે નહીં

દેશના ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે અંતે કૉંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડિયા મોરચાએ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ બી. સુદર્શન રેડ્ડીની ઉમેદવાર તરીકે પસંદગી કરી નાખી. ભાજપની આગેવાની હેઠળનો એનડીએ પહેલાં જ મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનની પસંદગી કરી ચૂક્યો છે. ભાજપે વિપક્ષોને રાધાકૃષ્ણન સામે ઉમેદવાર ઊભો રાખવાના બદલે ચૂંટણી ટાળવા વિનંતી કરી હતી પણ વિપક્ષો માન્યા નથી. ઉપરાષ્ટ્રપતિ પદે રાધાકૃષ્ણનની સર્વસંમતિથી અને બિનહરીફ વરણી કરવાના બદલે વિપક્ષોએ સુદર્શન રેડ્ડીની પસંદગી કરતા હવે ચૂંટણી થશે એ નક્કી છે .

અત્યારે જે સ્થિતિ છે એ જોતાં આ ચૂંટણીનું પરિણામ નક્કી લાગે છે કે, રાધાકૃષ્ણન જીતશે કેમ કે કાગળ પર વિપક્ષો પાસે જસ્ટિસ રેડ્ડીને જીતાડવા માટે જરૂરી સંખ્યાબળ જ નથી પણ સાથે સાથે એ પણ સ્વીકારવું પડે કે, જસ્ટિસ રેડ્ડીની પસંદગી કરીને વિપક્ષોએ આ જંગને રસપ્રદ બનાવી દીધો છે.

ઉપરાષ્ટ્રપતિ પદની ૯ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર રાધાકૃષ્ણન પાસે જીતવા માટે જરૂરી ૩૯૧ સાંસદોના બદલે ૪૨૨ સાંસદોનો ટેકો છે. સામે વિપક્ષો પાસે બધા ભેગા મળીને ૩૬૦ સાંસદો પણ થતા નથી તેથી કાગળ પર તો એનડીએનું પલ્લું ભારે છે જ.

ભાજપે રાધાકૃષ્ણનને પસંદ કરીને તમિળનાડુના શાસક પક્ષ ડીએમકેને ભેરવી દેવાની ચાલ ખેલી છે કેમ કે રાધાકૃષ્ણન તમિળ છે. ભાજપની ગણતરી એ છે કે, ડીએમકે તમિળ નેતાને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ટેકો આપવાના બદલે બિન-તમિળને ટેકો આપી રહી છે એ મુદ્દો ના ચગે એટલે ડીએમકે રેડ્ડીની તરફેણમાં મતદાન કરવાના બદલે મતદાનથી અલિપ્ત રહે અને વિપક્ષોના મતોની સંખ્યામાં હજુ ઘટાડો થાય. બીજા નાના નાના પક્ષો પણ સત્તાધારી પક્ષની પંગતમાં બેસી શકે છે એ જોતાં રાધાકૃષ્ણનને એનડીએના સંખ્યાબળ કરતાં વધારે મત મળી જાય તેથી તેમની જીત પાકી થઈ જાય. વિપક્ષોએ ભાજપની ચાલનો જવાબ તેલુગુ કાર્ડ ખેલીને આપ્યો છે અને આ જંગને રસપ્રદ બનાવી દીધો છે.

જસ્ટિસ રેડ્ડી આંધ્ર પ્રદેશના છે તેથી ડીએમકેને જેવી મૂંઝવણ થાય એવી જ મૂંઝવણ ભાજપના સાથી ચંદ્રાબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ને પણ થાય. રાજકારણીઓ બહુ જાડી ચામડીના હોય છે અને તેમને અમુક બાબતોની અસર જ નથી થતી હોતી પણ મતબેંકની વાત આવે ત્યારે નેતા લોક ઊંચાનીચા થઈ જતા હોય છે. આ કારણે ટીડીપી પણ તેલુગુભાષીને બદલે તમિળને મત આપવામાં આઘીપાછી થઈ શકે.

જસ્ટિસ રેડ્ડીની પસંદગી એ રીતે પણ મહત્ત્વની છે કે, જસ્ટિસ રેડ્ડી બિનવિવાદાસ્પદ અને સ્વચ્છ પ્રતિભા ધરાવે છે તેથી સી.પી. રાધાકૃષ્ણનની ટક્કરમાં ઊભા રહી શકે તેમ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ રહ્યા હોવાથી જસ્ટિસ રેડ્ડી ઉચ્ચ શિક્ષિત તો છે જ પણ બંધારણીય બાબતોના જાણકાર પણ છે જ તેથી ઉપરાષ્ટ્રપતિ પદ અને રાજ્યસભાનું ચેરપર્સન પદ એમ બંને હોદ્દા શોભાવી શકે છે. જસ્ટિસ રેડ્ડીને કોઈ રાજકીય અનુભવ નથી પણ એ જરૂરી નથી. ઉલટાનું એ તેમનો પ્લસ પોઈન્ટ સાબિત થઈ શકે છે કેમ કે અત્યાર સુધીનો આપણો અનુભવ છે કે, રાજકારણી ઉપરાષ્ટ્રપતિ પદે બેસે ત્યારે મોટા ભાગે નિષ્પક્ષ વર્તી શકતા નથી ને સત્તાધારી પક્ષની અયોગ્ય તરફેણ કર્યા કરે છે. જસ્ટિસ રેડ્ડી ચૂંટાય એવી શક્યતા નથી પણ ચૂંટાય તો એ ખતરો ના રહે.

જસ્ટિસ રેડ્ડીના કિસ્સામાં એક વખાણવા લાયક વાત એ છે કે, સામાન્ય પરિવારમાંથી હોવા છતાં તેમણે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકેની સફર તય કરી છે. જસ્ટિસ રેડ્ડીનો જન્મ ૮ જુલાઈ, ૧૯૪૬ના રોજ હાલના તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લાના તત્કાલીન ઇબ્રાહિમપટ્ટનમ તાલુકાના અકુલા મૈલારામ ગામમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો. રેડ્ડી ભારે સંઘર્ષ કરીને ભણ્યા છે. ૧૯૭૧માં હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવીને આંધ્ર પ્રદેશ બાર કાઉન્સિલમાં વકીલ તરીકે નોંધણી કરાવી પછી વરસો સુધી તેમણે સામાન્ય વકીલોની જેમ વકીલાત કરી હતી.લગભગ બે દાયકાની વકીલાતની પ્રેક્ટિસ પછી જસ્ટિસ રેડ્ડી સરકારી વકીલ બન્યા અને ૧૯૮૮-૯૦ દરમિયાન સરકારી વકીલ તરીકે કામ કર્યું હતું. ૧૯૯૦માં કેન્દ્ર સરકાર માટે થોડા સમય માટે વધારાના સ્ટેન્ડિંગ કાઉન્સેલ તરીકે કામ કરનારા જસ્ટિસ રેડ્ડી ઉસ્માનિયા યુનિવર્સિટી માટે કાનૂની સલાહકાર અને સ્ટેન્ડિંગ કાઉન્સેલ તરીકે પણ કામ કરતા હતા. ૧૯૯૫માં તેમની નિમણૂક આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટના કાયમી ન્યાયાધીશ તરીકે થઈ પછી તેમની ઉચ્ચ ન્યાયતંત્રમાં કારકિર્દી શરૂ થઈ. ૨૦૦૫માં જસ્ટિસ રેડ્ડી ગુવાહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા અને ૨૦૦૭માં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બન્યા હતા. ૨૦૧૧માં નિવૃત્ત થયા પછી માર્ચ ૨૦૧૩માં જસ્ટિસ પ્રથમ લોકાયુક્ત બન્યા.છ મહિના પછી સપ્ટેમ્બરમાં વ્યક્તિગત કારણોસર રાજીનામું આપ્યું પછી જસ્ટિસ રેડ્ડી જાહેર જીવનથી લગભગ અલિપ્ત હતા. હવે કૉંગ્રેસ તેમને બહાર લઈ આવી છે.

જસ્ટિસ રેડ્ડી દેશના ઉપરાષ્ટ્રપતિ પદને લાયક છે તેમાં કોઈ શંકા નથી પણ જસ્ટિસ રેડ્ડી જીતે એવી શક્યતા નહિવત છે કેમ કે ભારતમાં ચૂંટણીઓ લાયકાતના આધારે નહીં પણ રાજકીય સમીકરણોના આધારે લડાય છે. રાજકીય સમીકરણોના આધારે રાધાકૃષ્ણનનું પલ્લું ભારે છે તેથી લાયકાત છતાં જસ્ટિસ રેડ્ડી નહીં જીતે. અલબત્ત તેમની હારનો એટલો અફસોસ નહીં થાય કેમ કે રાધાકૃષ્ણન પણ સ્વચ્છ પ્રતિભા ધરાવતા પીઢ રાજકારણી છે. રાધાકૃષ્ણન પણ સુશિક્ષિત છે અને ઠરેલ વ્યક્તિ છે તેથી એ જીતશે તો પણ ઉપરાષ્ટ્રપતિ પદનું ગૌરવ વધશે. ભાજપે ઉપરાષ્ટ્રપતિ પદની છેલ્લી ચૂંટણીમાં જગદીપ ધનખડ જેવા સત્તામાં જ રસ ધરાવતા નેતાને બદલે રાધાકૃષ્ણન પર પસંદગીનો કળશ ઢોળીને સારું કામ કર્યું છે તેથી જસ્ટિસ રેડ્ડી હારે તેનો અફસોસ કરવા જેવો નથી.

આ ચૂંટણી વિપક્ષી એકતાની પણ કસોટી કરશે. સામાન્ય રીતે આ પ્રકારની ચૂંટણી પહેલાં વિપક્ષો એક થઈને હોંકારા પડકારા કરતા હોય છે અને સત્તાધારી પાર્ટીને જોરદાર ટક્કર આપવાની વાતો કરે છે પણ ચૂંટણી આવે ત્યારે બે-ચાર પક્ષો તો ફસકી જ જતા હોય છે ને વિપક્ષી છાવણી છોડીને સત્તાધારી મોરચાની પંગતમાં બેસી જતા હોય છે. જગદીપ ધનખડ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીત્યા ત્યારે પણ એવું થયેલું ને દ્રૌપદી મુર્મૂ રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીત્યાં ત્યારે પણ એવું થયેલું. આ વખતે પણ એવું બનવાની પૂરી શક્યતા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ,બુધવાર, તા. ૨૦-૮-૨૦૨૫, પ્રદોષ, પર્યુષણ પર્વારંભ

- ભારતીય દ્નિાંક ૨૯, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રે ક. ૨૪-૨૬ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૧-૫૫
- ઓટઃ સાંજે ક. ૧૬-૩૫, મધ્ય રાત્રિ પછી ક. ૦૪-૧૭ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - દ્વાદશી. બુધપૂજન, પ્રદોષ, પર્યુષણ પર્વારંભ - ચતુર્થી પક્ષ (જૈન), ખોરદાદ સાલ (પારસી), શુક્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૦, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પ્રદોષ વ્રત ઉપવાસ, શિવપૂજા, ભક્તિ, ભજન-કીર્તન, રાત્રિ જાગરણ, સાયંકાળે પીપળાના વૃક્ષમાં દીપદાન, શિવમંદિરમાં દીપદાન, વાંસ વાવવા, પરદેશગમનનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, પ્રયાણ, ધાન્ય ભરવું, બી વાવવું, નવાં વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નૌકા બાંધવી, ચંત્રારંભ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, નવી તિજોરીની સ્થાપના, ઘર-ખેતર, જમીન, મકાન લેવડદેવડ, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી, ચંદ્ર-શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-ગુરુ યુતિ સફળતા પ્રાપ્ત થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૨૧), ચંદ્ર-ગુરુ યુતિ, શુક્ર પુનર્વસુ યુતિ, ચંદ્ર પુનર્વસુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન/કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં દૂધનું

છે અને કાપણી પછીના નુકસાનમાં ઘટાડો થયો છે. તેમણે માહિતી આપી હતી કે છેલ્લા ૧૫ વર્ષમાં ખેડૂતોને આપવામાં આવતા દૂધના ભાવમાં ૧૪૦ ટકાનો વધારો થયો છે. સરેરાશ દૂધ ખરીદી ભાવ પ્રતિ કિલો ફેટ ૪૦૦ રૂપિયાથી વધીને ૯૫૦ રૂપિયા પ્રતિ કિલો ફેટ થયો છે. તેમણે કહ્યું હતું કે આનાથી દૂધ સંઘોની ચિલિંગ કેપેસીટી અને દૂધ ખરીદી ક્ષમતામાં વધારો થવામાં નોંધપાત્ર મદદ મળી છે. કેન્દ્રીય મંત્રીના જણાવ્યા અનુસાર, અનેક પગલાંના અમલીકરણથી ગુજરાતમાં દૂધ ખરીદી વધારવામાં ફાળો મળ્યો છે. નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ, ડેરી પ્રોસેસિંગ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (ડીઆઇડીએફ), અને એનિમલ હસબન્ડ્રી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (એએચઆઇડીએફ) જેવી યોજનાઓએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર આધુનિકીકરણ, મૂલ્યવર્ધન સુવિધાઓ, જાતિ સુધારણા, ચારા વિકાસ અને ક્ષમતા નિર્માણ માટે સહાય પૂરી પાડી છે. છેલ્લા સાત વર્ષમાં એનપીડીડી હેઠળ ગુજરાતને ૫૧૫ કરોડ રૂપિયાના કુલ પ્રોજેક્ટ ખર્ચ સાથે ૩૧૫ કરોડની કુલ ગ્રાન્ટ મળી છે જેના કારણે ૨,૦૫૨ બલ્ક મિલ્ક કુલર, ૪,૩૦૯ ઓટોમેટેડ મિલ્ક કલેક્શન સિસ્ટમ્સ અને ૧,૦૦૦ દૂધ ભેળસેળ પરીક્ષણ મશીનો સ્થાપિત થયા છે. ડીઆઇડીએફ અને એએચઆઇડીએફ હેઠળના પ્રોજેક્ટ્સમાં પ્રોસેસિંગ પ્લાન્ટ્સ, યુએચટી લાઈનો અને મિલ્ક પાવડર સુવિધાઓનો વિસ્તરણ શામેલ છે.નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝ (એનસીડી) પોર્ટલ અનુસાર, ગુજરાતમાં ૧૫,૭૪૦ કાર્યરત ડેરી સહકારી સંસ્થાઓ છે. ગુજરાતમાં ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (જીસીએમએમએફ) (અમૂલ) ના નેતૃત્વ હેઠળ એક સુવિકસિત ડેરી સહકારી નેટવર્ક છે, જેમાં ૧૮ જિલ્લા યુનિયનો અને ૩૬ લાખથી વધુ સભ્યોનો સમાવેશ થાય છે. હાલમાં અમૂલ તેના સહકારી નેટવર્ક દ્વારા ગુજરાતમાંથી દરરોજ લગભગ ૨૫૦ લાખ લિટર દૂધ મેળવે છે, જે ગુજરાતને દેશના અગ્રણી દૂધ ઉત્પાદક રાજ્યોમાંનું એક બનાવે છે.

### ડૉલર સામે

મળતાં સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૪૭ પૈસા મજબૂત થયો હતો. જોકે, ત્યાર બાદ આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતા સત્ર દરમિયાન જોવા મળેલો સુધારો ધોવાઈને અંતે ૨૬ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૩૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૨૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૩૧ અને ઉપરમાં ૮૬.૯૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસાના સુધારા સાથે ૮૭.૧૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા વધી આવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય દિને જીએસટીનાં દરના માળખામાં ફેરફાર કરવાની જાહેરાત કરી હોવાથી તેમ જ અમેરિકા ભારતથી થતી આયાત સામે અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ ન લાદે તેવી શક્યતા પ્રબળ બનતાં રૂપિયામાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૫.૯૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા ઘટીને ૯૮.૦૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેજીને ઈંધણ મળ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન આ પરિબળોનો રૂપિયાને ટેકો મળતાં રૂપિયામાં સુધારાને ટેકો મળતો રહેશે તેમ છતાં આયાતકારોની ડૉલરમાં લેવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખે તેવી શક્યતા જોતા ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૬.૭૦થી ૮૭.૪૦ આસપાસની રહે તેમ જણાય છે.

### એશિયા કપ માટે

૧૦મી સપ્ટેમ્બરે યુએઇ સામે રમાશે અને ૧૪મી સપ્ટેમ્બરે ભારત વિરુદ્ધ પાકિસ્તાન વચ્ચેના હાઈ-વૉલ્ટેજ મુકાબલા પર સૌની નજર રહેશે. ભારતની મૅચો દુબઈમાં રમાવાની છે. જસપ્રીત બુમરાહના સમાવેશ પરનો સસ્પેન્સ પણ હવે પૂરો થયો છે, તે પણ એશિયા કપમાં રમતો જોવા મળશે. આ સિવાય, ટીમમાં એ જ ખેલાડીઓ છે જેઓ અગાઉ ટીમનો ભાગ હતા. રિન્કુ સિંહ જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે.

ભારતીય ટીમમાં ચાર વિશેષજ્ઞ બૅટ્સમેન અને હાર્દિક પંડ્યા તથા અક્ષર પટેલ સહિત ચાર ઑલરાઉન્ડર છે. જિતેશ શર્મા અને સંજુ સૅમસનના રૂપમાં બે વિકેટકીપર-બૅટ્સમેન છે, જ્યારે ટીમમાં ત્રણ સ્પેશ્યાલિસ્ટ પેસ બોલર અને બે સ્પેશ્યાલિસ્ટ સ્પિનર છે. ટીમમાં ટૉપ-ઑર્ડર બૅટિંગમાં ઘણા વિકલ્પો થઈ ગયા છે. ચીફ સિલેક્ટર અજિત આગરકરે કહ્યું છે કે 'કૅપ્ટન સૂર્યકુમાર યાદવ પાસે ટૉપ-ઑર્ડરની બૅટિંગ લાઇન-અપ માટે ઘણા વિકલ્પો છે એટલે ઇલેવન માટેની બૅટિંગ લાઇન-અપ નક્કી કરવાનું કામ ટીમ મૅનેજમેન્ટ માટે સારા અર્થમાં કહીએ એવો માથાનો દુખાવો બની રહેશે.'

### ઑનલાઈન ગેમિંગ

એન્યુટી મોડ હેઠળ બંધાશે. આમાં કુલ કેપિટલ કોસ્ટ ૮,૩૦૭.૭૪ કરોડ રૂપિયા હશે. માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન જ્યોતી વૈષ્ણવે જાણકારી આપી હતી કે હાલમાં રામેશ્વર અને ટાંગી વચ્ચે નેશનલ હાઈવે છે, પરંતુ એમાં ભારે ભીડની અડચણ છે. આથી ૧૧૦ કિલોમીટર લાંબા બાયપાસનું આયોજન કરવામાં આવ્યું છે. આનાથી ઓડિશા અને પૂર્વનાં બીજાં રાજ્યોને ઘણો ફાયદો થશે. કમર્શિયલ ટ્રાફિકને કટક અને ભુવનેશ્વરથી દૂર રાખી શકાશે. દરમિયાન કેબિનેટે રાજસ્થાનમાં કોટા-બુંદીમાં ૧,૬૦૭ કરોડ રૂપિયાના ખર્ચે નવું હવાઈમથક બાંધવાના પ્રકલ્પને બહાલી આપી હતી. વૈષ્ણવે માહિતી આપી હતી કે આ એરપોર્ટ પ્રોજેક્ટને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ફંડ પૂરું પાડશે. આ માટેની ૧,૦૮૯ એકર જમીન રાજસ્થાન સરકાર મફત પૂરી પાડશે. હવાઈમથકની વર્ષે ૨૦ લાખ પેસેન્જર હેન્ડલ કરવાની ક્ષમતા હશે. આ પ્રકલ્પ ૨૪ મહિનામાં પૂરો થાય એવી વકી છે. ૨૦૧૪માં ઓપરેશનલ એરપોર્ટ ૭૪ હતા અને ૨૦૨૫માં એની સંખ્યા વધીને ૧૬૨ થઈ છે. (એજન્સી)

### રાધાકૃષ્ણન

આવ્યા હતા. તેઓ ૮ જૂલાઈ ૨૦૧૧ના રોજ આ પદ પરથી નિવૃત્ત થયા હતા. બી સુદર્શન રેડ્ડીને ૫ ડિસેમ્બર ૨૦૦૫ના રોજ ગુવાહાટી હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. રેડ્ડીનો જન્મ ૧૯૪૬માં ભારતના આંધ્ર પ્રદેશ રાજ્યના રંગા રેડ્ડી જિલ્લાના તત્કાલીન ઇબ્રાહિમપટ્ટનમ તાલુકાના અકુલા માયલારામ ગામમાં એક ખેડૂત પરિવારમાં થયો હતો. બી સુદર્શન રેડ્ડીએ હૈદરાબાદમાં શિક્ષણ મેળવ્યું હતું અને ૧૯૭૧માં ઓસ્માનિયા યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવી હતી. ૧૯૯૩માં બી સુદર્શન રેડ્ડી આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટ એડવોકેટ્સ એસોસિએશનના પ્રમુખ તરીકે ચૂંટાયા અને ઓસ્માનિયા યુનિવર્સિટીના કાનૂની સલાહકાર પણ રહ્યા હતા. બી સુદર્શન રેડ્ડીએ માર્ચ ૨૦૧૩માં પ્રથમ ગોવા લોકાયુક્ત તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો અને વ્યક્તિગત કારણોસર ઓક્ટોબર ૨૦૧૩માં પદ પરથી રાજીનામું આપ્યું હતું.

બી સુદર્શન રેડ્ડીને ૧૨ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ સુપ્રીમ કોર્ટના એડિશનલ ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને ૮ જુલાઈ ૨૦૧૧ના રોજ નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછી તેમણે માર્ચ ૨૦૧૩માં ગોવાના પ્રથમ લોકાયુક્ત તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. જોકે, ઓક્ટોબર ૨૦૧૩માં તેમણે વ્યક્તિગત કારણોસર રાજીનામું આપ્યું હતું.

### દ્વારકા અને

વરસાદ વરસ્યો હતો. ૭૩ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં સીઝનનો સરેરાશ ૭૨.૬૮ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૭૦.૩૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૧.૪૮ ટકા, પૂર્વ મધ્યમાં ૬૮.૪૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૬.૦૧ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૨.૬૮ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૭૭.૩૪ ટકા ભરાયેલો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે રાહત નિયામકના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગ્રૂપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા ૨૦ ઓગસ્ટના રોજ અમરેલી, ભાવનગર, સુરત, નવસારી તથા વલસાડ જિલ્લામાં તેમજ તા. ૨૧ ઓગસ્ટના રોજ કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર તથા જૂનાગઢ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી તા. ૨૫ ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

બેઠકમાં એનડીઆરએફ અને એસડીઆરએફ અધિકારીઓના જણાવ્યા મુજબ ચોમાસામાં દરમિયાન ઉપસ્થિત થતી કોઇપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા એનડીઆરએફની કુલ ૧૨ ટીમ અને એસડીઆરએફની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત એનડીઆરએફની એક ટીમ રિઝર્વ રાખવામાં આવી છે. વધુમાં, સુરેન્દ્રનગર જિલ્લામાં આયોજિત તરણેતરના મેળા માટે પણ એક એસડીઆરએફ ટીમ ફાળવવા રાહત નિયામકએ સૂચના આપી હતી. સિંચાઇ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરવામાં આવી હતી. તેમણે રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૬૧ જળાશયો હાઇએલર્ટ, ૨૭ જળાશયો એલર્ટ તથા ૨૧ જળાશયો વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં રાહત નિયામક દ્વારા તમામ વિભાગના નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ પાઠવવામાં આવી હતી. સાથે જ, ચોમાસામાં સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા એલર્ટ રહેવા પણ જણાવ્યું હતું.

### ભારતે ભવિષ્ય માટે

અવકાશમાં રહ્યા પછી પરત ફર્યા હતા. શુક્લા એક્સિઓમ-૪ કોમર્શિયલ મિશન દ્વારા આંતરરાષ્ટ્રીય અવકાશ કેન્દ્ર (આઈએસએસ) ની યાત્રા કરનાર પ્રથમ ભારતીય બન્યા હતા. તેમણે વડા પ્રધાનને કહ્યું હતું કે ભારતના ગગનયાન મિશન વિશે વિશ્વભરમાં ભારે રૂચિ છે. સોમવારે સાંજે વડાપ્રધાન સાથેની વાતચીતમાં શુક્લાએ એક્સિઓમ-૪ મિશન હેઠળ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની તેમની અવકાશ યાત્રા, સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણ પરિસ્થિતિઓ સાથે તાલમેલ અને ભ્રમણકક્ષા પ્રયોગશાળામાં કરવામાં આવેલા પ્રયોગો વિશેના પોતાના અનુભવો પણ શેર કર્યા. આ વાતચીતનો વીડિયો સોમવારે રિલીઝ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાને કહ્યું હતું કે શુક્લાની અવકાશ યાત્રા ભવિષ્યના અવકાશ મિશન તરફનું પ્રથમ પગલું છે. મોદીએ કહ્યું કે અત્યાર સુધી બહુ ઓછા બાળકો અવકાશયાત્રી બનવાનું વિચારતા હશે, પરંતુ શુક્લાની મુલાકાતથી વધુ આત્મવિશ્વાસ આવશે અને આ ક્ષેત્રમાં રસ પેદા થશે. ભારત પાસે હવે બે મોટા મિશન છે - ભારતીય અવકાશ મથક અને ગગનયાન અને આ પ્રયાસોમાં શુક્લાનો અનુભવ ખૂબ જ મૂલ્યવાન રહેશે.

### નહેરુએ પાકિસ્તાનને

કે ભારતનો હિસ્સો પાકિસ્તાનને આપવામાં આવ્યો હતો અને ભારત આજસુધી એના પરિણામો ભોગવી રહ્યું છે.

બેઠક દરમિયાન, મોદીએ કહ્યું કે, ''કેબિનેટની મંજૂરી વિના અને સંસદને જાણ કર્યા વિના, જવાહરલાલ નહેરુએ પાકિસ્તાનને ૮૬ કરોડ રૂપિયા આપ્યા હતા. આપણું ૮૦ ટકા પાણી પાકિસ્તાનને આપવામાં આવ્યું બાદમાં, નહેરુએ તેમના સચિવ દ્વારા આ ભૂલ સ્વીકારી અને કહ્યું કે તેનો કોઈ ઉપયોગ થયો નથી. આ સંધિ સંપૂર્ણપણે ખેડૂત વિરોધી હતી.''

મોદીએ કહ્યું કે નહેરુએ દેશને એક વાર નહીં પણ બે વાર વિભાજિત કર્યો, જેના પરિણામો દેશ આજ સુધી ભોગવી રહ્યો છે.

એમણે ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનને અભિનંદન આપ્યા હતા અને એમનું અભિવાદન કર્યું હતું. સંસદના પુસ્તકાલય ભવનમાં યોજાયેલી આ બેઠકમાં સાંસદો સી.પી. રાધાકૃષ્ણનને પણ મળ્યા હતા.

નરેન્દ્ર મોદીએ વિપક્ષી પક્ષોને એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનને સમર્થન આપવાની અપીલ કરી છે, જેથી સર્વસંમતિથી ઉપરાષ્ટ્રપતિની પસંદગી થઈ શકે.

### ચંદ્રાબાબુ નાયડુ

વતની છે. બીજી તરફ, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) એ મહારાષ્ટ્રના રાજ્યપાલ અને સીપી રાધાકૃષ્ણનને મેદાનમાં ઉતાર્યા છે, તેઓ તમિળનાડુથી આવે છે. બંને ઉમેદવારોના પ્રાદેશિક સમીકરણે આ ચૂંટણીને રસપ્રદ વળાંક આપ્યો છે. આનાથી એનડીએ અને ઈન્ડિયા એલાયન્સના સાથી પક્ષો માટે મૂંઝવણ ઊભી થઈ છે.

ઈન્ડિયા ગઠબંધનની રણનીતિએ એનડીએને મુશ્કેલીમાં મૂકી દીધું છે. સુદર્શન રેડ્ડીને ઉમેદવાર બનાવીને ઈન્ડિયા ગઠબંધને આંધ્ર પ્રદેશના રાજકારણમાં એક નવું સમીકરણ બનાવ્યું છે. આ નિર્ણય આંધ્ર પ્રદેશમાં શાસક તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) અને વિપક્ષ વાયએસઆર કૉંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) બંને માટે પડકારજનક છે. ટીડીપી એનડીએનો એક મહત્ત્વપૂર્ણ સાથી પક્ષ છે. તેના વડા અને મુખ્ય પ્રધાન એન. ચંદ્રાબાબુ નાયડુ હવે પ્રાદેશિક ગૌરવ અને ગઠબંધનની વફાદારી વચ્ચે અટવાઈ ગયા છે. સુદર્શન રેડ્ડી આંધ્ર પ્રદેશના હોવાથી ટીડીપી પર તેના રાજ્યના નેતાને ટેકો આપવા માટે દબાણ વધ્યું છે.

બીજી તરફ, વાયએસઆરસીપીના વડા જગન મોહન રેડ્ડીએ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથે વાતચીત કર્યા પછી એનડીએ ઉમેદવાર રાધાકૃષ્ણનને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. પરંતુ સુદર્શન રેડ્ડીના ચૂંટણી મેદાનમાં પ્રવેશથી તેમની સ્થિતિ જટિલ બની ગઈ છે. આંધ્ર પ્રદેશમાં વાયએસઆરસીપીનો આધાર મુખ્યત્વે રેડ્ડી સમુદાયમાં છે અને સુદર્શન રેડ્ડીના નામથી તેમના સમર્થકોમાં પ્રાદેશિક લાગણીઓ જોડાયેલી છે. જગન માટે એનડીએ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા જાળવી રાખવી કે તેમના રાજ્યના ઉમેદવારને ટેકો આપવો તે નક્કી કરવું સરળ રહેશે નહીં.

બીજી તરફ, એનડીએની રણનીતિ પણ તમિળનાડુના સમીકરણો પર આધારિત હતી. રાધાકૃષ્ણન તમિળનાડુના ઓબીસી ગૌંડર સમુદાયમાંથી આવે છે. તેમને ઉમેદવાર બનાવીને ભાજપે ડીએમકેને મૂંઝવણમાં મૂકવાનો પ્રયાસ કર્યો હતો. ડીએમકે ઓલ ઈન્ડિયા એલાયન્સનો એક ભાગ છે. રાધાકૃષ્ણનનું તમિળ મૂળ તેમના માટે એક પડકાર હતું, કારણ કે તમિળ ગૌરવ તેમના માટે એક મોટો મુદ્દો છે. જોકે, ડીએમકેએ સુદર્શન રેડ્ડીને ટેકો આપવાનો નિર્ણય લીધો છે, જે સ્પષ્ટ કરે છે કે તેઓ ગઠબંધન ધર્મને પ્રાથમિકતા આપશે.

### મુંબઈ, થાણે

પાલઘરના વાડા તાલુકાના ગોરાટ ગવરી પાડા ખાતે નદી કિનારે આવેલા ૧૪ ઘરો ડૂબી ગયા હતા, અને પડઘાના ગણેશ નગરમાં ૧૫ ઘરો ડૂબી ગયા હતા.

વસઈના ચંદ્રપાડા ગામ, સરજા ગામ, ખાંડીપાડા અને ચિંચોટીના ઓડોલામાં પણ પૂરના પાણી ઘરોમાં ઘૂસી ગયા હતા, અને રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. થાણે શહેરમાં, એક ઘરને નુકસાન થયું હતું, અને વરસાદ દરમિયાન કાટમાળ પડવાથી આસપાસના ઘરોમાંથી રહેવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. ૭૦ વર્ષીય એક વ્યક્તિને ઈજા થઈ હતી અને તેને કલવાની સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વરસાદી પાણીને વાળવા માટે બેરિકેડ અને ડ્રેનેજ ખાડા બનાવવામાં આવ્યા છે.

સવારે મુમ્બ્રાના સંજય નગરમાં એક ચાલની દીવાલ ધરાશાયી થઈ હતી અને થાણેના કલવા અને ઘોડબંદર રોડમાં દીવાલ ધરાશાયી થવાની બે અન્ય ઘટનાઓ નોંધાઈ હતી. પાણીથી ભરાઈ ગયા હોવાથી થાણે શહેરમાં અનેક રસ્તાઓ પર વાહનવ્યવહારને ભારે અસર થઈ હતી. મીરા-ભાયંદર તરફનો ઘોડબંદર રોડ ટ્રાફિક માટે બંધ કરવામાં આવ્યો હતો, પોલીસે વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની વિનંતી કરી હતી.

વરસાદને કારણે પાલઘરના કરનાલા અને અંબરભુઈ ગામોના કેટલાક ભાગો પણ સંપૂર્ણપણે કપાઈ ગયા હતા, જ્યારે ગઇં-૧૬૦અ પર પચમડ અને ચિંચઘર પુલ પૂરને કારણે બંધ થઈ ગયા હતા.

થાણેના નારીવલી અને ઉત્તરશિવ ગામોને જોડતા અંડરપાસ પર એક જગ્યા લગભગ પૂરના પાણીમાં ડૂબી ગઈ હતી. વાહનમાં ફસાયેલા મુસાફરોને બચાવવા માટે બે સ્થાનિક લોકો તરીને ગયા હતા. બચાવનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો છે.

નાગરિક સંસ્થાઓ, આપત્તિ વ્યવસ્થાપન સેલ અને સ્થાનિક કાર્યકરો ઉચ્ચ ચેતવણી પર છે, અને અધિકારીઓએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રહેવાસીઓને અસ્થાયી રૂપે સ્થળાંતર કરવા અને તાત્કાલિક કટોકટીની જાણ કરવા અપીલ કરી છે.મંગળવારે મુંબઈમાં ભારે વરસાદ પડ્યો, જેમાં પશ્ચિમી ઉપનગરોમાં આવેલા સાંતાક્રુઝમાં માત્ર છ કલાકમાં સૌથી વધુ ૧૫૧.૪ મિમી વરસાદ નોંધાયો, એમ ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) એ જણાવ્યું હતું. આઇએમડીના આંકડા મુજબ, સવારે ૮.૩૦ થી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી, વિક્રોલીમાં ૧૪૧.૫ મિમી, જુહુમાં ૧૧૦.૫ મિમી, ભાયખલામાં ૯૨ મિમી, બાંદ્રામાં ૮૯ મિમી અને કોલાબામાં ૨૯ મિમી વરસાદ પડ્યો હતો.

અગાઉ, મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકના સમયગાળામાં, પૂર્વી ઉપનગરોમાં આવેલા વિક્રોલીમાં ૨૫૫.૫ મિમી સૌથી વધુ વરસાદ નોંધાયો હતો, જ્યારે સાંતાક્રુઝમાં ૨૩૮.૨ મિમી વરસાદ નોંધાયો હતો. પરંતુ ત્યારબાદના છ કલાકના સમયગાળામાં, સાંતાક્રુઝે અન્ય તમામ સ્થળોને પાછળ છોડી દીધા, એમ આઇએમડી એ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં, જેના કારણે રોડ અને રેલ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો અને ફ્લાઇટ સેવાઓ પણ પ્રભાવિત થઈ હતી. મંગળવારે બીજા દિવસે પણ મુંબઈમાં ભારે વરસાદ પડ્યો, જેના કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં અને શહેરની જીવાદોરી ગણાતી રોડ ટ્રાફિક અને લોકલ ટ્રેન સેવાઓમાં ભારે અવરોધ ઊભો થયો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે, મુશળધાર વરસાદને કારણે શહેરમાંથી પસાર થતી મીઠી નદીમાં પાણી ભરાઈ ગયા હોવાથી કુર્લા વિસ્તારના લગભગ ૩૫૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

# ગુજરાતની ૧૪ ગ્રાન્ટેડ લો કોલેજોને શરતી પ્રવેશ મંજૂરી આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ) દ્વારા ગુજરાતની ૧૪ ગ્રાન્ટેડ લો કોલેજોને શરતી પ્રવેશ મંજૂરી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ બાકી લાખો રૂપિયાની ઈન્સ્પેક્શન ફી, પેનલ્ટી ફી અને આચાર્ય-અધ્યાપકો સહિતનો અપૂરતા સ્ટાફ સહિતનાં કારણોને લીધે રાજ્યની ગ્રાન્ટેડ લો કોલેજોને રીન્યુઅલ પરમિશન આપી ન હતી. ગત વર્ષે પણ આ મુદ્દે હાઈ કોર્ટમાં પિટિશન થઈ હતી અને ફીની માગણી સામે સરકારે ફી આપી ન હતી. ઉપરાંત સરકારે એક આચાર્ય અને ચાર ફેકલ્ટી સહિતના સ્ટાફ આપતા ગત વર્ષે માત્ર ૭ થી ૮ કોલેજમાં જ પ્રવેશ પ્રક્રિયા થઈ શકી હતી. આ વર્ષે પણ હાઈ કોર્ટમાં ઘણા મહિનાથી કેસ ચાલી રહ્યો હતો, જેમાં અંતે સરકારે ગ્રાન્ટેડ લો કોલેજોને ઈન્સ્પેક્શન, અરજી ફી અને પેનલ્ટી સહિતની રૂ. ૧૧ કરોડથી વધુની રકમ આપવાની બાંહેધરી આપી હતી. જેથી કોલેજોએ બાકી ઈન્સ્પેક્શન ફી, પેનલ્ટી સહિતની રકમ કાઉન્સિલમાં જમા કરાવતા કાઉન્સિલ દ્વારા કુલ ૨૮ ગ્રાન્ટેડ કોલેજોમાંથી પ્રવેશ પ્રક્રિયામાંથી બાકાત હતી તેવી ૧૪ ગ્રાન્ટેડ લો કોલેજોને આ વર્ષે પ્રવેશ માટે શરતી પ્રવેશ મંજૂરી આપી હતી. ગ્રાન્ટેડ લો કોલેજોની ઈન્સ્પેક્શન ફી, અરજી ફી અને પેનલ્ટી ફી સહિતની તમામ ફી કાઉન્સિલમાં જમા કરી દેવાતા કાઉન્સિલે ૧૪ ગ્રાન્ટેડ લો કોલેજોને આ વર્ષ માટે પ્રવેશની શરતી મંજૂરી આપી દીધી છે. જેથી તમામ ૧૪ ગ્રાન્ટેડ લો કોલેજોને હવે એલએલબીની જીકાસ આધારિત કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં ઉમેરી દેવામાં આવશે. જેના પગલે હવે સરકાર દ્વારા વધુ એક પ્રવેશ રાઉન્ડ કરવામાં આવશે. જોકે, આ રાઉન્ડ શરૂ થાય તે પહેલા ૨૦ ઓગસ્ટથી નવું ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ શરૂ થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, કોલેજોના મેનેજમેન્ટ નિયમ મુજબ એક આચાર્ય અને ચાર ફેકલ્ટી ભરવાની તેમજ તેઓને યુજીસી મુજબની પગાર આપવાની અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર-બુક્સ સહિતની સુવિધાઓ હોવાની ખાતરી સાથેની એફિડેવિટ કાઉન્સિલમાં જમા કરવાની શરતે કોલેજોને પ્રવેશ મંજૂરી અપાઈ છે. જેના પગલે ૧૪માંથી ૩ કોલેજોએ કાઉન્સિલના આ નિર્ણય સામે હાઈ કોર્ટમાં પિટિશન પણ કરી છે. એલએલબીમાં પ્રવેશ માટેની જીકાસ આધારિત ઓનલાઈન કોમન પ્રવેશ પ્રક્રિયામાં અત્યાર સુધીમાં ત્રણ રાઉન્ડ થયા છે. જ્યારે હવે બાકી રહેલી ૧૪ ગ્રાન્ટેડ લો કોલેજોને પણ કાઉન્સિલની મંજૂરી મળી જતા આ કોલેજોને પણ હવે પ્રવેશ પ્રક્રિયામાં ઉમેરાશે.

# રાજ્યમાં ધોરણ ૩થી ૮ના તમામ શિક્ષકોને માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા તાલીમ આપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અભ્યાસક્રમ, પુસ્તકો, મૂલ્યાંકનમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે જેને પગલે શિક્ષકોને તાલીમબદ્ધ કરવા માટે સોમવારથી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવારથી શરૂ થયેલી આ તાલીમ ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે. જેમાં માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. દરેક શિક્ષકને બેથી ત્રણ દિવસની ઓનલાઈન અને ઓફલાઈન તાલીમ આપવામાં આવશે અને આ તાલીમનું આયોજન તાલુકા મથકે કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા નવી શિક્ષણ નીતિ તથા નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક આધારિત અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા તેમજ મૂલ્યાંકનમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ ફેરફારની અસર વર્ગખંડ સુધી પહોંચે તે માટે જીસીઈઆરટી દ્વારા ધોરણ-૩થી ૮ની વિષયવાર શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે. પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોના શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓમાં સૂચિત ૨૧મી સદીનાં કૌશલ્યો અને ક્ષમતાઓ વિકસાવવા માટે શિક્ષકો અસરકારક અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ કરી શકે એ માટે આ શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે.

શિક્ષક આવૃત્તિઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે શિક્ષકોને રૂબરૂ માર્ગદર્શન અને નિદર્શન આપવા માટે શિક્ષક આવૃત્તિ આધારિત તાલીમનું આયોજન ૧૮ ઓગસ્ટથી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન જીસીઈઆરટી દ્વારા કરવામાં આવ્યું છે. ૧૮ ઓગસ્ટથી શરૂ થયેલી આ તાલીમમાં પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ.આઈ. જોષી, જીસીઈઆરટીના નિયામક પી. કે. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું. તમામ મહાનુભાવોએ પોતાના પ્રવચનમાં શિક્ષકે હંમેશાં શીખતું રહેવું જોઇએ અને નવીન પ્રવાહોથી માહિતગાર બની વર્ગખંડ પ્રક્રિયામાં બદલાવ લાવવા કટિબદ્ધ બનવું જોઇએ તેવું સૂચન કર્યું હતું. ખાસ કરીને જીસીઈઆરટી દ્વારા નવી શિક્ષણ નીતિ તથા નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્કને ધ્યાનમાં રાખીને બનાવેલી શિક્ષક આવૃત્તિનો શિક્ષકો મહત્તમ ઉપયોગ કરે અને શિક્ષક આવૃત્તિને આધારે વર્ગખંડ પ્રક્રિયાને ગુણવત્તાલક્ષી બનાવે તેવો આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ સમજાવ્યો હતો.

આ તાલીમ દ્વારા સૌ શિક્ષકો ઈનોવેટિવ પેડેગોલોજીનો વર્ગખંડમાં ઉપયોગ કરતા થાય, વર્ગખંડનાં બાળકોને ૨૧મી સદીનાં કૌશલ્યો જેવા કે, સમસ્યા ઉકેલ, ટીમવર્ક, સંવાદ કૌશલ્ય અને ડિજિટલ સાક્ષરતા વિકસાવવામાં મદદરૂપ બને, વર્ગખંડમાં તેઓ વિદ્યાર્થી-કેન્દ્રીત અભિગમ અપનાવી બાળકની જરૂરિયાતો અને ક્ષમતાઓનું સંકલન કરી શિક્ષણકાર્ય હાથ ધરતા થાય તે માટે બે થી ત્રણ દિવસની તાલીમનું બ્લેન્ડેડ મોડથી (ઓનલાઇન અને ઓફલાઇન) આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ તાલુકા મથકે યોજાઇ રહી છે, જેમાં જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા તૈયાર કરવામાં આવેલા માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા શિક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવી રહ્યાં છે. આ તાલીમ માત્ર પ્રવચન આધારિત નહીં, પરંતુ શિક્ષકોને વર્ગખંડ પ્રક્રિયાનો વાસ્તવિક અનુભવ મળે તે હેતુસર પ્રાયોગિક, જૂથકાર્ય, ડેમોસ્ટ્રેશન જેવી વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિઓની સાથે નેપમાં ભલામણ કરવામાં આવેલી ઇનોવેટીવ પેડાગોજીનું પણ નિદર્શન કરવામાં આવનાર છે. જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલી ધો-૩થી ૮ની શિક્ષક આવૃત્તિ જીસીઈઆરટીની વેબસાઇટ અને દીક્ષા પ્લેટફોર્મ એમ બંને પર ઉપલબ્ધ છે.

# ગુજરાત હાઇ કોર્ટે આસારામને ત્રીજી સપ્ટેમ્બર સુધી હંગામી જામીન આપ્યા

અમદાવાદ: સુરત બળાત્કાર કેસમાં દોષિત આસારામ બાપુને ગુજરાત હાઇ કોર્ટે મોટી રાહત આપી હતી. હાઇ કોર્ટે આસારામને આરોગ્યના કારણોસર ત્રીજી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી હંગામી જામીન આપ્યા હતા. આ કેસ અંગે હવે વધુ સુનાવણી ૩ સપ્ટેમ્બરે યોજાશે. આ પહેલાં ૨૧ ઓગસ્ટ સુધીના હંગામી જામીન વધારી અપાયા હતા. આસારામ લાંબા સમયથી સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, અને તેમણે આરોગ્યના આધારે જામીન લંબાવવાની અરજી કરી હતી. આ અગાઉ રાજસ્થાન હાઇ કોર્ટે ઓગસ્ટ ૨૦૨૫ સુધી તેમના હંગામી જામીન લંબાવ્યા હતા.

સોમવારે આસારામને જોધપુર હાઇકોર્ટના આદેશના અનુસંધાને સવારે ૧૦:૪૫ વાગ્યે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તપાસ માટે લાવવામાં આવ્યા હતા. તેમનું મેડિકલ ચેકઅપ લગભગ ત્રણથી ચાર કલાક સુધી ચાલ્યું હતું. સિવિલ હોસ્પિટલના ઓપીડી નંબર ૧૩માં તેમનું તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં ઇસીજી અને ઇકો સહિતની તપાસ કરવામાં આવી. જોધપુર કોર્ટે સિવિલ હોસ્પિટલને પત્ર લખીને આસારામની તબીબી તપાસ કરવા જણાવ્યું હતું. આ માટે બે કાર્ડિયોલોજિસ્ટ, એક ન્યુરોલોજિસ્ટ, એક ગેસ્ટ્રોલોજિસ્ટ, એક નેફ્રોલોજિસ્ટ અને જનરલ સર્જન સહિતના મેડિકલ બોર્ડે તેમની તપાસ કરી હતી. આગામી સુનાવણી સપ્ટેમ્બરમાં થશે.

અગાઉ, ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ ગુજરાત હાઇ કોર્ટે આસારામને ૭ જુલાઈ સુધી જામીન આપ્યા હતા. ત્યારબાદ ૩ જુલાઈએ એક મહિના માટે જામીન લંબાવવામાં આવ્યા હતા, અને ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ત્રીજી વખત જામીન લંબાવાયા હતા. મંગળવારે ગુજરાત હાઇકોર્ટે ચોથી વખત હંગામી જામીન લંબાવ્યા હતા. સુરતની એક મહિલાએ આસારામ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે ૧૯૯૭થી ૨૦૦૬ દરમિયાન અમદાવાદ અને મોટેરા આશ્રમમાં આસારામે તેમનું શારીરિક શોષણ કર્યું હતું.

# ગુજરાત ૬ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં ત્રીજા ક્રમે: ૧૦ કરોડથી વધુ વૃક્ષારોપણનો લક્ષ્યાંક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૦૪ જૂન થી ૧૮ ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં ત્રીજા નંબરે સૌથી વધુ ૬.૦૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યના ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપ્યો છે.

જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તર પ્રદેશ ૩૨.૫૧ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ જ્યારે ૦૮ કરોડ સાથે રાજસ્થાન બીજા ક્રમે છે. આગામી સમયમાં સૌના સાથ સહકારથી આ અભિયાન હેઠળ કુલ ૧૦ કરોડથી વધુ વૃક્ષારોપણનો લક્ષ્યાંક સિદ્ધ કરવાનું ગુજરાત સરકારનું આયોજન છે.

સરકારના વૃક્ષારોપણ અભિયાન અંગે વન અને પર્યાવરણ પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, પ્રકૃતિની સાથે પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનમાં દેશમાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આ 'જન અભિયાન' પ્રસ્થાપિત થયું છે. ગુજરાતમાં પણ પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે ચોમાસાની ઋતુમાં વિવિધ સ્થળોએ રાજ્ય સરકાર દ્વારા 'વન મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે.

વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન બાદ સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તર પ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડથી વધુ વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશનાં અગ્રેસર રાજ્યોમાંથી એક છે તેમ કહી શકાય.

આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ જણાવી મુકેશભાઈ પટેલે આ અભિયાનમાં વધુમાં વધુ પર્યાવરણ પ્રેમી નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

વન રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, તા. ૧૮ ઓગસ્ટ-૨૦૨૫ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૫.૫૬ કરોડ જ્યારે શહેરી વિસ્તારમાં ૪૯ લાખ વૃક્ષો વાવવામાં આવ્યાં છે. જેમાં સૌથી વધુ કુલ ૬૧ લાખ વૃક્ષારોપણ સાથે રણ-સરહદી વિસ્તારની ઓળખ ધરાવતો બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ નંબર પર છે.

આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે તાપી જિલ્લામાં ૪૮ લાખથી વધુ, પંચમહાલમાં ૪૩ લાખથી વધુ, વલસાડમાં ૪૧ લાખથી વધુ, સાબરકાંઠામાં ૪૦ લાખથી વધુ જ્યારે ડાંગમાં ૩૫ લાખથી વધુ એમ કુલ ૩૩ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૦૬.૦૫ કરોડથી વધુ વૃક્ષો 'એક પેડ મા કે નામ' અભિયાનમાં વાવવામાં આવ્યા છે.

# વડોદરા કોર્પોરેશનને કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ હેઠળ વિશેષ ગ્રાન્ટ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને મૂડી રોકાણ માટે ખાસ સહાય આપવાની યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ ગ્રાન્ટ મેળવવા માટે, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને કેટલીક શરતોનું પાલન કરવું પડશે. આ અંગે ગુજરાતના શહેરી વિકાસ વિભાગે વડોદરા કોર્પોરેશનને જાણ કરી છે.

કેન્દ્ર સરકારનાં નાણાં મંત્રાલય અને હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલય દ્વારા આ યોજનાની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. આ યોજનાને બે ભાગમાં વહેંચવામાં આવી છે. જેમાં પ્રથમ ભાગમાં શાસન, નાણાં અને શહેરી આયોજનમાં સુધારા માટે રૂ. ૧૩,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. બીજા ભાગમાં 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' સુધારા માટે રૂ. ૫,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ ગ્રાન્ટ મેળવવા માટે, વડોદરા કોર્પોરેશને કેટલાક નિયમોનું પાલન કરવું પડશે. જેનું પાલન કર્યા બાદ જ વડોદરા કોર્પોરેશન આ મોટી ગ્રાન્ટ મેળવી શકશે, જે શહેરના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

તેમજ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં પાણી, ગટર અને વરસાદી પાણીના નિકાલના નેટવર્કનો જીઆઈએસ આધારિત નકશો તૈયાર કરવાનો રહેશે. કોર્પોરેશનની તમામ સરકારી મિલકતોનો ડિજિટલ નકશો અને યાદી બનાવવાની રહેશે. ઓગસ્ટના અંત સુધીમાં શહેરનું ડિજિટલ ટ્વિન મોડેલિંગ શરૂ કરવાનું રહેશે.એક યુનિક આઈડી સાથે નવું પ્રોપર્ટી ટેક્સ પોર્ટલ શરૂ કરવાનું રહેશે. કોર્પોરેશને આવક વધારવા માટે પગલાં લેવા પડશે, જેમાં ૧૦ ટકા આવક પ્રોપર્ટી ટેક્સ અને અન્ય માધ્યમોથી વધારવાનો લક્ષ્યાંક છે. આ અંગેનો વિગતવાર રિપોર્ટ પણ આપવાનો રહેશે. શહેરના ઐતિહાસિક સ્થળોને ફરી જીવંત કરવા પ્રયાસો કરવા અને સુરસાગર તળાવ આસપાસના પ્રોજેક્ટની વિગતો રાજ્ય સરકારને આપવાની રહેશે. તેમજ થીમ આધારિત ગ્રીનફિલ્ડ શહેરો અને પડોશ (નેબરહુડ) સુધારવા માટે એક્શન પ્લાન તૈયાર કરવો પડશે.

# ગુજરાતના માંડલ-બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજનમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પુરજોશમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: માંડલ બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન ખાતે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (વીજીઆરસી) પહેલાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યક્રમ માટે માંડલ બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી વિકાસલક્ષી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને વેગ આપી રહી છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ ઉત્તર ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે, જે કનેક્ટિવિટી, ક્ષમતા સાથે રોકાણને વેગ આપશે. નોંધનીય છે કે, આગામી ૯-૧૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણામાં ઉત્તર ગુજરાત માટેની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાશે. માંડલ બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઑથોરિટીએ તેની વિકાસલક્ષી પહેલ હેઠળ કેટલાક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. જેમાં અંદાજે રૂ. ૧૯૦ કરોડના રોકાણ સાથે ૩૩ કિમીના રસ્તાઓનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. લગભગ રૂ. ૫૦૦ કરોડના ખર્ચે પાણી પુરવઠો, ગટર અને ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલની પાઇપલાઇન જેવી સુવિધાઓ સાથે ૬૬ કિમીના ટાઉન પ્લાનિંગ રસ્તાઓનું બાંધકામ ચાલુ છે.

રૂ. ૭૦ કરોડની ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે માંડલ બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી કેટલાક પ્લાન્ટનું નિર્માણ પણ કરશે. જેમાં ૨૦ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો વધારાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૪થી ૧૫ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા ત્રણ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, ઉદ્યોગો માટે ૧૯ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો એક કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાત માટે મહેસાણામાં જે આગામી વીજીઆરસીનું આયોજન થવાનું છે તે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ મૉડેલનું વિસ્તરણ છે. આ કાર્યક્રમ કૃષિ, ડેરી, ફૂડ પ્રોસેસિંગ અને ઑટોમોબાઇલ ઉદ્યોગોમાં ઉત્તર ગુજરાતની આર્થિક ક્ષમતાને પ્રકાશિત કરશે. માંડલ બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન ખાતેની પ્રગતિ એ સૂચવે છે કે આ પ્રદેશ રોકાણ અને ઔદ્યોગિક વિકાસ માટે સજ્જ છે, જે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પણ ઝળકશે. વીજીઆરસીનો ઉદ્દેશ્ય વ્યાપક જાહેર ભાગીદારી અને પરસ્પર વિકાસને પ્રોત્સાહન આપવાનો છે, જે ગુજરાતના સમાવેશી ઔદ્યોગિક વિકાસના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

# 'ઑપરેશન અનામત': અમદાવાદમાં પૂર્વ આર્મી જવાનોએ ચક્કાજામ કર્યો

અમદાવાદ: ગુજરાતમાં ભૂતપૂર્વ સૈનિકો દ્વારા ચલાવવામાં આવી રહેલું 'ઓપરેશન અનામત' આંદોલન ૨૩માં દિવસે પણ ચાલુ રહ્યું હતું. ગાંધીનગરમાં 'ગુજરાત પૂર્વ સૈનિક સંગઠન' દ્વારા એક મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે ૫૦થી વધુ સૈનિકોની અટકાયત કરી હતી. આ મહારેલી માટે કોઈ પરવાનગી લેવામાં આવી ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. ગાંધીનગરમાં થયેલી અટકાયતથી રોષે ભરાયેલા ૧,૦૦૦ થી ૧,૫૦૦ ભૂતપૂર્વ સૈનિકો અમદાવાદ પહોંચ્યા હતા. તેમણે એરપોર્ટ સર્કલથી ઇન્દિરા બ્રિજ સુધીનો રસ્તો બંધ કરી દીધો હતો. જેના કારણે બે કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. આ ચક્કાજામના કારણે એરપોર્ટ પર આવતા-જતા મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડી હતી. અમારું આંદોલન ચાલુ જ રહેશે. અમારી અનેક માગણીઓ પેન્ડિંગ છે. આ બધાને લઈને અમે આંદોલન કરીશું. પોલીસે જણાવ્યું કે, પોલીસ દ્વારા માજી સૈનિકોને મહારેલી માટેની મંજૂરી આપવામાં આવી નથી. એના પગલે પોલીસે કાયદાકીય રીતે માજી સૈનિકોને ડિટેઇન કરવાની કાર્યવાહી કરી હતી. પોલીસે પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે પ્રયત્નો કર્યા અને કેટલાક સૈનિકોની અટકાયત પણ કરી હતી જોકે, ભૂતપૂર્વ સૈનિકો પોલીસની ગાડીમાં ઘૂસી ગયા અને અટકાયત કરાયેલા લોકોને બહાર કાઢ્યા હતો. અંતે, પોલીસે નરમ વલણ અપનાવીને અટકાયત કરાયેલા સૈનિકોને છોડી મૂક્યા અને વાતચીત દ્વારા મામલો શાંત પાડ્યો હતો. ત્યાર બાદ સૈનિકોએ રસ્તો ખુલ્લો કર્યો હતો.

# રાજકોટ જિલ્લામાં ૧૦૩ આંગણવાડી કેન્દ્રોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

અમદાવાદ: આંગણવાડી કેન્દ્રે બાળકોના સર્વાંગી વિકાસનું પ્રથમ પગથિયું છે. રાજ્ય સરકાર દ્વારા પણ બાળકોના સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. રાજ્યમાં વધુમાં વધુ આંગણવાડી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી રહી છે. આ દરમિયાન મહિલા અને બાળ કલ્યાણ પ્રધાન ભાનુબેન બાબરીયાના હસ્તે રાજકોટના લોધીકા તાલુકાના મેટોડા જીઆઈડીસી ખાતેથી જિલ્લામાં પ્રથમવાર એકસાથે કુલ ૧૦૯ આંગણવાડી કેન્દ્રોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂા. ૧૨.૩૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૧૦૩ આંગણવાડી કેન્દ્રોનું ખાતમુહૂર્ત અને રૂા. ૫૧ લાખના ખર્ચે નવનિર્મિત ૦૬ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે લોધીકા તાલુકામાં મેટોડા-૧, મેટોડા-૨, ખીરસરા-૨, હરીપરપાળ-૨ તથા કોટડાસાંગાણી તાલુકામાં કોટડાસાંગાણી-૫, જૂની મેંગણી-૨ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વધુમાં લોધીકા તાલુકામાં ૦૫, કોટડાસાંગાણી તાલુકામાં કુલ ૧૦, વિંછીયા તાલુકામાં ૦૯, જસદણ તાલુકામાં કુલ ૧૬, રાજકોટ (ગ્રામ્ય) તાલુકામાં ૧૩, જામકંડોરણા તાલુકામાં ૦૮, ઉપલેટા તાલુકામાં ૦૩, ગોંડલ તાલુકામાં ૧૯, જેતપુર તાલુકામાં ૧૪, ધોરાજી તાલુકામાં ૦૬ આંગણવાડી કેન્દ્રોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આમ જિલ્લામાં એકસાથે કુલ ૧૦૯ આંગણવાડી કેન્દ્રોને સુવિધાયુક્ત ભવન બનવા જઈ રહ્યા છે. જેના થકી બાળકો, કિશોરીઓ, સગર્ભાઓ અને ધાત્રી માતાઓને સુગમ્ય વાતાવરણમાં સરકારી યોજનાઓના લાભ મળી રહેશે.

# આણંદ-પેટલાદ હાઈવે પર ગમખ્વાર અકસ્માત: ત્રણ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં માર્ગ અકસ્માતો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આણંદ-પેટલાદ હાઇવે પર ગંભીર અકસ્માત સર્જાતાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. મળતી માહિતી મુજબ સોમવારે મોડીરાત્રે રામોદડી ઓવરબ્રિજ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોનાં ઘટનાસ્થળે અને એકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

ડિવાઇડર સાથે ભટકાઈને સ્વિફ્ટ પલટી ખાઈ ગઈ. મળતી માહિતી મુજબ, આણંદના વાસદથી તારાપુર તરફ જઈ રહેલી કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈને પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતની જાણ થતાં સ્થાનિકોએ તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને પી.એમ. અર્થે હોસ્પિટલ ખસેડીને આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકજામ થઈ ગયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારના દરવાજા અને પતરાં કાપીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ રૂપારામ અર્જુનરામ, સંપતરામ સુગનારામ અને અન્નારામ નૈનારામ તરીકે થઈ છે.

# સુરત શહેરમાં સાસરિયાના ત્રાસથી શિક્ષિકાએ આત્મહત્યા કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં વધુ એક શિક્ષિકાએ આત્મહત્યા કરી હતી. સાસરિયાના ત્રાસથી કંટાળી તેણીએ આ પગલું ભર્યું હતું. અમરોલી વિસ્તારમાં રહેતી અને શિક્ષિકા તરીકે ફરજ બજાવતી મહિલાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ૩૩ વર્ષીય શિક્ષિકાએ પતિ અને સાસરિયાંના માનસિક ત્રાસના કારણે આ પગલું ભર્યું હોવાના આરોપ સાથે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. મળતી વિગત અનુસાર શિક્ષિકાના લગ્ન પાંચ વર્ષ પહેલાં નિલેશ નારોલા સાથે થયા હતા. નિલેશ નારોલા સરથાણા વિસ્તારમાં ફિઝિયોથેરાપી ક્લિનિક ચલાવે છે. લગ્ન બાદથી જ મૃતક અને નિલેશ વચ્ચે નાની-નાની બાબતોમાં ઝઘડા થતા હતા. આ ઉપરાંત તેની સાસુ, સસરા અને નણંદ પણ તેને ત્રાસ આપતા હતા.

આ ત્રાસથી કંટાળીને શિક્ષિકાએ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ મૃતકના પરિવારના સભ્યોએ અમરોલી પોલીસ સ્ટેશનમાં સાસરિયાં વિરુદ્ધ આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી હતી.

# આણંદમાં મોર્નિંગ વોક પર નીકળેલા કૉંગ્રેસ નેતા ઈકબાલ મલેકની ઘાતકી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદ નગરપાલિકાના પૂર્વ કોંગ્રેસી કાઉન્સિલર ઇકબાલ મલેક ઉર્ફે બાલાની ધોળા દિવસે જાહેરમાં બાકરોલમાં હત્યા કરવામાં આવતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો. ઈકબાલ મલેક આણંદના બાકરોલમાં મોર્નિંગ વોક પર નીકળ્યા હતા તે દરમિયાન બાકરોલમાં આવેલા તળાવ નજીક ચપ્પુના ઘા ઝીંકીને તેની હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી હત્યારાઓને શોધવા માટે શોધખોળ શરૂ કરી છે. જો કે હત્યાનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

મળતી વિગતો અનુસાર કૉંગ્રેસનાં નેતા ઇકબાલ મલેક તેમના નિત્યક્રમ અનુસાર મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. આ દરમિયાન તેઓ બાકરોલ તળાવ નજીક વોક કરી રહ્યા હતા તે દરમિયાન કેટલાક અજાણ્યા શખસો તેમની નજીક આવ્યા હતા તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ દરમિયાન અજાણ્યા શખ્સોએ ચપ્પુના ઘા ઝીંકીને કૉંગ્રેસ નેતાની હત્યા કરી દીધી હતી. હત્યાના બનાવની જાણ થતાની સાથે નજીકના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા વાગવાથી ઇકબાલ મલેકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

આ હત્યાના બનાવ પર કૉંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટિવટ કરીને દુ:ખ વ્યક્ત કર્યું હતું અને કાયદો વ્યવસ્થા પર પ્રશ્નો કર્યા હતા. અમિત ચાવડાએ લખ્યું હતું કે, આણંદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર ઇકબાલભાઈ મલેકની જાહેરમાં કરપીણ હત્યાના સમાચાર અત્યંત આઘાતજનક છે. પરમાત્મા સ્વ.ઈકબાલભાઈના દિવ્ય આત્માને શાંતિ અને સદગતિ અર્પે સાથે તેમના પરિજનોને આ દુ:ખદ ઘડી સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના. ગજરાતમાં કાયદો વ્યવસ્થા પડી ભાંગી છે, પોલીસ અને સરકારનો ગુંડાઓને ડર નથી રહ્યો.તાત્કાલિક હત્યારાઓને પકડવામાં આવે અને કડક કાર્યવાહી કરવામાં આવે.

# નાશિકમાં ગળું દબાવી પત્નીની હત્યા કર્યા બાદ પતિની આત્મહત્યા

નાશિકઃ નાશિકમાં કોઇ બાબતે વિવાદ થતાં ગળું દબાવીને પત્નીની હત્યા કર્યા બાદ ૩૩ વર્ષના પતિએ આત્મહત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર નાશિકના અંબડ નજીક ચુંચલે વિસ્તારમાં મંગળવારે વહેલી સવારે આ ઘટના બની હતી.

રિક્ષાચાલક ચેતન નાના મડકરનો સોમવારે રાતના તેની પત્ની સ્વાતિ (૨૭) સાથે કોઇ બાબતે વિવાદ થયો હતો. આથી મંગળવારે વહેલી સવારે તેણે ઓઢણીથી ગળું દબાવીને સ્વાતિની હત્યા કરી હતી અને બાદમાં પોતે સાડીથી ગળાફાંસો ખાધો હતો. ચેતન મડકરને ત્રણ સંતાન છે અને તેના દારૂના વ્યસનને કારણે પત્ની સાથે તેનો વારંવાર ઝઘડો થતો હતો. સ્વાતિ થોડા દિવસ અગાઉ પોતાની માતાને ત્યાં રહેવા જતી રહી હતી.

જોકે પતિના વર્તનમાં કેટલાક સકારાત્મક ફેરફાર જોયા બાદ તે પાછી ફરી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ અંબડ પોલીસ સ્ટેશનમાં ચેતન વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# ભિવંડીમાં કેમિકલના ગોદામમાં ભીષણ આગઃ જાનહાનિ નહીં

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં કેમિકલના ગોદામમાં મંગળવારે ભીષણ આગ લાગી હતી. જોકે આગમાં કોઇ જાનહાનિ થઇ નહોતી. ભિવંડીના પૂર્ણા ગામમાં આવેલા ગોદામમાં મંગળવારે સવારે નવ વાગ્યાની આસપાસ આગ લાગી હતી, એમ ચીફ ફાયર ઓફિસર વિજય જાધવે જણાવ્યું હતું. આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું. આગને કારણે આ વિસ્તારમાં ધુમાડાના ગોટેગાટા નજરે પડતા હતા અને દુર્ગંધ પણ ફેલાઇ હતી.

# મહારાષ્ટ્ર સરકારે ૪૨ હજાર કરોડ રૂપિયાના એમઓયુ કર્યા

## ૨૮ હજારથી વધુ રોજગારીનું સર્જન કરવાના પ્રોજેક્ટ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે રાજ્યમાં ડેટા સેન્ટર અને સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ માટે વિવિધ કંપનીઓ સાથે રૂ.૪૨ હજાર ૮૯૩ કરોડના મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય ભારતની ડેટા સેન્ટર કેપિટલ અને સોલર એનર્જી ઇન્ટિગ્રેશન કેપિટલ તરીકે ઊભરી રહ્યું છે.

વિવિધ રોકાણો માટે આઠ એમઓયુ અને બે વ્યૂહાત્મક સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં વિદેશી રોકાણોને આકર્ષવા માટે યુકે સાથે ભાગીદારીનો સમાવેશ થાય છે.

૪૨ હજાર ૮૯૩ કરોડ રૂપિયાના આ એમઓયુથી ૨૮ હજાર ૫૫૮ રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે એમ જણાવવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ રોકાણ રોકાણકારોનો વિશ્વાસ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વનું પરિણામ છે.

ફડણવીસે રોકાણકારોને ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર પ્રોજેક્ટ્સના સરળ અમલીકરણની ખાતરી કરવા માટે શરૂઆતથી અંત સુધી સંપૂર્ણ ટેકો આપશે.

તેમણે રાજ્યના મહત્ત્વાકાંક્ષી હાઈપરલૂપ પ્રોજેક્ટ માટે નવેસરથી વેગવંતી બનવાની પણ જાહેરાત કરી હતી.

આ પ્રોજેક્ટ હવે આઈઆઈટી બોમ્બે અને આઈઆઈટી મદ્રાસની ભાગીદારીથી આગળ વધી રહ્યો છે.

મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ સોલાર પેનલના ઉત્પાદન માટે જ્યુપિટર ઈન્ટરનેશનલ લિમિટેડ સાથે રૂ.૧૦ હજાર ૯૦૦ કરોડના રોકાણથી ૮ હજાર ૩૦૮ નોકરીઓનું સર્જન કરવા, રોચક સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ સાથે રૂ.૨ હજાર ૫૦૮ કરોડના રોકાણ સાથે ડેટા સેન્ટર સ્થાપી ૧ હજાર રોજગારીનું સર્જન કરવા તેમજ રોવિસન ટેક હબ પ્રાઇવેટ લિમિટેડ સાથે રૂ. ૨ હજાર ૫૬૪ કરોડના ડેટા સેન્ટર પ્રોજેક્ટ થકી ૧ હજાર ૧૦૦ નોકરી ઉપલબ્ધ કરાવવા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વાઉ આયર્ન એન્ડ સ્ટીલ પ્રાઇવેટ લિમિટેડ સ્ટીલ ઉદ્યોગમાં રૂ.૪ હજાર ૩૦૦ કરોડના રોકાણથી ૧ હજાર ૫૦૦ નોકરી, વેબમિન્ટ ડિજિટલ પ્રાઇવેટ લિમિટેડ ડેટા સેન્ટરમાં રૂ. ૪ હજાર ૮૪૬ કરોડના રોકાણથી ૨ હજાર ૫૦ નોકરી, એટલાસ કોપકો ઔદ્યોગિક સાધનસામગ્રી ક્ષેત્રમાં રૂ.૫૭૫ કરોડના રોકાણથી ૩ હજાર ૪૦૦ નોકરી, એલએનકે ગ્રીન એનર્જી ગ્રીન એનર્જીમાં રૂ. ૪ હજાર ૭૦૦ કરોડના રોકાણથી ૨ હજાર ૫૦૦ નોકરી અને પ્રેસ્ટિજ એસ્ટેટ પ્રોજેક્ટ્સ લિમિટેડ ડેટા સેન્ટર્સ, લોજિસ્ટિક્સ અને રિયલ એસ્ટેટમાં રૂ. ૧૨ હજાર ૫૦૦ કરોડના રોકાણથી ૮ હજાર ૭૦૦ લોકોને નોકરી મળશે.

યુકે અને યુરોપના રોકાણને આકર્ષવા માટે ગ્લોબલ ઇન્ડિયા બિઝનેસ કોરિડોર સાથે વ્યૂહાત્મક કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# હત્યાના પ્રયાસના કેસમાં ફરાર ત્રણ આરોપી નવી મુંબઇથી પકડાયા

થાણેઃ હત્યાના પ્રયાસના કેસમાં ફરાર ત્રણ આરોપીને નવી મુંબઈ પોલીસે ઝડપી પાડી લોકઅપના સળિયા પાછળ ધકેલી દીધા હતા. એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે નવી મુંબઈના ઉલવે વિસ્તારમાંથી ત્રણેય આરોપીની ધરપકડ કરી હતી.

ઉલવે ખાતે રહેતી ત્રણ વ્યક્તિ ડ્રગ સંબંધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે તેમને પકડી પાડ્યા હતા. એએનસી યુનિટના સંદીપ નિગડેએ જણાવ્યું હતું કે ત્રણેય જણની પૂછપરછમાં તેઓ શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં દાખલ હત્યાના પ્રયાસના કેસમાં વોન્ટેડ છે. આરોપીઓની ઓળખ સિરાજ ફકિર કુરેશી ઉર્ફે સિદ્ધા (૨૭), આકાશ સુરેશ પટેલ (૩૦) અને વસિમ મોહંમદ અન્સારી (૨૫) તરીકે થઇ હતી, જેઓ ગોવંડીના રહેવાસી છે.

# માહિમમાં ૨૦ લાખના ડ્રગ્સ સાથે મહિલાની ધરપકડ

મુંબઈઃ માહિમ વિસ્તારમાં ૨૦ લાખ રૂપિયાનું ડ્રગ્સ વેચવા આવેલી ૩૦ વર્ષની મહિલાની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસે મળેલી માહિતીને આધારે મંગળવારે માહિમ-સાયન રોડ લિંક રોડ પર નયા નગર બ્રિજ ખાતે છટકું ગોઠવ્યું હતું અને ડ્રગ્સ વેચવા આવેલી મહિલાને તાબામાં લીધી હતી. મહિલાની ઓળખ ફૌઝિયા આઝમ રાહી તરીકે થઇ હતી, જેની પાસેથી ૨૦ લાખ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. મહિલા વિરુદ્ધ માહિમ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મહિલાએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે આવી હતી, તેની તપાસ કરાઇ રહી હોવાનું ઇન્સ્પેક્ટર આશિષ જાધવે જણાવ્યું હતું.

# સિંધુદુર્ગ ઍરપોર્ટ પર ફ્લાઇટ ફરી શરૂ કરવા પ્રધાનમંડળની મંજૂરીઃ નીતેશ રાણે

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે મંગળવારે તટ વિસ્તારના સિંધુદુર્ગ જિલ્લાના ચિપી એરપોર્ટ પર ફ્લાઇટ ઓપરેશન ફરી શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. ટેકનિકલ સમસ્યાઓના કારણે હાલ આ એરપોર્ટ કાર્યરત નથી. રાજ્યના પ્રધાન નીતેશ રાણેએ આ માહિતી આપી હતી. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે આ નિર્ણયથી કોંકણ ક્ષેત્રમાં પર્યટન અને કનેક્ટિવિટીને વેગ મળવાની અપેક્ષા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંત્રાલયમાં રાજ્ય પ્રધાન મંડળની બેઠક દરમિયાન આ મંજૂરી આપવામાં આવી હતી. બેઠક બાદ મીડિયાને સંબોધતા મત્સ્યોદ્યોગ અને બંદર વિકાસ પ્રધાન નીતેશ રાણેએ જણાવ્યું હતું કે ૨૭ ઓગસ્ટથી શરૂ થનારા ગણેશ ઉત્સવ પહેલા ચિપી એરપોર્ટ પર ફ્લાઇટ ફરી શરૂ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચિપી એરપોર્ટ ફરી શરૂ થવાથી મહારાષ્ટ્ર અને અન્ય સ્થળોએથી આવતા પ્રવાસીઓને ઘણો ફાયદો થશે. (પીટીઆઈ)

નવમા પાનાનું ચાલુ

### વસઈ-વિરારમાંથી

હતાં. વસઈમાં પાણીને કારણે અટવાયેલા નાગરિકોની મદદ માટે આવેલી ફાયર બ્રિગેડનું વાહન જ બંધ પડી ગયું હતું. વાહનને છોડી ફાયર બ્રિગેડના જવાનો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરીમાં લાગી ગયા હતા. અધિકૃત માહિતી અનુસાર વસઈ-વિરાર મહાપાલિકાની હદમાંથી ૪૯૭ જણનું કામચલાઉ ધોરણે સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવાયું હતું, જેમાંથી ૫૭ લોકોને બોટ્સની મદદથી સુરક્ષિત સ્થળે લઈ જવા પડ્યા હતા. નૅશનલ હાઈવે-૪૮ પર પણ અમુક સ્થળે પાણી ભરાયાં હતાં, જેને કારણે ટ્રાફિક ધીમી ગતિએ આગળ વધી રહ્યો હતો.

### પાણીથી બચ્ચા

કર્યો હતો, જેને પગલે સર્પમિત્રને પણ બોલાવવામાં આવ્યા હતા. રહેવાસીઓના કહેવા મુજબ સોમવારથી વરસાદે આફત લાવી દીધી છે. સોમવારથી જ અહીંનાં ઘરોમાં પાણી ભરાવા માંડ્યાં હતાં, જેને કારણે રાતનું ભોજન પણ રાંધી શકાયું નથી. રાતભર પાણી ઘરમાંથી બહાર કાઢવા જાગવું પડ્યું હતું. તેમાં મંગળવારે તો વરસાદે જાણે માઝા મૂકી હતી.

ઘરોમાં પાણી ભરાવાને કારણે ઘરવખરી અને કપડાંનું ઘણું નુકસાન થયું હોવાનું રહેવાસીઓનું કહેવું છે. પાણી સાથે નદીની ગંદકી પણ ઘસડાઈ આવી હોવાથી ઘરોમાં રહેવું મુશ્કેલ બની રહ્યું છે. બીજી બાજુ, સાવચેતી ખાતર આ પરિસરોનો વીજપ્રવાહ ખંડિત કરવામાં આવ્યો હોવાથી અંધારું ફેલાયેલું છે. આવામાં સાપ દેખાયાની વાતથી રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. જોકે પાણીના વેગ સાથે સાપ ફરી નદી તરફ તણાઈ ગયા હોવાની શક્યતા સર્પમિત્રે વ્યક્ત કરી હતી.

### મુંબઈમાં રેકોર્ડ

વહીવટીતંત્રે શૈક્ષણિક સંસ્થાઓ અને કચેરીઓ માટે રજા જાહેર કરી છે અને ખાનગી કચેરીઓને શક્ય હોય ત્યાં ઘરેથી કામ કરવાની મંજૂરી આપવા જણાવ્યું છે.

''પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. સાંજે ભરતી આવવાની શક્યતા છે અને અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. એનડીઆરએફ અને એસડીઆરએફ સતર્ક છે,'' એમ તેમણે કહ્યું. તેમણે વધુમાં કહ્યું કે ડેમમાંથી પાણી છોડવાના સંચાલન માટે પડોશી રાજ્યો સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે. ''અનિયંત્રિત કેચમેન્ટ વિસ્તારો ચિંતાનો વિષય છે'' . તેમણે જણાવ્યું હતું કે, એનડીઆરએફના નિયમો મુજબ, પશુધનના નુકસાન, ઘરના નુકસાન અને જાનહાનિ માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને નાણાકીય સહાય અંગે નિર્ણય લેવા માટે જિલ્લા કલેક્ટરોને અધિકૃત કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, પાકના નુકસાન માટે પંચનામા (સ્થળ નિરીક્ષણ) કરવા વહીવટીતંત્રને કહેવામાં આવ્યું છે.

### જહાજમાંથી પડેલાં

તારાપુર, વાનગાંવ, દહાણુ અને ઘોલવડ સહિત તમામ મરીન અને બે પોલીસને સતર્ક રહેવા માટે નિર્દેશ અપાયા હતા. આ સંદેશમાં એવી પણ સૂચના આપવામાં આવી છે કે જો કોઇ તરતાં કન્ટેઇનરો અથવા સંબંધિત સામગ્રીઓ સ્થાનિક માછીમારો, સમુદ્રકાંઠાના ગામવાસીઓ અથવા પેટ્રોલ ટીમોને મળી આવે તો તુરંત ભારતીય નૌસેના, તટરક્ષક દળ અથવા પાલઘર પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરવી.

### લાઈફલાઈન

સીએસએમટી અને કુર્લા વચ્ચે હાર્બર લાઇન પર તેની ઉપનગરીય સેવાઓ સ્થગિત કરી દીધી હતી. કેટલીક લાંબા અંતરની ટ્રેનોનું સમયપત્રક પણ ખોરવાઈ ગયું હતું,અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં મુસાફરોને અસુવિધા થઈ હતી અને ઘણા લોકોને ફસાયેલી ટ્રેનોમાંથી કૂદીને પાણી ભરાયેલા પાટા પરથી ચાલવાની ફરજ પડી હતી. કેટલીક જગ્યાએ નાગરિક કર્મચારીઓએ ફસાયેલા મુસાફરોને બિસ્કિટનું વિતરણ કર્યું હતું. મધ્ય રેલવે (સીઆર) એ ફસાયેલા મુસાફરોને મદદ કરવા માટે વિવિધ સ્ટેશનો પર હેલ્પ ડેસ્ક સ્થાપ્યા હતા.

એક મુસાફરે જણાવ્યું કે તેમની લોકલ ટ્રેન ઘાટકોપર નજીક અડધા કલાકથી વધુ સમય માટે ફસાઈ ગઈ હતી અને તેથી કેટલાક મુસાફરો નજીકના સ્ટેશન પર પહોંચવા માટે પાટા પર ઉતર્યા હતા. ટાટા હોસ્પિટલમાં કામ કરતી એક નર્સે જણાવ્યું કે તેમની ટ્રેન બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ત્રણ કલાકથી વધુ સમય સુધી પરેલ વિસ્તારમાં ઉભી રહી ગઈ હતી.

બીજા મુસાફરે કહ્યું કે લોકલ ટ્રેનો બંધ થવાને કારણે કેટલાક લોકોએ વૈકલ્પિક વિકલ્પ તરીકે મેટ્રો દ્વારા મુસાફરી કરવાનું પસંદ કર્યું હતું.

મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપિનલ નીલાએ જણાવ્યું હતું કે બપોરે ૩.૨૯ વાગ્યે ૨.૨ મીટરની ભરતી આવી હતી, પરંતુ સતત ભારે વરસાદ અને મીઠી નદીના સ્તરમાં વધારો થવાને કારણે સાયન-કુર્લા અને ચુનાભટ્ટી-કુર્લા સેક્શન વચ્ચેના પાટા પર પાણી હજુ ઓછું થયું નથી. એક સમયે, પાણીનું સ્તર પાટા ઉપર ૧૭ ઇંચ સુધી હતું,'' નીલાએ જણાવ્યું હતું કે, રેલ્વે અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા હતા.

તેમણે કહ્યું કે બાંદ્રા (પશ્ચિમ ઉપનગરોમાં) તરફની હાર્બર લાઇન સેવાઓ બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ ફરી શરુ કરવામાં આવી હતી અને વડાલા રોડ અને પછી સીએસએમટીથી ત્રણ સેવાઓ ચલાવવામાં આવી હતી. મધ્ય અને પશ્ચિમ રેલ્વે બંને રૂટ પર પરેલ, કરી રોડ, ભાયખલા, દાદર, માટુંગા રોડ, માહિમ અને અન્ય સ્થળોએ ટ્રેક બંધ હતા.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું હતું કે ટ્રેક બદલવાના પોઇન્ટમાં ટેકનિકલ ખામી અને માલ લાઇનમાં પાણી ભરાવાના કારણે તેમના નેટવર્ક પરની ઉપનગરીય સેવાઓ પણ પ્રભાવિત થઈ હતી. ''પશ્ચિમ રેલ્વે પર ઉપનગરીય સેવાઓ મોડી ચાલી રહી છે, પરંતુ સલામતી સ્તરથી ઉપર ક્યાંય પાણી ભરાયું નથી,'' તેમણે કહ્યું.

રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમના બસ સંચાલનને પણ ભારે અસર થઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે ડઝનેક બસ રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા, એમ બેસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે શહેર અને ઉપનગરોમાં વિવિધ સ્થળોએ પાણી ભરાઈ જવાને કારણે લગભગ એક ડઝન બસો અટવાઈ ગઈ હતી. (પીટીઆઈ)

### ચાર દિવસમાં

પાણી કરતાં બમણાથી વધુ પાણી છેલ્લા ચાર દિવસમાં પમ્પ કરવામાં આવ્યું છે. ૧૬ ઓગસ્ટ થી ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના ચાર દિવસના સમયગાળા દરમિયાન ઇરલા પમ્પિંગ સ્ટેશનમાંથી મહત્તમ વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આ સ્ટેશને ૩,૭૬૮.૪૮ મિલિયન લિટર પાણીનો નિકાલ કર્યો હતો .આ પછી ક્લીવલેન્ડ પોર્ટ પમ્પિંગ સ્ટેશન ૨,૯૦૬.૦૨ મિલિયન લિટર સાથે, ગજધરબંદ પમ્પિંગ સ્ટેશન ૨,૮૭૦.૧૧ મિલિયન લિટર સાથે, લવગ્રોવ પમ્પિંગ સ્ટેશન. ૨૮૨૬.૫૦ મિલિયન લિટર સાથે, હાજી અલી પમ્પિંગ સ્ટેશન ૨,૩૭૯.૭૮ મિલિયન લિટર સાથે અને બ્રિટાનિયા પમ્પિંગ સ્ટેશન ૧,૭૦૦.૬૭ મિલિયન લિટર સાથે આવે છે. આ તમામ છ પમ્પિંગ સ્ટેશનો દ્વારા ૧૬,૪૫૨.૫૫ મિલિયન લિટર પાણી પમ્પ કરવામાં આવ્યું હતું. ૧૬ ઓગસ્ટથી ૧૯ ઓગસ્ટ ૨૦૨૫ સુધીના ચાર દિવસના સમયગાળા દરમિયાન પાણી પમ્પિંગ માટે તમામ ૬ પમ્પિંગ સ્ટેશનોમાં કાર્યરત પમ્પ કુલ ૭૬૧ કલાક અને ૩૮ મિનિટ કામ કરી રહ્યા હતા. મુંબઈમાં પડતા વરસાદી પાણીના નિકાલ માટે, છ પમ્પિંગ સ્ટેશન કાર્યરત છે, જેમાં હાજી અલી, લવગ્રોવ (વર્લી), ક્લેવલેન્ડ બંદર (વર્લી ગામ), બ્રિટાનિયા (રે રોડ), ઇર્લ (જુહુ) અને ગજદરબંધ (સાન્તા ક્રુઝ) ખાતે એક-એક પમ્પ છે, અને આમાં કુલ ૪૩ પમ્પ કાર્યરત છે. આ પમ્પ કમ્પ્યુટર સિસ્ટમ દ્વારા સંચાલિત થાય છે, જેમાં પમ્પિંગ સ્ટેશનોમાં વહેતા વરસાદ અને પાણીની માત્રાને ધ્યાનમાં રાખવામાં આવે છે.

### મીઠી નદીમાં પૂર

વરસાદની યાદ અપાવી દીધી હતી. મીઠી નદીએ ભયજનક સપાટી વટાવવાને કારણે તે સમયે મુંબઈમાં પૂર આવી ગયાં હતાં. કદાચ પહેલી વાર મુંબઈગરાઓએ રસ્તા પર ભરાયેલાં પાણી પર બોટ ફરતી જોઈ હતી. બોટની મદદથી અનેક ઠેકાણેથી લોકોને બચાવવામાં આવ્યા હતા. પરિણામે મંગળવારે નદીમાં પાણીનું સ્તર વધી રહ્યું હોવાનું જણાતાં પાલિકા દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું.

નદીમાં પાણીનું સ્તર વધવાને કારણે કિનારાના પરિસર ક્રાંતિનગરમાં પાણી ભરાયાં હતાં. સતર્કતા ખાતર પાલિકાએ ૫૦૦ રહેવાસીઓને એ પરિસરમાંથી ખસેડી લીધા હતા અને નજીકની પાલિકાની મગનદાસ મથુરામ મનપા સ્કૂલમાં તેમને કામચલાઉ આશરો આપ્યો હતો. ત્યાં નાગરિકોના ભોજનની વ્યવસ્થા પણ મહાપાલિકા દ્વારા કરવામાં આવી હતી. મીઠી નદીમાં છલોછલ ભરાતાં ધસમસતાં પાણી કુર્લા નજીકના એલબીએસ રોડ પર આવી ગયાં હતાં, જેને કારણે બેસ્ટની બસો બંધ પડી ગઈ હતી. ડરી ગયેલા લોકો જીવ બચાવવા બસની છત પર ચઢી ગયા હતા. નજરે જોનારાઓના કહેવા મુજબ ૨૬ જુલાઈના વરસાદમાં પણ અનેક લોકોએ બસના છાપરા પર ચઢીને પોતાના જીવ બચાવ્યા હતા. મુશળધાર વરસાદે નદીને છલકાવી દેતાં કુર્લા, સાયન, થાણે સહિત અનેક વિસ્તારોમાં પાણી ઘસી આવ્યાં હતાં. રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેને કારણે વાહનોની રફતાર ધીમી પડી હતી. સેન્ટ્રલ રેલવેની મેઈન લાઈન અને હાર્બર લાઈનની ટ્રેનો બંધ પડી હતી તો વેસ્ટર્ન લાઈનમાં વિરારથી વસઈ સુધી ટ્રેનસેવા ઠપ થઈ હતી. ટ્રેનો બંધ અને રસ્તાઓ પર પાણીને કારણે નોકરિયાતો રઝળી પડ્યા હતા.

### બેસ્ટે વધારાની

બસ દોડાવવામાં આવી હતી, જેથી મુસાફરો તેમના નિયત સ્થળે પહોંચી શકે. જોકે વરસાદને કારણે બેસ્ટની બસોના માર્ગમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી.

લગભગ ૧૦૦ જેટલા રૂટ પરની બસને અન્ય માર્ગે વાળવામાં આવી હતી. મુંબઈમાં ૩૦થી વધુ સ્થળે પાણી ભરાવાને કારણે તે માર્ગ પરની બસોને અન્યત્ર વાળવામાં આવી હતી. સવારે છ વાગ્યાથી જ રસ્તા પર પાણી ભરાવાનું શરૂ થઈ જતાં બસસેવાને અસર થઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### પુણેના ખડકવાસલા

રાખીને, સાંજે ૫ વાગ્યાથી તેને વધારીને ૨૫,૬૨૬ ક્યુસેક કરવામાં આવશે,'' સિંચાઈ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કેચમેન્ટ વિસ્તારોમાં વરસાદની ગતિવિધિને ધ્યાનમાં લેતા, પાણીનો પ્રવાહ વધવાની શક્યતા છે, અને નદી કિનારે રહેતા લોકોએ સતર્ક રહેવું જોઈએ.

જિલ્લા કલેક્ટર જિતેન્દ્ર ડુડીએ જણાવ્યું હતું કે હવામાન વિભાગે પુણે જિલ્લાના ઘાટ વિભાગો માટે રેડ એલર્ટ જારી કર્યું છે. ''જો ભારે વરસાદ ચાલુ રહેશે અને ડેમમાંથી વધુ પાણી છોડવાની જરૂર પડશે, તો નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે,'' તેમણે કહ્યું.

# હિન્દુ મરણ

**અંકલેશ્વર મોઢ વણિક**

અંકલેશ્વર નિવાસી હાલ મુંબઈ નૈષધ બાબુલાલ કાપડિયા (ઉં. ૬૯). તે સ્વ. બાબુલાલ તથા સ્વ. જયશ્રીબેન કાપડિયાના પુત્ર તા. ૧૯-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે મીનળબેનના પતિ. દેવાંગભાઈ, અમીશભાઈ, નીલાબેનના ભાઈ. દિશા, ધરાના પિતા. જય, શૈલના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૫ના રોજ આજીવાસન હોલ, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ)માં ૫થી ૭ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ નાગ્રેચાવાળા ગં.સ્વ. ગંગાબેન મોનજી ખાંટના સુપુત્ર સ્વ. હરિશ મોનજી ખાંટ (ઉં. વ. ૭૨) હાલે હૈદરાબાદ તે હર્ષાબેનના પતિ. તે હિતેશ, અમિત, અ.સૌ. પ્રિતી દર્શન રૂપારેલના પિતાશ્રી. નરહરિ લખમશી રૂપારેલના જમાઈ. તે રામ, કૃષ્ણાના બનેવી. તે ગં.સ્વ. ચંદ્રબાળા લીલાધર બલિયા, મુકેશ, ભરત, હંસરાજ, ગં.સ્વ. રક્ષાબેન વિજય રુખાણાના ભાઈ તા. ૧૭-૮-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૧-૮-૨૫ના સિંધી ભવન, સિકંદરાબાદ મધે સાંજે ૪ થી ૪.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદ (વાંઢ)વાળા હાલ કાંદિવલી, સ્વ. હેમલતાબેન દ્વારકાદાસ દુલ્લભદાસ ગોરડિયાના સુપુત્ર હિતેન્દ્ર (ઉં. વ. ૬૬) સોમવાર, તા. ૧૮-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. અ.સૌ. ઝરણા કેનિઝ ઝવેરી, અ.સૌ. કોમળ દર્શન શાહ તથા ચિરાગના પિતાશ્રી. સ્વ. બિપીનભાઈ, પંકજભાઈ તથા અ.સૌ. શૈલા જીતેન્દ્ર ચિતલિયાના ભાઈ. રાજુલાવાળા ભાનુમતી કાંતિલાલ ભુતાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૫ને ગુરુવારના ૫ થી ૭. સ્થળઃ 'કેવળબાગ', ગ્રાઉન્ડ ફ્લોર, ૫, કિલાચંદ રોડ, જેઠવા નગર, કાંદિવલી વેસ્ટ.

**ભાવનગરી મોચી**

અ.નિ. મગનભાઈ ગોહિલ (ઉં. વ. ૮૯) દેવલી નિવાસી તા. ૧૭-૮-૨૫, રવિવારે રામશરણ પામ્યા છે. હાલ મુંબઈ સ્વ. અંબાબેન તથા ભીખાભાઈ માવજીભાઈ ગોહિલના પુત્ર. તે પુષ્પાબેનના પતિ. સ્વ. જીવણભાઈના ભાઈ. પાલીતાણા નિવાસી સ્વ. શાંતાબેન રણછોડભાઈ રામજીભાઈ ચૌહાણના જમાઈ. નીતુભાઈ, સ્વ. મનોજભાઈ, સ્વ. સરોજબેન, સ્વ. મીનાબેન, હર્ષાબેન, જયશ્રીબેનના પિતાશ્રી. પુજાબેન, ઈલાબેન, રજનીકાંત, હરેશકુમાર, વસંતકુમાર, પ્રદીપકુમારના સસરા. નટુભાઈ, રમેશભાઈ, ગણપતભાઈના કાકા. પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૫, ગુરુવારે સાંજના ૪ થી ૬, કુંભારવાડા ૧લી ગલ્લી, નાગેશ્વર હોલ, ગોળદેવળની સામે, મુંબઈ-૪૦૦૦૦૪.

**કપોળ**

ભાડવાંકિયાવાળા હાલ ઘાટકોપર, સ્વ. ઈચ્છાબેન દુર્લભદાસ મોદીના પુત્ર મુકુંદભાઈ (ઉં. વ. ૮૧) તે સ્વ. ધીરુભાઈ, રમેશભાઈ, જયસુખભાઇ, ગુલાબબેન, રંજનબેન, સ્વ. લતાબેનના ભાઈ. ઉષાબેનના દિયર. ભાવનાબેન અને વર્ષાબેનના જેઠ તા. ૧૮/૮/૨૫ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. મોસાળપક્ષ સ્વ. ભગવાનદાસ માધવજી ભુવાના ભાણેજ. પ્રાર્થનાસભા અને સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ બોરીવલી, મંગળાબહેન વરજીવનદાસ મહેતાના પુત્રવધૂ. અ. સૌ. રજનીબહેન (ઉં. વ. ૭૮) તા. ૧૯-૮-૨૫ને મંગળવાર શ્રીજીચરણ પામેલ છે, તે શરદચંદ્ર મેહતાનાં ધર્મપત્ની, સંદીપ, નિલેશ, નેહલના માતૃશ્રી. હર્ષાબહેન, સ્વ. લતાબહેન, જયેશકુમારના સાસુ. ગં. સ્વ. ઉષાબેન હરેશભાઈ મેહતાના ભાભી. અમરેલીવાળા બાબુલાલ વેલજી વોરાના દીકરી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૫ને ગુરૂવાર ૫ થી ૭. જાસ્મિન બેન્કવેટ, રઘુલીલા મેઘા મોલ, ૪ થા માળે, પોઈસર બસ ડેપોની પાછળ, કાંદિવલી વેસ્ટ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વિશા મોઢ**

મૂળ ગામ ધંધુકા નિવાસી હાલ કાંદિવલી નયના (નીના) અનિલકુમાર શાહ (ઉં. વ. ૭૪) તા. ૧૮-૮-૨૫ના સોમવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે પિલવાઈ નિવાસી સ્વ. કાંતિલાલ લલ્લુભાઈ શાહનાં સુપુત્રી. પ્રીતિ પરાગ શાહ, મેઘના હિતેન જોષી, અમી ચિંતન શાહનાં માતા. મંદ્રા, હર્ષા, રીટાનાં ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૫ના ગુરૂવારે ૪ થી ૬. ઠે. કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટ, એસ.વી. રોડ, શંકરમંદિરની બાજુમાં, કાંદિવલી (પ.).

# પારસી મરણ

પેરીન બાજી (બરજોરજી) પટેલ (ઉં. વ. ૮૯) તા. ૧૮-૮-૨૫એ ગુજરી ગયા છે. તે બાજી (બરજોરજી) પટેલના વાઈફ. પૌરુષ્ય, ફ્રેનકના મધર. મહેરનાઝ, હુફ્રીદના સાસુ. મરહૂમ તેમુલ હટારિયાના બહેન. મરહૂમ ખુરશેદજી સી. પટેલ અને મરહૂમ પિરોજાના વહુ.

કેટી કેકી પાવરી તે કેકી રૂસ્તમજી પાવરીના ધણીયાણી. તે શાહરુખ, પોઉરૂસસ્પ તથા વીરાફના માતાજી. તે મરહુમો ખોરશેદ નાદરશાહ મોગલ ઉદવાડેવાલાના દીકરી. તે મરહુમો નરગીસ તથા રૂસ્તમજી અરદેશર પાવરીના વહુ. તે વાબીઝ શાહરૂખ પાવરી, કેશમીરા પોઉરૂસસ્પ પાવરી તથા કેશમીરા વીરાફ પાવરીના સાસુજી. તે કેકોબાદ તથા મરહુમો ફરદુનજી, માણેક મી. ભાદા, મીનોચહેર, રતનશાહ ટેહમી રૂસી બીલીમોર્યા, સોરાબ તથા ગુલાના બહેન. (ઉં. વ. ૮૬) રે.ઠે. આદમ મહલ, સી બ્લોક, બીજા માળે, ૧૪૩, તારદેવ, મુંબઈ-૩૪. ઉઠમણાંની ક્રિયાઃ ગુરુવાર, તા. ૨૧-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલા બંગલી, ડુંગરવાડી, મુંબઈ.

કેટી દારાયસ ભાઠેના તે મરહુમ દારાયસ અરદેશીર ભાઠેના તે મરહુમો નાજુ તથા શાવક મહેતાના દીકરી. તે ફરાદ, નવાઝ ને ઝોરૂના માતાજી. તે મરહુમ બોમી મહેતાના બહેન. તે ન્યોમી, કાયલીન, મીશેલ ને તાનીયાના બપયજી. તે આલીયાના મમયજી. (ઉં. વ. ૮૫) રે.ઠે. ટી-૧૪૯, મેહેરાબાદ, આઝાદ રોડ, જુહુ, કોલીવાડા, મુંબઈ-૪૦૦૦૪૯. ઉઠમણાંની ક્રિયાઃ બુધવાર, તા. ૨૦-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે, બાંદ્રા, ટાટા અગ્યારીમાં છે.

# જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ચોટીલા નિવાસી, હાલ કાંદીવલી, જ્યોત્સનાબેન (જયશ્રીબેન) (ઉં. વ. ૮૩) તે સ્વ. નટવરલાલ મનસુખલાલના ધર્મપત્ની. જયસુખભાઈ, પ્રફુલભાઈ, પ્રવીણભાઈ, બીપીનભાઈ, સ્વ. નિર્મળાબેન, દલસુખલાલ-સુરેખાબેન કમલેશકુમાર-જાગૃતિબેનના ભાભી. ભારતીબેન, અરૂણાબેન, જ્યોત્સનાબેન, પલ્લવીબેનના જેઠાણી. પૂર્વિ-પાયલ-નિરવના કાકી. પિયર પક્ષે વિનોદભાઈ, મધુકાન્તભાઈ, મીનાબેન (ભારતીબેન) મહેન્દ્રભાઈ ગાંધી, હંસાબેન પંકજભાઈ બદાણીના બેન. વિસાવદર નિવાસી સ્વ. કાન્તીલાલ શામળજી ગાઠાણીના પુત્રી તા. ૧૮-૮-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ભુમી એન્કલેવ - મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી, હાલ મલાડ, સ્વ. અરૂણભાઈ નટવરલાલ ગાંધીના ધર્મપત્ની ગં.સ્વ. જ્યોતિબેન ગાંધી (ઉં. વ. ૮૧) તા. ૧૫-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રવિ તથા જુલીના માતુશ્રી. તેજલ અને આશિષભાઈના સાસુ. સ્વ. કિશોરભાઈ, જીતુભાઈ, અનિલભાઈ, સ્વ. અશ્વિનભાઈ, મહેન્દ્રભાઈ તથા સ્વ. જયેશભાઈના ભાભી. સ્વ. સુખલાલભાઈ અને સ્વ. વિજયાબેન શેઠના દીકરી. સ્વ. મનહરભાઈ અને સ્વ. નવનીતભાઈના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ખેતરવસી (શામળાજીની શેરી) કેતન (ઉં. વ. ૬૩) ભારતીબેન તથા સ્વ. મહેન્દ્રભાઈ હીરાલાલ શાહના સુપુત્ર તા. ૧૮-૮-૨૫ના રોજ મુંબઈ મુકામે અરિહંતશરણ પામ્યા છે. મનીષાબેનના પતિ. શ્વેતા અને હર્ષીલના પિતા. સમીપકુમાર અને આશ્મીનાના સસરા. ધ્વીરના દાદા. સ્વ. મેહુલભાઈ તથા સ્વ. નિખિલભાઈના ભાઈ. નવનીનભાઈ ચંપકલાલ જવેરીના જમાઈ. ઠે. ૭૭/૩૯, પાટણ જૈન મંડળ, એફ રોડ, મરીનડ્રાઈવ, મું-૨૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભોકરવા નિવાસી, હાલ મુંબઈ, બળવંતરાય શામળજી લાખાણીના ધર્મપત્ની મયુરીબેન (રીટાબેન) (ઉં. વ. ૬૬) તા. ૧૮-૮-૨૫ના સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. ચિ. અક્ષીત, ચિ. વિશાલના માતુશ્રી. શ્રુતી અને નુપુરના સાસુ. સ્વ. શાંતાબેન શામળજી લાખાણીના પુત્રવધૂ. આંબા નિવાસી હાલ સાયન (મુંબઈ) શાહ છગનલાલ લક્ષ્મીચંદની સુપુત્રી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી રાયણના લીલાવંતી ધીરજ છેડા (ઉં. વ. ૮૧) તા. ૧૮-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ધીરજના ધર્મપત્ની. માતુશ્રી પ્રભાબેન પ્રેમજી કાનજી છેડાના પુત્રવધૂ. મીના, જેવંતી, પદમ, પ્રશાંતના માતુશ્રી. રાયણના હીરબાઇ વીરજી અરજણના સુપુત્રી. રાયણના ચંચળબેન દામજી ઓભાયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. એડ્રેસ : પદમ છેડા, ૧૪/૧૫, કાશીમા બીલ્ડીંગ, મણીબાગ, દામાણી એસ્ટેટની સામે, એલ.બી.એસ. માર્ગ, થાણા (વેસ્ટ), થાણા-૪૦૦૬૦૨.

બિદડાના નાનજી (રતીલાલ) શામજી ગાલા (ઉં. વ. ૯૧) બેંગ્લોર મુકામે તા. ૧૭-૮-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મીઠાબાઇ/ગાંગબાઇ શામજી ધારશી ગાલાના સુપુત્ર. દમયંતીના પતિ. જયેશ, હર્ષીકા (કાજલ)ના પિતા. કાંડાગરાના મમીબાઇ ખીમજી હંસરાજ છેડાના જમાઇ. સંસાર પક્ષે પ.પૂ. આત્મગુણાશ્રીજી મ.સા., બિદડાના રામજી, કલ્યાણજી, દામજી, નેમજી, દેવચંદ, વીરેન્દ્ર, મણીબેન લક્ષ્મીચંદ ઉમરશી, ફરાદીના મધુબેન પ્રેમચંદ શામજી, શેરડીના સુમતિ પ્રેમજી લાલજી, બિદડાના યશવંતી પરીમલ નાનજીના ભાઇ. દેહદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ ગાલા, નં. ૪૦, ૧૩મો રસ્તો, સાઇબાબા મંદિર રોડ, જે.પી.નગર, ૭મો ફેઝ, બેંગ્લોર-૫૬૦૦૭૮.

નવીનાર હાલે પૂનાના શ્રી પ્રફુલભાઇ પોપટલાલ વોરા (ઉં. વ. ૭૯) તા. ૧૧-૮-૨૫ દેહ ત્યાગ કરેલ છે. પલ્લવીબેનના પતિ. માતુશ્રી મણીબેન પોપટલાલ ભવાનજીના સુપુત્ર. લાખાપરના માતુશ્રી સાકરબેન દામજી લાલજી શેઠીયા (પરલી)ના જમાઇ. પરાગ અને ઝીતલના પિતા. નાના ભાડીયાના નયના ભરત વીરાના ભાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. સરનામું : પલ્લવી છેડા, ૫એ/વિસાવા, ગુરૂકુલ સોસાયટી, ડી.પી.રોડ, ઓંધ, પૂના-૪૧૧૦૩૮.

નવીનારના અમૃતલાલ ધરોડ (ઉં. વ. ૭૬) ૧૮-૮ના અરિહંત શરણ પામેલ છે. મા. ઉમરબાઇ મુરજીના સુપુત્ર. જયવંતીના પતિ. ચિરાગ, હેતલના પિતાશ્રી. મોરારજી, આણંદજી, રાણબાઇ, વિમળા (વેલબાઇ), રૂખમણી, મણીલાલના ભાઇ. મુરીબાઇ મમીબાઇ ભાણજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમૃતલાલ ધરોડ, બી-૪૦૩, પાવાપુરી, એમ.જી.ક્રોસ રોડ, બોરીવલી (ઇસ્ટ) મું. ૬૬.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# જીએસટીની લહાણી તહેવારોની ઘરાકી બગાડશે?

કવર સ્ટોરી__નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**જીએસટી સ્લેબના સૂચિત ફેરફારને કારણે અનેક વસ્તુઓ સસ્તી થવાની શક્યતા વચ્ચે એક તરફ ગ્રાહકો રાજીના રેડ થઇ ગયા છે, ત્યારે બીજી તરફ નવા ફેરફારના અમલીકરણ અંગેની અસ્પષ્ટતાને કારણે કૂલિંગ એપ્લાયન્સેસના ઉત્પાદકો ઠૂંઠવાઇ રહ્યાં છે! આ મોસમ તેમને તારશે કે ડૂબાડશે?**




સરકારે જ્યારથી જીએસટી એટલે કે ગુડસ એન્ડ સર્વિસીસ ટેક્સના સ્લેબમાં ફેરફરા કરવાની જાહેરાત કરી છે ત્યારથી આમજનતામાં આનંદની લાગણી પ્રસરી છે. અર્થવિશ્લેષકોએ જીએસટીમાં સૂચિત ફેરફારથી કેટકેટલી વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે એની યાદી જાહેર કરી દીધી છે, જ્યારે શેરબજારના માર્કેટ એનાલિસ્ટ્સે નવા ફેરફારથી કેટલી અને કઇ કંપનીઓને આનાથી લાભ થશે અને તેની શેર પર કેવી અસર થશે એનાં વિશ્લેષણો રજૂ કરવામાં આવ્યાં છે.

શેરબજારમાં તાજેતરમાં જે સુધારો અને ઉછાળો જોવા મળ્યો છે તેની પાછળનું એક સૌથી મોટું પ્રેરકબળ આ જીએસટીની જાહેરાત જ છે. નોંધવું રહ્યું કે આજે જ્યારે અમેરિકા ટેરિફ વોરને નામે ભારતને દબાવવા પ્રયાસ કરી રહ્યું છે ત્યારે જીએસટીના ફેરફારો ખૂબ જ વ્યૂહાત્મક રીતે અને વ્યૂહાત્મક સમયે જાહેર કરવામાં આવ્યા છે.

જીએસટી દરોને તર્કસંગત બનાવવા સરકારે પંદરમી ઓગસ્ટના રોજ કરેલી જાહેરાત અનુસાર પ્રસ્તાવિત ફેરફારો ૯૯ ટકા વસ્તુઓને ૧૨ ટકાના સ્લેબમાંથી પાંચ ટકાના નીચલા સ્લેબમાં ખસેડાશે, જ્યારે એર-કંડિશનર અને અન્ય ડ્યુરેબલ ચીજવસ્તુઓ પરનો ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવશે.

અર્થવિશ્લેષકો માને છે કે, સરકારની ઉપરોક્ત જાહેરાતથી ગ્રાહકોમાં આનંદની લાગણી પ્રવર્તી છે, તો ચોક્કસ ઉત્પાદકો, વિતરકો અને રિટેલર્સની ચિંતા વધી છે. એક વર્ગ માને છે કે, ખરીદદારો જીએસટીના સૂચિત ફેરફારને કારણે ભાવ ઘટવાની અપેક્ષાએ ખરીદીમાં વિલંબ કરી શકે છે, જેના કારણે કંપનીઓને મુખ્ય વેચાણ સમયગાળા દરમિયાન નબળી માગનો સામનો કરવો પડશે.

આમ તહેવારોની મોસમમાં એપ્લાયન્સેસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના વેચાણમાં ઘટાડો થઈ શકે છે! આ પગલાં લાગુ થયા પછી ખાસ કરીને પેકેજ્ડ માલ, સ્ટેપલ, ટેલિવિઝન, મોબાઇલ અને કૂલિંગ ઉપકરણોને વધુ સસ્તું બનાવી શકે છે.

આખી વાતમાં મુખ્ય સમસ્યા એ છે કે, જીએસટીના ફેરફારોના અમલની સમયરેખા હજુ પણ અસ્પષ્ટ હોવાથી, ટૂંકા ગાળામાં વિક્ષેપ સર્જાવાની શક્યતા છે. ખાસ કરીને રૂમ એર-કંડિશનર (આરએમસી) માટે જોખમ ખાસ કરીને ઊંચું છે.

જો સરકાર ઓછામાં ઓછું ૧૫ સપ્ટેમ્બર સુધીમાં કાપની જાહેરાત નહીં કરે, તો લોકો કાપની અપેક્ષા રાખીને ખરીદી બંધ કરી દેશે. આરએમસી કંપનીઓ માટે, તહેવારોની મોસમ પૂરી થઇ જશે તો તેમણે આવતા વર્ષે માર્ચ સુધી રાહ જોવી પડશે, કારણ કે શિયાળાના મહિનાઓમાં ખરીદી ઓછી રહેશે.

સ્વાભાવિક રીતે આની અસર વિતરકો પર પણ પડી શકે છે. સુધારેલા જીએસટી દરો સાથે સારી કિંમતો મેળવવા માટે ચેનલો પણ ખરીદી બંધ કરી શકે છે અને તેથી અમે અપેક્ષા રાખીએ છીએ કે એપ્લાયન્સેસ ઉત્પાદકો માટે ખાસ કરીને આરએમસી કેટેગરી માટે બીજો ત્રિમાસિક સમયગાળો ખૂબ જ ખરાબ રહેવાની આશંકા ચર્ચાઇ રહી છે.

એક રીટેલરે જણાવ્યું હતું કે જો જીએસટીનો ઘટાડો ટૂંક સમયમાં અમલમાં આવશે એવો ગ્રાહકો વિશ્વાસ કરી લે, તો ખાસ કરીને એર કન્ડિશનર, રેફ્રિજરેટર અથવા પ્રીમિયમ ડ્યુરેબલ્સ જેવી મોંઘી અને ભાવ સંવેદનશીલ જ ણસોની ખરીદીમાં થોડો વિલંબ થવાનું જોખમ ઝળુંબી રહ્યું છે.

ખાસ કરીને ટાયર-૧ અને ટાયર-૨ શહેરોમાં ભારતીયો ચીજવસ્તુઓના ભાવ અંગે ખૂબ જ સંવેદનશીલ છે તે જોતાં બેથી પાંચ ટકાનો સંભવિત ભાવ ઘટાડો પણ ખરીદીના સમયને પાછળ ઠેલવા માટે પર્યાપ્ત છે. અલબત્ત, અલગ અલગ કેટેગરીમાં આ અસર એકસમાન ન પણ હોઈ શકે!

આવશ્યક ચીજવસ્તુઓ અને એફએમસીજી જેવી રોજિંદી આઇટમોની ખરીદી મુલતવી રહેવાની શક્યતા ઓછી છે, જ્યારે જેના વગર કામ ચાલી શકે એવી મોંઘી અને ડ્યુરેબલ શ્રેણીમાં આવતી વસ્તુઓ માટે, જીએસટીના અમલીકરણ સમયરેખા સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી ગ્રાહકો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી શકે છે.

જો સરકાર તહેવારોની મોસમ પછીની તારીખ નક્કી કરે છે, તો તે તહેવારોની માગને કામચલાઉ ધોરણે નરમ કરી શકે છે. બીજી બાજુ, જો જીએસટી સંબંધિત કાપ દિવાળી પહેલા અથવા દરમિયાન અમલી બનવાનો હોય, તો ખરેખર માગમાં વધારો પણ થઇ શકે છે!

ઉત્પાદકો સ્વીકારે છે કે આ અનિશ્ચિતતા ખરીદીના વર્તનને બદલી શકે છે. એક ટોચના ઉદ્યોગ ગૃહના એપ્લાયન્સિસ બિઝનેસના બિઝનેસ હેડે જણાવ્યું હતું કે દિવાળીની આસપાસ અમલમાં આવનારા સુધારેલા દરો ગ્રાહકોની ખરીદીની યોજનામાં ફેરફાર કરી શકે છે. દિવાળીની આસપાસ સુધારેલા દરોનો અમલ થવાની અપેક્ષા હોવાથી, તહેવારોની ઓફર અને સરળ ફાઇનાન્સિંગ યોજનાઓ સાથે હાલ લેવાલી મુલતવી રાખવામાં આવે અને તહેવારોના મહિનાઓ દરમિયાન તે જ રીતે પિકઅપ થાય એવી સંભાવના છે.

જોકે, કેટલાક અપેક્ષા રાખે છે કે અનિશ્ચિતતા છતાં તહેવારોનું વેચાણ સ્થિર રહી શકે છે. એક ટોચના વિતરકે કહ્યું હતું કે, ઘણા ગ્રાહકો તહેવારોની ખરીદીમાં વિલંબ કરવા માગતા નથી. ગ્રાહકોમાં થોડો ખચકાટ હોઈ શકે છે, પરંતુ ઘણા લોકો તહેવારોની ખરીદીમાં વિલંબ કરે તેવી શક્યતા નથી.

કોઈપણ દરમાં ફેરફાર અમલમાં આવવામાં સમય લાગી શકે છે, અને વાસ્તવિક લાભો તાત્કાલિક પસાર થઈ શકશે નહીં. અસર મર્યાદિત હોઈ શકે છે. એકંદર આવશ્યક અથવા સમય-સંવેદનશીલ ખરીદીઓ માટે તહેવારોની માગ સ્થિતિસ્થાપક રહી શકે છે.

આ ઉપાધિ એવા સમયે સર્જાઇ છે, જ્યારે કૂલિંગ એપ્લાયન્સેસના ઉત્પાદકો પહેલાથી જ દબાણ હેઠળ છે. માર્ચ અને એપ્રિલમાં અનિયમિત હવામાન અને કમોસમી વરસાદને કારણે વોલ્ટાસ, બ્લુ સ્ટાર અને હેવલ્સ જેવી કંપનીઓ ભારે ઇન્વેન્ટરીમાં મુકાઈ ગઈ હતી, કારણ કે તેઓ ગરમ ઉનાળા માટે સ્ટોક કરી રહ્યા હતા જે સમયસર પહોંચ્યા ન હતા.

ગયા વર્ષે, તીવ્ર ગરમી અને પુરવઠાની અછત વચ્ચે માગમાં મજબૂત ઉછાળો આવતાં બમ્પર વેચાણ થયું હતું. આ વર્ષે માલના ઓછા ઉપાડને કારણે કંપનીઓની કમાણીમાં ઘટાડો થવાની શક્યતા ચર્ચાઇ રહી છે. હવે, ઉત્પાદકો વોલ્યુમને પુનર્જીવિત કરવા માટે તહેવારોની મોસમ પર ગણતરી માંડી રહ્યા છે. તહેવારોનો ત્રિમાસિક સમયગાળો ડ્યુરેબલ એપ્લાયન્સેસના ઉત્પાદકો માટે ખૂબ જ મહત્ત્વનો હોય છે. હવે આ સમયગાળો તેમને માટે પ્રોત્સાહક બને છે કે સ્થગિત માગનો સમયગાળો બની રહે છે તેનો આધાર જીએસટીના ફેરફારોના અમલ પર અવલંબે છે! ■

---

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિની વ્યાખ્યાનમાળા



પ્રથમ દિવસ

## નમ્રવાણી

## तू है तो... धर्म प्रेम हैं

'પરમ ગુરુદેવ'

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે પ્રભુને યાદ કરી, પ્રભુના ધર્મને પ્રેમ કરવાનો આધ્યાત્મિક અવસર!

પ્રભુ! તું છે, તો મારા જીવનમાં ધર્મ છે અને મારા હૃદયમાં ધર્મપ્રેમ છે.

જીવનની આ યાત્રામાં જો પ્રભુ સાથે હોય તો જીવનની દરેક ક્ષણ તરવાની ક્ષણ હોય છે અને દરેક ક્ષણ તારનારી ક્ષણ હોય છે. પ્રભુ જો સદાય સ્મૃતિમાં અને સ્મરણમાં હોય, તો પ્રભુના ધર્મ પ્રત્યેનો પ્રેમ પણ હૃદયમાં જીવંત રહે છે. પ્રભુ જો સાથે હોય તો આપણને આપણી ભૂલ જોતા આવડે છે, નહીં તો આપણને આખા જગતની ભૂલ દેખાતી હોય છે.

યાદ રાખજો,

આ ભૂલ ભરેલાં સંસારમાં, પ્રત્યેક પગલે ભૂલ થતી હોય છે અને સૌથી મોટી ભૂલ તો પ્રભુ મળ્યાં પછી, પ્રભુને ભૂલી જવાની ભૂલ હોય છે.

આખું વર્ષ બીજાની ભૂલો જોઈ, ચાલો, આજે પ્રભુને કહી દઈએ... પ્રભુ! મને મારી ભૂલો બતાડો! પ્રભુ તું છે તો મને મારી ભૂલ દેખાય છે અને પ્રભુ, તને ભૂલું છું, તો મને બીજાની ભૂલો દેખાય છે.

કેટલાંક એવા હોય, જેમનાં માટે પર્યુષણ એ પ્રભુને યાદ કરવાની ક્ષણ હોય અને કેટલાંક એવા હોય, જે પર્યુષણને પ્રભુને ફરિયાદ કરવાની ક્ષણ માનતા હોય. તેઓ પ્રભુને ફરિયાદ કરે કે, પ્રભુ! મારા સંસારનો મોહ કેમ ઉતરતો નથી, મારો રાગ કેમ ઓછો થતો નથી, મારા દોષો કેમ ઘટતાં નથી, મારા અવગુણો કેમ દૂર થતાં નથી, મારા કર્મો કેમ ક્ષય થતા નથી??

જેમને પોતાની ભૂલો, દોષો, અવગુણો દેખાય તે જ સુધરવાનો પુરુષાર્થ કરી શકે, પોતાનું report card બનાવી શકે કે, આ પર્યુષણમાં મારામાં આટલો સુધારો થયો, મારા આત્માની આટલા અંશે શુદ્ધિ થઈ!

પર્વાધિરાજ પર્યુષણમાં ગુરુ આપણી આત્મધરા પર drilling કરી, આપણી અંદરમાં રહેલાં જ્ઞાનામૃતને બહાર કાઢવાનું કર્તવ્ય નિભાવે છે. આપણી સમજને શ્રેષ્ઠ બનાવવાનો પુરુષાર્થ કરે છે. જેમની આત્મધરા જેટલી વધારે soft એમાં એટલું ઓછું drilling કરવું પડે.

જેમની પ્રભુવચનો પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મપ્રેમ વધારે એ ગુરુના માત્ર અલ્પ વચનોમાં પણ ઘણું બધું સમજી જાય, તો કેટલાંક કલાકના પ્રવચન પછી સમજે, તો કેટલાંક પર્યુષણના આઠ દિવસ પછી સમજે!

માનો કે, સામે આતંકવાદી ઊભા હોય અને police એને પોતાની gunનું licence બતાવે કે, જો મારી પાસે gun છે. આ એનું licence છે, એટલાં માત્રથી શું આતંકવાદી એના હથિયાર નીચે રાખી દે? ના! policeના હાથમાં licenceની સાથે gun પણ હોવી જોઈએ!

એમ 'સમજ પણ જરૂરી છે અને સમજાવનાર પણ જરૂરી છે.'

ઘણા બધાંની ફરિયાદ હોય છે કે, ગુરુદેવ! પર્યુષણમાં પ્રવચન સાંભળીએ ત્યારે મનમાં નિર્ણય થઇ જ જાય કે, હવેથી આમ જ કરવું છે અને આવું તો કરવું જ નથી, પણ જેવી પરિસ્થિતિ આવે એટલે બધી સમજ ભુલાઈ જાય છે.

સમજ લાખો હોય, જેમ કે રાગની situation વખતે અલગ સમજ હોય, jealousy વખતે અલગ સમજ હોય, mistakes સમયે અલગ જ સમજ હોય, ગુસ્સો આવે ત્યારે અલગ સમજ હોય, એટલે સમજ લાખો હોય એટલે ભુલાઈ જવાની શક્યતા વધારે હોય પણ સમજાવનાર તો લાખોમાં એક જ હોય ને! એમને જો યાદ રાખીએ તો બધી સમજ યાદ આવી જાય!

સમજ લાખો હોય છે, સમજાવનાર પ્રભુ કે ગુરુ એક જ હોય છે.

પ્રભુ કે ગુરુને ભૂલવાની એક ભૂલ, લાખ ભૂલનું કારણ બને છે અને પ્રભુ કે ગુરુ જો સતત યાદ રહે છે, તો દરેક ભૂલને સુધારી શકાય છે.

સમજને પ્રેમ કરવો જોઈએ કે સમજાવવાવાળાને?

જે જેને પ્રેમ કરતાં હોય, એમને તે ક્યારેય ભૂલી શકે?

જો મને એક મારા પ્રભુ કે ગુરુ યાદ રહે તો મને એ એકની લાખો સમજ automatic યાદ આવી જ જાય!

**तू है तो... तेरा धर्म हैं**

**गुरु तू है तो...तेरी समझ से धर्म के प्रति प्रेम है।**

સમજાવનાર હોય તો, સમજ સહજ બની જાય!

જેટલું શરણ શ્રેષ્ઠ, એટલું સ્મરણ strong

થોડાં દિવસ પહેલાં એક ભાઈ આવ્યાં હતાં, એમણે કહ્યું, અમે U.S.A.માં એક sight seeing placeમાં ગયાં હતાં, ત્યાં ચારે તરફ greenery હતી અને એના ઉપર જ ચાલીને જવાનું હતું. મારા નાનકડાં દીકરાએ તરત જ કહ્યું, daddy! મને મારા Look N Learnના દીદીએ સમજાવ્યું છે કે, grassમાં પણ જીવ હોય, એના પર ચલાય નહીં. એના પર ચાલીએ તો જેમ એક હાથી મારા body પર પગ મૂકે અને મને જેટલું pain થાય, એટલું જ pain આપણે જ્યારે grass પર પગ મૂકીએ ત્યારે તે grassના જીવને થાય. આપણે અહીંયા નથી જવું.

આનંદની enjoy કરવાની એ સ્થિતિમાં પણ એ નાનકડા બાળકને કોણ યાદ આવ્યું? સમજાવનાર દીદી યાદ આવ્યાં અને દીદી યાદ આવ્યાં એટલે દીદીએ સમજાવેલી સમજ પણ યાદ આવી ગઈ! એટલે એ પાપથી, દોષથી અને હિંસાથી બચી ગયો અને એના parentsને પણ બચાવ્યાં!

સમજાવનાર પ્રભુ કે ગુરુ સાથે એવી પ્રીત જોડવી અને શરણભાવને એવો શ્રેષ્ઠ બનાવવો કે તેઓ ક્યારેય ભુલાય નહીં.

પરિવર્તન એના જ હૃદયનું થાય છે, જેના હૃદયમાં પ્રભુ અને પ્રભુપુત્ર પ્રત્યે પ્રેમ અને સમર્પણભાવ હોય છે.

જેના અંતરમાં પ્રેમ ન હોય, તેના માટે પર્યુષણ માત્ર protocol બનીને રહે છે.

પર્યુષણ એ માત્ર protocols રૂપ નિયમ હોવા જોઈએ કે પર્યુષણ પરમાત્માને call (promise) આપવા માટે હોવા જોઈએ?

પ્રભુ આ પર્યુષણમાં મારું તને promise છે, મારી દરેક વાતમાં પ્રભુ તારી યાદ હશે. પ્રભુ તારી યાદ હશે તો મારી દરેક ક્ષણ, સમજની ક્ષણ બની જશે. પ્રભુ, તું હશે તો મારી દરેક સમસ્યાનું સમાધાન હશે.

એક ભક્ત જો ભગવાનને પ્રેમ કરવા લાગે તો, ભગવાનની બધી વાતો, બધી સમજ, બધી આજ્ઞા, બધાં સિદ્ધાંતો તેને શિરોમાન્ય બની જાય.

પ્રભુ મને ૧૦૦ logic નથી સમજવા, મને તો માત્ર તારા પ્રેમનું magic touch જોઈએ છે.

તારા પ્રેમના magic touchથી કથિર જેવો હું પણ કંચન બની જઈશ. આવી ક્ષમતા હોય છે, પ્રભુ પ્રત્યેના પ્રેમમાં!

જે પ્રભુને, પ્રભુના ધર્મને પ્રેમ કરે છે, એના બધાં પાપ-દોષો અને ભૂલો ધોવાઈ જાય છે. ગૌતમ પ્રભુ મહાવીરને પ્રેમ કરે અને ગૌતમનો અહમ્ શૂન્ય થઈ જાય, ખૂની અર્જુનમાળી પ્રભુને પ્રેમ કરે અને મુનિ બની જાય.

શ્રેષ્ઠ મળ્યાં પછી, જે એમની શ્રેષ્ઠતાનો અહેસાસ કરે, તે પણ ભાવિની શ્રેષ્ઠતાનું સર્જન કરી લે અને શ્રેષ્ઠને જે સામાન્ય માને, તે સ્વયં સામાન્ય જ રહી જાય.

'સમજ તો લાખો હોય, પણ સમજાવનાર લાખોમાં એક હોય!'

પર્યુષણ એટલે પ્રભુ પ્રત્યેના સ્નેહ અને શરણ ભાવને દૃઢ કરી, પ્રભુના ધર્મને અત્યંત અહોભાવથી પ્રેમ કરવો. પ્રભુ સ્મૃતિમાં હશે તો પ્રભુનો ધર્મ automatic યાદ આવી જશે અને પાપથી, ભૂલથી, દોષોથી, અવગુણોથી અટકાવશે.

**સંકલ્પ:**

આ વર્ષે મારે પ્રભુ પ્રેમ, ધર્મપ્રેમ અને શરણભાવને એવા ઉત્કૃષ્ટ કરવા છે કે મારી દરેક વાતમાં પ્રભુની યાદ હોય!

**POINTERS**

- સમજ લાખો હોય છે, સમજાવનાર પ્રભુ કે ગુરુ એક જ હોય છે.
- પ્રભુ કે ગુરુને ભૂલવાની એક ભૂલ, લાખ ભૂલનું કારણ બને છે અને પ્રભુ કે ગુરુ જો સતત યાદ રહે છે, તો દરેક ભૂલને સુધારી શકાય છે.
- સમજાવનાર હોય તો, સમજ સહજ બની જાય! જેટલું શરણ શ્રેષ્ઠ, એટલું સ્મરણ strong!
- સમજાવનાર પ્રભુ કે ગુરુ સાથે એવી પ્રીત જોડવી અને શરણભાવને એવો શ્રેષ્ઠ બનાવવો કે તેઓ ક્યારે ભુલાય નહીં.
- પરિવર્તન એના જ હૃદયનું થાય છે, જેના હૃદયમાં પ્રભુ અને પ્રભુપુત્ર પ્રત્યે પ્રેમ અને સમર્પણભાવ હોય છે.
- જેના અંતરમાં પ્રેમ ન હોય, તેના માટે પર્યુષણ માત્ર protocol બનીને રહે છે.
- શ્રેષ્ઠ મળ્યાં પછી, જે શ્રેષ્ઠતાનો અહેસાસ કરે છે, તે પણ ભાવિની શ્રેષ્ઠતાનું સર્જન કરી લે છે અને શ્રેષ્ઠને જે સામાન્ય માને, તે સ્વયં સામાન્ય જ રહી જાય છે.
- પ્રભુ! આ પર્યુષણમાં મારું તને promise છે, મારી દરેક વાતમાં પ્રભુ તારી યાદ હશે. પ્રભુ તારી યાદ હશે તો મારી દરેક ક્ષણ સમજની ક્ષણ બની જશે. પ્રભુ તું હશે તો મારી દરેક સમસ્યાનું સમાધાન હશે. ■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

રશિયા- યુક્રેન

# યુદ્ધ બંધ થવાનું આશાનું કિરણ જાગ્યું...

હાશકારો થાય એવા સમાચાર આવ્યા છે....

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના તેમના સમકક્ષ પુતિન વચ્ચેની વાતચીત તથા ટ્રમ્પની યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી અને યુરોપના અન્ય નેતાઓ સાથેની વાતચીત પછી આશાનું કિરણ જાગ્યું છે. આને લીધે ઝેલેન્સ્કી, પુતિન અને ટ્રમ્પ વચ્ચેની ત્રિપક્ષીય વાતચીતનો તખ્તો ગોઠવાયો છે. આ વખત સમાધાન થવાની તક વધવાનું કારણ એ છે કે પુતિને પણ એમની આક્રમકતા છોડીને બાંધછોડ કરી છે. અત્યાર સુધી પુતિન એમ કહેતા હતા કે હું યુક્રેનને કદી 'નાટો'નો સભ્ય નહીં બનવા દઉં, પરંતુ આ વખતે પુતિને અમેરિકાને યુક્રેનને સુરક્ષાની ગેરંટી આપવાની છૂટ આપી છે તો મને વાંધો નથી. પુતિને આ સાથે યુરોપના દેશોને એવી ખાતરી આપવાની તૈયારી દાખવી છે કે રશિયાના સંસદમાં એવો કાયદો પસાર કરવામાં આવશે, જેથી રશિયા યુરોપના અન્ય દેશના સાર્વભૌમત્વ પર હુમલો નહીં કરી શકે.

બીજી તરફ, આ વખતે ઝેલેન્સ્કી સાથે બહુ સૌમ્ય રીતે ટ્રમ્પે વાતચીત કરી હતી. છેલ્લી મુલાકાત વખતે ટ્રમ્પે અને ઉપપ્રમુખ જે. ડી. વાંસે પત્રકારો સામે ઝેલેન્સ્કીનું અપમાન કર્યું હતું અને એમને ધમકાવ્યા હતા. ટ્રમ્પ હવે કહે છે કે અમેરિકા યુરોપના દેશોને યુક્રેનને સંરક્ષણ આપવામાં સહાય કરશે. ટ્રમ્પે યુક્રેનને ખાતરી આપી છે કે સંધિ થાય કે નહીં, પરંતુ અમેરિકા યુક્રેનને ટેકો આપવાનું ચાલુ રાખશે... ઝેલેન્સ્કી કહે છે કે અમેરિકાનું સપોર્ટનું વચન એ શાંતિ તરફનું મોટું પગલું છે. પ્રમુખ ટ્રમ્પ એક બિઝનેસમેન છે અને એમણે અમેરિકાનો સ્વાર્થ તો સાધી જ લીધો હતો. યુક્રેન અમેરિકા પાસેથી ૯૦ અબજ ડૉલરનાં હથિયારો ખરીદશે.

જો ટ્રમ્પ પીસ ડીલ કરાવવામાં સફળ થશે તો એમનો નોબલ પારિતોષક પરનો દાવો વધુ મજબૂત થઈ જશે. ટ્રમ્પે પોતાની મહેચ્છા છુપાવી નથી. ટ્રમ્પ કહે છે કે તમે જાણો છો કે મેં યુદ્ધ અટકાવવાની છ ડીલ કરી છે. ટ્રમ્પના આ દાવામાં ભારત - પાકિસ્તાન તથા થાઈલેન્ડ - કંબોડિયા વચ્ચેના યુદ્ધનો સમાવેશ થાય છે. સામે પક્ષે ઝેલેન્સ્કીએ સુરક્ષા ગેરન્ટી બે ભાગમાં માગી હતી. ઝેલેન્સ્કી કહે છે કેપહેલા યુક્રેનનું લશ્કર મજબૂત હોવું જોઈએ. એને બધા પ્રકારનાં હથિયાર મળવાં જોઈએ. બીજું, અમને પૂરતી તાલીમ અને જાસૂસી માહિતી ઉપરાંત સેટેલાઈટની મદદ પણ મળવી જોઈએ...

જોકે તાજેતરમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના એમના સમકક્ષવચ્ચેની શિખર પરિષદ ફ્લોપશોરહી હતી.. ટ્રમ્પનો બધી રીતે ઉપયોગ કર્યા બાદ પણ પુતિન યુદ્ધવિરામ કરવા તૈયાર થયા નહોતા ત્યારે જીયોપોલિટિક્સના પાપા એવા





પુતિન – ઝેલેન્સ્કી સાથે ટ્રમ્પ

પુતિન સામે ડીલમેકર ટ્રમ્પના ડબ્બા ગુલ થઈ ગયા હતા.

રશિયાના પુતિને અમેરિકાના ટ્રમ્પને બરાબર શીશામાં ઉતારી દીધા છે. હવે ટ્રમ્પ પુતિનની ભાષા બોલતા થઈ ગયા કે ઓચિંતો યુદ્ધવિરામ અટકશે નહીં માટે અમે શાંતિ સંધી માટે કામ કરી રહ્યા છીએ.

અલાસ્કામાં જયારે એ બન્ને વજનદાર નેતાની ભારે ઝાકઝમાળ સાથે બેઠક યોજાઈ ગઈ, પરંતુ એનું પરિણામ નકારાત્મક રહ્યું. બન્ને નેતાઓએ જોશ દાખવ્યો હતો, પરંતુ કોઈ ડીલ કરી શક્યા નહોતા. પુતિન માટે ટ્રમ્પે જે રીતે લાલ જાજમ બીછાવી એ જોઈને યુક્રેન તથા યુરોપના દેશો સ્તબ્ધ થઈ ગયા હતા. ટ્રમ્પે એ જ પુતિનને આવકાર્ય હતા જેમના પર એ વધુ આકરા પ્રતિબંધો લગાવવાની વાત કરતા હતા...!

આ એ જ પુતિન છે જે ઈન્ટરનેશનલ વોર ક્રાઈમના વોરંટનો સામનો કરી રહ્યા છે. જોકે મંત્રણા એક એવા મોડ પર આવી કે પરિણામ શૂન્ય આવ્યું. એ વખતે ટ્રમ્પે એવો દાવો કર્યો કે અમુક મુદ્દા પર એગ્રિમેન્ટ થયું છે. પુતિન કહે છે કે બન્ને નેતાઓ વચ્ચે એક સમજણ જરૂર થઈ છે. આમ છતાં એ બન્ને નેતાએ કોઈ સવાલનો જવાબ આપ્યા નહોતા.

આમ જોઈએ તો પુતિને કોઈ પણ છૂટછાટ દીધા વગર એક પ્રોપેગેંડા વિક્ટરી મેળવી હતી. એમનું અને રશિયાનું કદ વધી ગયું છે. પશ્ચિમી દેશો રશિયાને એકલું પાડવામાં વિફળ ગયા છે. ટ્રમ્પે રશિયા અને અમેરિકાના સંબંધો માટે આને દસમાંથી દસ પોઈન્ટ આપ્યા હતા. એક દિવસમાં યુદ્ધ અટકાવવાની શેખી મારનારા ટ્રમ્પે કબૂલાત કરી છે કે આ યુદ્ધ અટકાવવું વધુ મુશ્કેલ છે. રશિયન અખબારોએ આને પુતિનની મોટી ડિપ્લોમેટિક જીત ગણાવી છે. રશિયાએ આ મંત્રણામાં યુક્રેનને સીધું સામેલ કરવાની તૈયારી બતાડી નહોતી.

### એ સમિટ કેમ વિફળ ગઈ?

આનું કારણ વિશ્વાસનો અભાવ છે. પુતિને ટ્રમ્પને વારંવાર સીઝફાયરની ખાતરી આપીને ન કર્યો હોવાથી પુતિન પર ટ્રમ્પને વિશ્વાસ નહોતો. ટ્રમ્પ નોબેલ પારિતોષિક અને બિઝનેસ મેળવવા કોઈ પણ હદ સુધી જઈ શકે એમ છે. યુક્રેન અને યુરોપને પણ મંત્રણાથી દૂર રાખવામાં આવ્યા હતા એનાથી આ શંકા વધારે દૃઢ બની છે. ટ્રમ્પે વાતચીત સફળ થાય એ માટેની બધી જવાબદારી યુક્રેનઅને યુરોપ પર નાખી દીધી હતી,

ગયા વખતે ફેબ્રુઆરીમાં ટ્રમ્પ અને ઉપપ્રમુખ જે. ડી. વાન્સે જાહેરમાં ઝેલેન્સ્કીને ધમકાવ્યા હતા. યુરોપના દેશોએ સાવચેતી લેવા માટે ટ્રમ્પની ઝેલેન્સ્કી સાથેની એ બેઠકમાં પોતાના નેતાઓને પણ મોકલવાનું પસંદ કર્યું હતું. ઝેલેન્સકીએ જ યુરોપના વડાઓને વિનંતી કરી હતી કે તમે હાજર રહો તો મારામાં હિંમત આવશે. ટ્રમ્પને એવી આશંકા છે કે યુરોપના દેશો ઝેલેન્સ્કીને ચડાવીને એમના શાંતિ પ્રયાસોને સેબોટેજ કરશે-ગાબડું પાડશે ..

જોકે તાજા સમાચાર અનુસાર યુક્રેન રશિયા વચ્ચે યુદ્ધ અટકાવવાની સુલેહ થઈ છે. આશા રાખીએ કે એ કામચલાઉ સાબિત ન થાય. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# દાદર : પ્રાચીન યુગનાં રહસ્યોથી આધુનિક વૈભવ સુધીની શૈલી





કલ્પના કરો કે તમે એક જાદુઈ પુલ પર ચડી રહ્યા છો, જ્યાં દરેક પગલું તમને સુખની નદી ઉપરથી પસાર કરે છે. આ પુલ ધરતીને સ્વર્ગ સાથે જોડે છે અને જીવનના સંઘર્ષમાંથી સર્વોત્તમ વૈભવ તરફ લઇ જાય છે. સુખની કલ્પનાને સ્વપ્નનાં આકાશમાં લઇ જતા આ પુલનું નામ છે ‘દાદર’....

દાદર એટલે કે દાદરાનાં પગથિયાં માત્ર પથ્થર અને ધાતુના ટુકડા નથી, પરંતુ માનવ સભ્યતાના હૃદયના ધબકારા પણ છે.

ભારતીયોના ઇતિહાસનો અભ્યાસ કરશો તો દાદર કે દાદરાનું મહત્ત્વ ઘણું વધારે છે. આપણા સિનેમાની અસંખ્ય કથાઓ દાદરને લીધે આગળ વધી છે. સંજય ભણશાલીની દેવદાસમાં પારો દાદર પર દોડે છે અને નીચે તરફ ભાગે છે, પારોની દાદર પરની જોખમી દોડ પ્રેમની તીવ્રતા બતાવવામાં કોઈ કચાશ રાખતી નથી. ‘હમ દિલ દે ચુકે સનમ’ની નંદિનીના રૂમ સુધી જવા માટેના દાદર કથામાં સુખદ અને દુઃખદ વળાંકો બનાવવા માટે મૂક પાત્ર જેવો રોલ કરે છે તો ‘હમ આપ કે હે કોન’ જેવી સીધી સાદી કથામાં કોઈ ટ્વિસ્ટ નથી, પણ કથાને રોચક બનાવવા ફિલ્મનું એક પાત્ર રેણુકા શહાણે દાદર પરથી ગબડી જાય છે ને મૃત્યુ પામે છે. આખી ફિલ્મમાં કોઈ વિલન હોય તો એ દાદર છે. ભારતીય અસંખ્ય સિરિયલો અને ફિલ્મોમાં પ્રેગ્નેન્ટ લેડીના બાળકને મારી નાખવું હોય તો દાદરના દ્રશ્યનો ભરપૂર ઉપયોગ થયો છે. હીરોગિરી કરીને વિલનને ક્રૂરતાપૂર્વક ફટકારવામાં દાદરે કોઈ કચાશ રાખી નથી.

સમાજ અને સિનેમામાં દાદર અમીર અને ગરીબ વચ્ચેની અસમાનતા દર્શાવે છે. ધનિકોના મહેલોમાં વિશાળ, ડબલ સ્પાઇરલ દાદર બતાવીને એમની શક્તિ અને વૈભવ દર્શાવાય છે. હિન્દી સિનેમામાં દાદર માત્ર એક આર્કિટેક્ચરલ તત્ત્વ નથી, પરંતુ તે સ્ટોરીને આગળ વધારવા, પાત્રોની ભાવનાઓ દર્શાવવા અને ડ્રામા તત્ત્વ ઉમેરવા માટે વપરાય છે. વૈભવ દર્શાવવા પેલેસ જેવા ઘરમાં દાદર બે ભાગમાં વહેંચાય છે જે દાદરની ગ્રાન્ડ ડિઝાઇન છે. ગ્રામ્ય વિસ્તારોમાં સીધા દાદર હતા, આજે જોઈએ તો લાગે કે આ દાદર પર એ લોકો કેવી રીતે દિવસ-રાત ચડઉતર કરતા હશે.

ભારતીય પરંપરામાં દાદરનો ઇતિહાસ છેક સિંધુ ઘાટીની સભ્યતા પહેલાથી જોડાયેલો છે, જ્યાં પાણી અને વિશ્રામ માટે વાવ બનાવવામાં આવતી હતી. બાકી દાદરની






પૌરાણિક કથા અદ્‌ભુત છે. લગભગ ૮,૦૦૦ વર્ષ પહેલાં જ્યારે માનવીઓ પથ્થરના હથિયારો વાપરતા હતા અને જંગલી પ્રાણીઓથી બચવા માટે ઊંચા સ્થળો શોધતા હતા. માનવજાતે અસ્તિત્વ બચાવવા કુદરતી પર્વતીય પગથિયાંથી પ્રેરિત થઈને પ્રથમ દાદર બનાવ્યા. ભારતની જરૂરિયાત પાણી અને ઠંડક હતી. આપણે નીચેની તરફ વધવા માટે દાદર બનાવ્યા. આ દાદરની વિશેષતા એ હતી કે આઠ દશ પગથિયાં પછી આરામ કરવા માટે નાનકડા ચોક જેવી જગા રાખવામાં આવતી હતી.

ભારતીય પરંપરામાં કેટલીય વાવમાં ચારે તરફ મળીને ત્રણ હજાર કરતાં વધુ પગથિયાં છે. આ પગથિયાં પર દર્શનશાસ્ત્ર સમજાવતા સ્થાપત્યનો અલગ ક્લાસ છે. કંઈ કેટલા કારણોસર વડવાઓના અભ્યાસ થકી દાદરનું વાસ્તુશાસ્ત્ર વિકસ્યું છે, જ્યાં એક અભ્યાસ મુજબ દક્ષિણ-પશ્ચિમ દિશામાં રાખવાની સલાહ આપવામાં આવે છે જેથી સકારાત્મક ઊર્જા વહેતી રહે. એક કારણ એવું પણ હોઈ શકે કે વીજળી વગરની એ દુનિયામાં સૂર્ય આથમતો હોય ત્યારે દાદર પર ચડવા ઉતરવા હળવું અજવાળું કામ લાગી શકે. વિશ્વમાં દાદર રક્ષણ અને કાર્યક્ષમતા માટે હતા, ભારતમાં તે પાણીના સ્રોત અને આધ્યાત્મિકતા સાથે જોડાયેલા હતા. દાદર બનાવવા એ યુગમાં પથ્થર અને સેન્ડસ્ટોન વાપરવા સાથે ઇન્ડસ વેલી (સિંધુ ખીણ)માં માટીની ઇંટો વાપરવામાં આવી હતી. સરવાળે ભારતે વિશ્વના લગભગ બધા જ સ્રોતનો ઉપયોગ કરીને અનેક ડિઝાઇનના દાદર બનાવ્યા છે.

આધુનિક આર્કિટેક્ચરમાં દાદરને ઘરને વૈભવી દર્શાવવા માટે ડિઝાઇન કરવામાં આવે છે. આજકાલ ફ્લોટિંગ દાદર બનાવવામાં આવે છે, જેમાં દીવાલથી અલગ રાખીને હવામાં તરતા લાગે એવા બનાવવામાં આવે છે, જે પ્રકાશ અને જગ્યાને વધારે છે. મિનિમલિસ્ટ ડિઝાઇનમાં ગ્લાસ અને સ્ટીલ વપરાય છે, જે ઘરને આધુનિક અને આકર્ષક બનાવે છે. ભારતીય આર્કિટેક્ચરમાં વર્નાક્યુલર અને આધુનિક મિશ્રણથી દાદરને વાસ્તુ અનુસાર બનાવીને ઘરને વૈભવી બનાવવામાં આવે છે, જેમાં માર્બલ અને વુડના કોમ્બિનેશનનો ઉપયોગ થાય છે.



સરેરાશ ભારતીય ઘરો, વૈભવી હોટલ, પેલેસ સહિત જ્યાં પણ ધ્યાનથી અભ્યાસ કરશો તો તમને દાદરની અસંખ્ય સ્ટાઇલ જોવા મળશે. વિશ્વભરમાં આર્કિટેક્ટ્સ અને ડિઝાઇનર્સ દાદરને ફોકલ પોઇન્ટ તરીકે ઓળખે છે. દાદર ઘરમાં પ્રવેશતા જ ધ્યાન આકર્ષે છે અને તેને રિચ લુક આપે છે. વારાણસી જેવા શહેરમાં બસો પાંચસો વર્ષોથી પેઢી દર પેઢી એક જ સ્થળમાં વસવાટને કારણે સાંકળી ગલીમાં નાના પ્લોટમાં પાંચ માળના ઘર બનતા ગયા. નાનકડી જગામાં ઉપરના માળમાં જવા માટે દાદરની યુનિક ડિઝાઇન કરવાની જરૂર પડી છે એનો અભ્યાસ કરવા દેશવિદેશથી આર્કીટેક આવતા હોય છે. આમ તો સીધા અથવા એલ શેપમાં દાદર સરેરાશ ભારતીયોના ઘરોમાં જોવા મળે છે. કયારેક યુ શેપમાં દાદર હોય છે પણ એક થાંભલાનો ઉપયોગ કરીને સ્પાઇરલ ટાઈપના નજાકત દાદર પર હીરોઈનને ડાન્સ કરતાં જોઈ છે.

આજકાલ ઘરોમાં દાદરનું મહત્ત્વ વધવા લાગ્યું છે, દાદર મોંઘા મટિરિયલ સાથે એવી રીતે બનાવવામાં આવે છે કે મુલાકાતીનું પહેલું ધ્યાન દાદર પર જાય અને સમૃદ્ધિનો ખ્યાલ આવે. દાદરની રિચનેસ વધારવા ત્યાં અનલિમિટેડ બજેટ સાથે લાઈટનું પરફેક્ટ પ્લાનિંગ કરવામાં છે. આમ પણ દાદર પ્રકાશિત વિસ્તારમાં જ હોવો જોઈએ.

હવેથી જ્યારે કોઈનાં ઘરના દાદર પર ચડો ત્યારે યાદ રાખજો કે ઇતિહાસનાં પાનાં ઊથલાવી રહ્યા છો.... દાદર સાથેના સંસ્મરણોને યાદ કરશો તો તે તમને હસાવશે, વિચારતા કરશે. સરવાળે દાદર પણ માનવ જીવન જેવા છે, ક્યારેક જોખમી તો ક્યારેક વૈભવી. ■

**ધ એન્ડ :**

ફિલ્મ ‘તેરે ઘર કે સામને’માં દેવ આનંદ નૂતનનું કૂતુબ મિનારનાં સર્પાકાર દાદરનાં પગથિયાં પરનું પેલું રોમેન્ટિક ગીત (દિલ કા ભંવર કરે પુકાર..) પણ કેમ ભૂલાય?!

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# ભરપૂર પૂર ને સરકારના સૂર : મેઘા બરસે લોકો તરસે....

જ્યારે પણ પૂર આવે એટલે સરકાર તરફથી નિવેદનો આવે છે. આટલાં વર્ષોથી આ નિવેદનો જ તો છે જે કોઇ મોટા પથ્થર કે પહાડની જેમ અડગ ઊભા રહીને પૂરને આવતાં રોકે છે... તો હવે મારું નિવેદન એ છે કે પૂરની સમસ્યાનો દૂરગામી અર્થાત્ લાંબા ગાળાનો અને કાયમી ઉકેલ લાવવો જોઈએ.

આ લાંબા ગાળાનો ઉપાય શું છે? આ ઉપાય કેટલો મોડો થશે અને આવનારી કઈ સદીમાં એનો ઉકેલ આવશે? આ પ્રશ્ન પૂછાય એ પહેલાં તો પૂરનાં પાણી ઊતરવા માંડે છે અને એવામાં પછી પાછી નવી સમસ્યાઓ ઊભી થઇ જાય છે. જ્યાં સુધી પાછું પૂર આવે, ત્યાં સુધીમાં લોકો પાછલાં પૂરની સમસ્યાને ભૂલી જાય છે.

આપણા દેશમાં બધાં રાજ્યો એમની સમસ્યાઓથી ન્યૂઝની ચમકમાં આવે છે, જ્યારે કેન્દ્ર સરકાર એમનાં નિવેદનોથી! ભગવાન બંનેને સમાન તક આપે છે. આપણા દેશમાં લોકોનો સ્વભાવ એવો છે કે જ્યાં સુધી એમને દાંતમાં દુઃખાવો નહીં થાય ત્યાં સુધી પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતા રહે છે એટલે પેટમાં દુઃખાવાની સમસ્યાનો ઉકેલ દાંતનો દુઃખાવો બની જાય છે.



પૂરની સમસ્યા આવે ત્યારે એવું નિવેદન કરવામાં આવે છે કે- ‘આપણે હવે લાંબા ગાળાના પગલાં લેવા જોઈએ.’

હું ઘણી વખત વિચારું છું કે આ લાંબા ગાળાના પગલાં એક્ઝૈટલી શું છે? એ કેટલાં લાંબા છે અને એ ક્યારે આપણી નજીક આવશે? જો આ સમસ્યાનો ઉપાય છે તો એને કેમ કરવામાં આવતો નથી? સમસ્યાઓનો ઉકેલ માણસ કરશે કે પછી એ પણ કોઇ કુદરતી શક્તિઓ જ કરશે?

ભગવાન કે કુદરત પાસે પૂરની સમસ્યાનો ઉકેલ છે ‘દુકાળ’. બહુ વરસાદ નથી જોઈતો? તો ચલો, ઓછો વરસાદ લો, પણ કેન્દ્ર સરકાર પાસે એવા કયા લાંબા ગાળાના ઉપાયો છે? જે સરકાર આજે નહીં તો આવતી કાલે કરશે? હમણાં જે પૂર આવ્યા ત્યાર પછી નહીં તો આવતા વર્ષે પૂર આવે એ પછી તો ચોક્ક્સ કરશે જ, એવું આપણે માની લઈએ. બિચારી કેન્દ્ર સરકાર પૂરની સમસ્યાનો ઉકેલ લાવવા માગે છે, પણ એટલા માટે નથી લાવી શકતી કારણ કે એ ઉકેલ લાંબા ગાળાના છે!

કદાચ લાંબા ગાળાનો ઉકેલ એ છે કે જે બધી નદીઓમાં પૂર આવે છે એને વીસ ફૂટ જેટલી ઊંડી કરવામાં આવે જેથી પૂરનું વધારાનું પાણી બહાર જ ન આવે અને અંદર નદીમાં જ પડી રહે. બીજો ઉકેલ એ પણ હોય શકે કે નદીઓને લાંબી કરવામાં આવે જેથી પૂરનું વધારાનું પાણી લાંબા અંતર સુધી ફેલાય, પણ પહોળાઈમાં નહીં... ત્રીજો ઉકેલ એ પણ હોય શકે કે નદીઓની સમાંતર જ બીજી નવી નદીઓ બનાવવામાં આવે જેથી પૂરના સમયે વધેલા પાણીને બીજી નદીમાં ટ્રાન્સફર કરી દેવામાં આવે...! કદાચ એક લાંબા ગાળાનો ઉકેલ એ પણ હોય શકે કે બધી નદીઓને બે માળની એટલે કે ડબલડેકર કરવામાં આવે! જેથી વધારાનું પાણી બીજા માળેથી કાઢી નાખવામાં આવે. એક વહીવટી પદ્ધતિ એ પણ હોય શકે કે જે નદીઓ તોફાની છે અને એમાં કાયમ પૂરની સંભાવના છે, એ બધી નદીઓને તરત જ ટૂંકા માર્ગે દરિયા તરફ વાળી નાખવામાં આવે...

મને લાગે છે કે એક કમિટીએ બેસીને નદીઓના બધા રસ્તાઓ પર ફરીથી વિચાર કરવો જોઈએ. એવું હોવું જોઈએ કે વરસાદમાં વધારે પૂર આવતું હોય એવી નદીઓના ઉદગમ સ્થાન પર જ પ્રતિબંધ લગાડી દેવો જોઈએ અથવા તો દેશમાં પાણીનાં ગોદામ હોવા જોઈએ, જેથી બરફ સ્ટોક કરી શકાય જે દુકાળ અને ગરમીમાં કામ આવે. રેલવેમાં વેગનોની વ્યવસ્થા હોવી જોઈએ, જે પૂરવાળા વિસ્તારોમાંથી તરત પાણી ભરી દુકાળવાળા વિસ્તારોમાં પાણી પહોંચાડી શકે અથવા તો પૂરગ્રસ્ત વિસ્તારોના લોકોમાં પાણી પીવાની ક્ષમતા વધારવામાં આવે. લોકોમાં એવો પ્રચાર કરવો જોઈએ કે લોકો વધારે પાણી પીને પૂરની સમસ્યાનો ઉકેલ લાવવામાં મદદ કરે...

મને ઘણી વાર વિચાર આવે કે પૂરની સમસ્યાનો એવો કયો કાયમી અને લાંબા ગાળાનો ઉપાય છે જે દાયકાઓથી ક્યારેય શરૂ જ નથી થઈ શકતો? બસ, કાયમ એવું જ થાય કે પૂર આવે એટલે કેન્દ્ર-રાજ્ય સરકારો તરફથી એમનું એ જ એક નિવેદન આવી જાય!

ખરેખર તો દર વરસે માત્ર નિવેદનનાં જ જે પૂર આવે છે જે અટકતા જ નથી! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# રફાળેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ વદ અમાસનો ભવ્ય મેળો...

કાઠિયાવાડ, સૌરાષ્ટ્ર સાધુ, સંતો, ભક્તોને ભગવાનની ભૂમિ છે, તેની વાત જ ન થાય. એક કવિએ દુહામાં કહ્યું છે ‘‘કાઠિયાવાડમાં કોક દિન ભુલો પડને ભગવાન અને થાજે મારા ઘરનો મહેમાન તેદી સ્વર્ગે ભુલાવું શામળા’’ આવો દુહામાં ભાવ પણ કેટલો સરસ રાખે છે..!?. કોઈ વૈદિકકર્મ કરવા સર્વ ત્યાગ કરી યોગક્રિયા, તપશ્ચર્ય, તીર્થસ્થળો નિવાસને શ્રેયસ્કર સમજે છે શાંતિ માટે અલગ અલગ માર્ગ છે, શ્રાવણ માસ ખૂબ જ પવિત્ર અને શંકરભોળાનાથની સેવા પૂજા બીલીપત્રો, દૂધ ચડાવે છે, ૐ નમઃશિવાયનાં જાપ કરવાથી તન મનને શાંતિ મળે છે, ભગવાન ભોળાનાથની નજીક જવાનો આ રસ્તો માનવીને તારી દે છે, અને ખરા ખર્થમાં માનવીને સ્વર્ગ મળે છે.

અત્યારે મોરબી જિલ્લાના રફાળેશ્વર (રિપુફાલેશ્વર) મહાદેવના એક નહીં ત્રણ શિવલિંગથી શોભતા આ મંદિરે ભક્તજનોની ભીડ જામી છે, શ્રાવણ માસ દરમ્યાન અલગ અલગ દાતાઓ દ્વારા બ્રહ્મભોજન કરાવવામાં આવે છે. વિરાટ મંદિરની ત્રણ બાજુથી દર્શનાર્થે જવાય છે, ૩૨ મોટા સ્થંભ છે જેમાં ઉપર ગોળાકાર કલાત્મક કમાનો છે ઉપરના ભાગે ફૂલવેલની કોતરણી છે ઊંચા ઊંચા શિખરો વચ્ચોવચ્ચ ગોળાકાર ગુંબજ છે, મંદિરને ફરતે દીવાલ છે મંદિરના પાછળના ભાગે ગોખલા છે ૬૦ ફૂટની ઊંચાઈએ ફરકતી કેશરી ધજા જોવા મળે છે.

મોરબીના રાજા લખધીરજી બાપુએ આ મંદિરનો પુન પ્રતિષ્ઠા વિક્રમ સવંત ૨૦૦૨ના વૈશાખ સુદ ૧૩ને સોમવાર તારીખઃ ૧૩-







૦૫-૧૯૪૬ના શુભ દિવસે તેમના વરદહસ્તે કરેલ મંદિરની લાદી કાળા, સફેદ આરસની આબેહૂબ ડિઝાઈન વાળી છે. મંદિરની સાથે વિરચંદ મેઘજી સેનિટોરિયમમાં હવાફેર કરવા માટે અહીં આવે છે, વિશાળ બ્લોકો છે જેમાં બીમાર લોકો બાજુમાં જામબા ધર્મશાળા આવેલ જેમાં દર્શનાર્થીઓને રહેવાની સુવિધા પ્રાપ્ત થાય છે. મંદિરની બાજુમાં ભોજનશાળા છે જેમાં નારણબલી તેમજ બ્રહ્મભોજન તેમજ અન્ય યાત્રાળુઓને અહીં રસોઈ કરવાની સુવિધા છે.

આ મંદિરનું ટ્રસ્ટ પણ છે જેનું નામ શ્રી મહારાજા લખધીરસિંહજી બાપુનાં નામનું ટ્રસ્ટ છે.શ્રાવણ વદ ૧૪થી અમાસ બે દિવસનો ભવ્ય મેળો અહીં ભરાય છે ૧૪ના દિવસે સાંજે મહાદેવજીની શોભાયાત્રા નીકળે છે.

કુંડ પણ કલાત્મક છે જેમાં શ્રાવણ માસમાં સ્નાન કરી પીપળે પાણી રેડવાનું મહત્ત્વ છે તેમજ અહીં પિતૃ તર્પણ વિધિનું મહાત્મ્ય અતુલ્ય છે કારણ ગદાધર વિષ્ણુ ભગવાન



આ ત્રણ માસ મોજૂદ રહે છે, મંદિરની બાજુમાં વિશાળ પીપળો છે તેને પાણી રેડવાથી પુણ્ય મળે છે, મોરબી સ્ટેટ તરફથી શ્રાવણ માસ દરમ્યાન તેની પાંચતિથિ, લખધીરજીબાપુ, વાઘજી ઠાકોર, મયૂરધ્વજસિંહ, મહેન્દ્રસિંહજી, કેશરકુંવરબાની તિથિ દરમ્યાન બ્રહ્મભોજન અહીંના બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવે છે. ■

## રફાળેશ્વર મહાદેવનો પ્રાચીન ઈતિહાસ

આવા પવિત્ર તીર્થોમાંનું ઈતિહાસ પ્રસિદ્ધ એક તીર્થ આપણી નિકટમાં છે, જે રિપુફાલેશ્વર ઉર્ફે (રફાળેશ્વર)નાં નામથી પ્રસિદ્ધ છે. આ ક્ષેત્રમાં પ્રથમ બ્રહ્માજીએ શ્રી રમાદેવીની કૃપા પ્રાપ્ત ‘‘કરવા તપ કરેલું હતું, તેમના ઉપર શ્રી લક્ષ્મીજી પ્રસન્ન થયા, પ્રગટ થઈ દર્શન આપી વરદાન આપ્યા હતાં. ત્યાર પછી રેભ્ય નામના મુનિએ આજ ક્ષેત્રમાં મહાદેવજીનું તપ કરેલું હતું તેના ઉપર પણ મહાદેવજી પ્રસન્ન થઈ પ્રકટ થયા અને વરદાન આપ્યાં હતાં. ત્યારથી ‘રેપ્યેશ્વર’ નામથી મહાદેવ પ્રસિદ્ધ થયા, ત્યાર પછી રિપુફાલ નામના રાજકુમાર આ ક્ષેત્રમાં આવ્યા અને તેણે પણ વૈભ્ય મુનિના ઉપદેશથી મહાદેવ ઉપર તપ કર્યું હતું ત્યારે મહાદેવ પ્રસન્ન થયા ત્યારથી તે ‘રિપુફાલેશ્વર’ નામથી પ્રસિદ્ધ થયા. તે રિપુફાલ રાજાને સારા કુળમાં ઉત્પન્ન થયેલાં બે રાણીઓ હતાં, તે બેઉને એક એક કુમાર હતા.

તે રાજાએ રિપુંફાલ ક્ષેત્રમાં સુંદર નગરી વસાવી હતી અને તેજ ક્ષેત્રમાં રહી ભજનાનંદનો અનુભવ કર્યો હતો.શ્રી રિપુફાલેશ્વર મહાદેવના કૃપાપાત્ર સોમશર્મા નામના બ્રાહ્મણ બીજા જન્મમાં મોરધ્વજ રાજા મચ્છુ તટના અધીશ થયા. તે રાજાના સુપુત્ર તામ્રધ્વજ થયા તે પરમ ભકત પિતા તથા વીર પુત્રની હૃદયદાવક તેમજ ધીર અને વીર પુરુષોના આદર્શને બતાવતી સ્વામીધર્મનું દર્શન કરાવતી સુંદર કથા આ રિપુફાલેશ્વર માહાત્મ્યમાં આવે છે. મોરધ્વજ રાજા આ ભૂમિમાં થયા છે તે વાત ૪૭૫ વર્ષો પૂર્વે પોતાના ચરણથી ત્રણવાર હિન્દુસ્તાનની સકલ તીર્થોદ્વારા પરિક્રમા કરનાર શ્રીમદ્દ વલ્લભાચાર્યે સ્વીકારી છે.

પરમ વંદનીય તે આચાર્યવર્યે આ ભૂમિમાં મચ્છુ તટ પર શ્રીમદ્ ભાગવતની સપ્તાહ પારાયણ પણ કરી છે. આવી પવિત્ર ભૂમિમાં ખૂબજ પ્રાચીન મંદિરના એક વાર શ્રાવણ માસ દરમ્યાન દર્શન કરવાથી પુણ્ય જરૂરથી મળશે તો એકવાર જરૂરથી રફાળેશ્વર આવશો. ■

# અજબ ગજબની દુનિયા


હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## હોશિયાર નિશાળિયો ને વતરણાં ઓછા



અણ આવડતવાળો ઝાઝો દેખાડો કરે એ દર્શાવવા ‘ઠોઠ નિશાળિયો ને વતરણાં ઝાઝા’ કહેવત વપરાય છે. જોકે, ૩૦ વર્ષની મેક્સિકોની એક મહિલાનાં પરાક્રમ જાણ્યા પછી ‘હોશિયાર નિશાળિયો ને વતરણાં ઓછા’ એવી નવી કહેવત બનાવવાની લાલચ નહીં રોકી શકાય. બન્યું એવું કે મેક્સિકોમાં યોજાયેલી ૬૩ કિલોમીટરની અલ્ટ્રા મેરેથોન સ્પર્ધાના મહિલા વિભાગમાં કેન્ડેલેરિયા રિવાસ રોમસ નામનાં સન્નારીએ ભાગ લીધો હતો. જોકે, એમની પાસે સ્પેશિયલ રનિંગ શૂઝ સહિત દોડવા માટે કોઈ આધુનિક સાધન નહોતાં કે નહોતો લાંબી દોડનો કોઈ અનુભવ. હા, જહેમત અને જીગર માગે એવો પર્વતીય વિસ્તાર દરરોજ ખૂંદવાનો મહાવરો એમની પાસે હતો ખરો. એમના કિસ્સામાં જીગર અને જોશ સગવડ અને સાધન કરતાં ચડિયાતા સાબિત થયાં. રોજની હાડમારી અને દોડાદોડીવાળા જીવનને કારણે સન્નારી પાસે ગજબનો સ્ટેમિના અને પીડા સહન કરવાનું ગજબનું આત્મબળ હતાં. આત્મશક્તિના પ્રભાવે મિસ રોમસ ૬૩ કિલોમીટરની મેરેથોન સ્પર્ધા ૭ કલાક અને ૩૪ મિનિટમાં પૂરી કરી વિજેતાપદ અંકે કર્યું. ‘હૈયામાં જો હોય હામ, તો હર મુશ્કિલ આસાન’નું આ અફલાતૂન ઉદાહરણ કહેવાય!

## ડિલ સાફ કરી દિલને તરોતાજા કરતું મશીન



મેલ બે પ્રકારના હોય : એક શરીરનો ને બીજો મનનો. શરીરનો મેલ સાબુ, ફેસવોશ વગેરેથી કાઢી શકાય, પણ મનનો મેલ કાઢવા તો સ્વચ્છ અંતઃકરણ જરૂરી છે. જોકે, આજની દૂષિત દુનિયામાં શરીર પરનો મેલ કાઢવાની જહેમત લેવી આજના માનવીને નથી ગમતી, કારણ કે એ કામ કરવામાં નહીં પણ કામ કરાવી લેવામાં માહેર છે. મનુષ્યની બદલાયેલી પ્રકૃતિથી વાકેફ આજની મેન્યુફેક્ચરિંગ કંપનીઓ મનુષ્યને શારીરિક શ્રમ કેમ ઓછો પડે એવી પ્રોડક્ટ બનાવી રહી છે. ટેક્નોલોજીથી વિશ્વને ચકિત કરવા માટે જાણીતા જાપાનની એક કંપનીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત એક શાવર કેપ્સુલ તૈયાર કર્યું છે, જે ઉપયોગકર્તાને સાફસુથરા રહેવાની ઝંઝટનો ઉકેલ આપે છે. એમાં રહેલો ગરમ પાણીનો ફુવારો અને પાણીના પરપોટા - બબલ્સ ત્વચાની ગંદકી દૂર કરી દે છે. સિવાય મશીનમાં રહેલા સેન્સર શરીરની હાલત જાણી લે છે અને ઉપયોગકર્તાની માનસિક સ્થિતિ સમજી એ અનુસાર વીડિયો અથવા સંગીત રજૂ થાય છે. વ્યક્તિ ટેન્શનમાં હોય તો સમુદ્રનાં ઉછળતાં મોજાં અથવા જંગલની હરિયાળી દર્શાવી મન ફરી મહેકતું કરવાની કોશિશ થાય છે. ટૂંકમાં ‘ભવિષ્યના વોશિંગ મશીન’ તરીકે ઓળખાઈ રહેલું આ ઉપકરણ માત્ર ૧૫ મિનિટમાં વ્યક્તિને નવડાવી, ડિલ કોરું કરી દિલને તરોતાજા બનાવી દે છે એવો દાવો કરવામાં આવ્યો છે.

## બુક્સ- બેન્ચ- બોર્ડ વિનાની સ્કૂલ



સ્કૂલ યુનિફોર્મ, ખભે દફ્તર, દફ્તરમાં ઠાંસોઠાંસ ભરી નોટબુક - પુસ્તકો, નિશાળમાં ક્લાસ, ક્લાસમાં બેન્ચ, ટીચર, બ્લેકબોર્ડ, રિસેસમાં અને શાળા છૂટવાના સમયે વાગતો ઘંટ... એ વિદ્યાર્થી જીવનનું રૂટિન હતું. સદનસીબે હવે ધીરે ધીરે શાળાઓ એ રૂટિનમાંથી બહાર નીકળી બાળકોને મોજ પડે અને પુસ્તક સિવાયનું પણ શીખે એને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

મહારાષ્ટ્રના પુણે શહેરમાં ઉપરોક્ત બધી વાતની બાદબાકી કરવામાં આવી હોય એવી એક શાળા ચાલી રહી છે. આ સ્કૂલમાં આવતાં બાળકો માટે કોઈ યુનિફોર્મ નથી, ક્લાસરૂમ નથી કે નથી ક્લાસમાં કોઈ બેન્ચ કે ખભે ભારેખમ દફતર લઈને આવવાની જરૂર... શાળાનો સમય શરૂ થાય ત્યારે ભારતીય સંગીતની કોઈ મધુર ધૂન વગાડવામાં આવે છે. અહીં આવતાં બાળકો ગણિત, વિજ્ઞાન, ભાષા, સમાજશાસ્ત્ર વગેરે વિષય ભણે છે ખરા, પણ એમને ભણાવવાની પદ્ધતિ અલગ છે. સમગ્ર ધ્યાન ઓબ્ઝર્વેશન ઓરિયેન્ટેડ લર્નિંગ (વસ્તુ - વિષયનો પ્રત્યક્ષ અનુભવ કરી જાણકારી મેળવવી) પર કેન્દ્રિત કરવામાં આવે છે. ચર્ચા, વિચારણાથી શીખવાને કારણે વિષય ક્યારે ભણાઈ જાય છે એનો ખ્યાલ નથી રહેતો. આવા વાતાવરણમાં તૈયાર થવાથી વિદ્યાર્થીઓ ઉપલા વર્ગમાં ભણવા માટે વધુ આસાની અનુભવે છે.

## આંખો હી આંખો મેં ઈશારા હો ગયા, ઔર બૈઠે બૈઠે ડિવોર્સ ભી માગ લિયા...



જીવંત મનુષ્યનું દિમાગ સક્રિય બની કૃત્રિમ માનવ (રોબો) બનાવે એ વિજ્ઞાનની કમાલ છે, પણ જ્યારે એ જ કૃત્રિમ કરામત જીવંત માનવીના જીવનમાં ભંગાણ પડાવે એ વિજ્ઞાનની ધમાલ જ ગણવી જોઈએ ને...

કમાલ પછીની આવી ધમાલનું જીવતું જાગતું ઉદાહરણ ચીનમાં જોવા મળ્યું છે. ‘બીજિંગ ડેઈલી’ અખબારમાં આવેલા અહેવાલ અનુસાર ૭૫ વર્ષના વડીલ શ્રીમાન જિઆંગે છૂટાછેડા માટે અરજી કરી છે. પત્નીનો કકળાટ અને અન્ય મોહિની માટે થયેલો મોહ આ છૂટાછેડાની ઈચ્છા માટે જવાબદાર છે. અનેક વર્ષોના લગ્નજીવનમાં પતિ - પત્નીમાં જોવા મળતા ક્ષુલ્લક ખટરાગ જિઆંગજીના જીવનમાં પણ છે. ‘તમે મોબાઈલમાં આખો દિવસ ચોંટ્યા રહો છો’ જેવી માથાકૂટથી ત્રાસી ગયેલા વડીલને સોશ્યલ મીડિયામાં આંટાફેરા મારતી વખતે એક કામિનીનું મુખ દર્શન થયું અને ‘આંખોં હી આંખોં મેં ઈશારા હો ગયા’ અને ‘પેહલીનઝરમેં પેહલાપ્યાર હો ગયા’ જેવું થયું. જોકે, આ સાચુકલી નવયૌવના નહોતી, પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા તૈયાર થયેલી AI મોડલ હતી. મિસ્ટર જિઆંગને એનાથી કોઈ મતલબ નહોતો, કારણ કે મન મોહિની સાથે ટોકિંગમાં ટેસડા પડી રહ્યા છે. એને માટે એ હદે લગાવ થઈ ગયો છે કે એના નવા મેસેજ માટે આંખો ફોનના સ્ક્રીનને ચોંટી રહે છે. આ વાતને લઈને પત્નીએ ટપારતા ડિવોર્સ લઈ શેષ જીવન AI અવતારને સમર્પિત કરવાનો નિર્ધાર કર્યો છે.

## લ્યો કરો વાત!

*સેન્ટ્રલ ઈંગ્લેન્ડ સ્થિત નોર્ધમ્પટનશાયર પરગણાના વેલિંગબોરો ખાતે શરૂ કરાયેલી આ જેલ **Her Majesty's Prison (HMP) Five Wells** તરીકે ઓળખ ધરાવે છે. ગુનેગારોને નવું જીવન આપવાના આશયથી જેલનો સ્ટાફ આ કોઠડીને રૂમ અને કેદીઓને રહેવાસી તરીકે સંબોધન કરે છે. ૧૭૦૦ કેદીની ક્ષમતા ધરાવતી સળિયા વિનાની બારી ધરાવતી આ સ્માર્ટ જેલમાં જિમ્નેશિયમ, સ્નૂકર ટેબલ, ટેબલ ટેનિસનું ટેબલ તેમ જ કમ્પ્યુટર ટેબ્લેટ રાખવામાં આવ્યા છે. યુકેના ‘ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ’ના કહેવા પ્રમાણે કેદીઓને શિક્ષણ, તાલીમ અને છૂટ્યા પછી નોકરીની તક આપતી દેશની આ પ્રથમ જેલ છે....* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## દીકરાને કૃષ્ણ બનાવવા ઈચ્છતી માતા પતિને કૃષ્ણ થતો કેમ રોકે છે?

દર્શન ભાવસાર

- **બન્નેના તોફાનના પ્રકાર અને પાત્ર જુદા હોય એટલે...**

ભગવાન કયું ચલણ-કરન્સી વાપરે છે?
- **દાન પેટીમાં આવેલું....**

ખુદાબક્ષ પાસેથી દંડ કેમ વસૂલવામાં આવે છે?
- **એ બક્ષિસ ના આપતો હોય એટલે...**

બોલે એના બોર વેચાય. અને મૌન રહે તો?
- **માલ ઘરજમાઈની જેમ પડ્યો રહે....**

શાસ્ત્રમાં ૬૮ તીર્થનો મહિમા છે. હવે, ૬૯મું નવું તીર્થ કયું?
- **સસુરાલ...**

નાકનો સવાલ આવે ત્યારે?
- **જો નફાકારક લાગે તો નાક પણ કપાવી લેવું!**

સંજોગનો શિકાર બનેલો અહિંસક રહે કે હિંસક બને?
- **એનો આધાર જોગ-સંજોગ પર છે.**

કોઈ માતા- પિતા અને ભાઈ-બહેન તુલ્ય બની શકે તો પત્નીતુલ્ય કોને બનાવાય?
- **પ્રેમિકાને....જો હોય તો !**

ઘરજમાઈ થવાના ફાયદા શું?
- **પત્નીને પિયર મૂકવા - લેવા જવાની કડાકૂટ મટે...**

સાળી અર્ધી ઘરવાળી તો સાળો?
- **પૂરો પેધી પડેલો...!**

ઘરમાં પણ રાજકારણ શરૂ થાય તો?
- **ચૂંટણી વિના પક્ષના રસોડા ને રૂમ જુદા થવા માંડે....**

મંકોડી પહેલવાન બને તો પછી કીડીએ શું કરવાનું?
- **કુસ્તીબાજ બનવાનું.**

મત દાન- રક્ત દાન- કન્યા દાન પછી મળે શું?
- **સંતો-દાન...!.**

એક ચતુર નાર બડી હોશિયાર.. બાકીની નારીનું શું?
- **બાકીની થઈ જાવ સાવધાન!**

માંગીને લેવું.. મારીને લેવું. એમાં સારું શું?
- **જે પણ સાવ મફત મળે એ...!**

ડહાપણની દાઢ આવે તો દાંત કેમ નહીં?
- **ડહાપણ તો ૩૨ દાંતને વહેંચવું પડે...!** ■

## કચ્છી ચોવક__કિશોર વ્યાસ

kishor.vyas@bombaysamachar.com

# જેને દુશ્મન વખાણે તે સાચા શૂરવીર!

**ચોવક છેઃ** ‘હણ થોડ઼ી નેં હણોંહણ જિવી’ પહેલો શબ્દ છેઃ ‘હણ’ જેનો અર્થ થાય છે કામ કે કાર્ય ‘થોડ઼ી’ એટલે થોડીક. ‘હણોહણ’ એટલે મારોમાર કે ઉતાવળ. ‘જીજી’ શબ્દનો અર્થ થાય છેઃ વધારે. સીધો શબ્દાર્થ જોવા જઈએ તો અર્થ થાય છેઃ કામ થોડું અને ઉતાવળ વધારે, પરંતુ ચોવક બીજા અર્થમાં એમણે કહે છે કે, ‘જીવન થોડું છે, જીવી લેવાની ઉતાવળ રાખજો. ચોવક એમ પણ કહે છે કે, કોઈ કામ કરવાની ઉતાવળ કરવાની જરૂર ન હોવા છતાં, એ કામ પૂરું કરવાનો દેખાડો કરવો! કામ કરતાં તેનો તાયફો વધારે કરવો!

ધંધામાં લીલાલહેર કોને હોય? કહેવાય છે કે, સોનીઃ તેના ધંધામાં લીલાલહેર હોય છે. એટલે જ કચ્છીમાં એમ કહેવાય છે કેઃ ‘સોની ડુકારેં પ ખટે નેં સુકારેં પ ખટેં’ - દુષ્કાળ હોય કે સુકાળ હોય સોનીને ફરક ન પડે, કારણ કે, દુષ્કાળમાં લોકો સોનું વેચી નાખે અને સુકાળના વરસમાં સોનું ખરીદતા હોય છે. સોનીનો ધંધો બારમાસી ધંધો ગણાય છે! અહીં ‘ડુકારેં’ શબ્દનો ઉપયોગ થયો છે, જેનો અર્થ થાય છેઃ દુષ્કાળમાં ‘ખટે’ એટલે કમાય કે કમાણે કરે. ‘સુકારેં’નો અર્થ છે ‘સુકાળ’.

એક બહુ સરસ ચોવક છેઃ ‘સુરાસે સચા, જૈંજા વેરી વખાણીં ધ’ ‘સૂરા’ એટલે બહાદૂર કે શૂરવીર ‘સે’ અહીં ‘એ’ કે ‘ઈ’ના અર્થમાં મૂકાયો છે. ‘સચા’ એટલે સાચા. ‘જેંજા’નો અર્થ છેઃ જેના ‘વેરી’ એટલે વેરી-દુશ્મન. ‘વખાણીંધા’ એટલે વખાણશે. સરળ શબ્દાર્થ એવો થાય છે કે, જેની બહાદુરી દુશ્મનો પણ વખાણે એ સાચા શૂરવીર ગણાય. આપણે ગુજરાતીમાં ઘણી વખત એક કહેવતનો બોલ-ચાલમાં ઉપયોગ કરતા હોઈએ છીએં કે, ‘મા વખાણે દીકરો ડાહ્યો ન ગણાય’ એ અર્થમાં જ આ ચોવક બની છ. જ્યારે બીજા લોકો ગુણના વખાણ કરે એ જ સાચો ગુણિયલ.

સાચા માણસને સૂફી તરીકે ઓળખાવતી પણ એક ચોવક છેઃ ‘સુફી સે, જુકો એ તેરઈ મોં તેં’ મતલબ કે, મોઢા પર કહી દેનાર માણસ જ સાચો! શબ્દ છેઃ ‘સુફી સે’ જેનો અર્થ થાય છે, સુફી એ કહેવાય. ‘જુકો’ એટલે ‘જે’ અને ‘ચે’ એટલે કહે. ‘તેરઈ’ એટલે ત્યારે જ કે મોઢા પર કહી દે તે!


કોઈને કોઈ મહત્ત્વનું કામ સોંપ્યું હોય અને એ વ્યક્તિ, આજે નહીં કાલે કે પછી સવાર-સાંજના વાયદા કર્યા કરે તેવી વ્યક્તિને ‘દરજી’ અને ‘સોની’ સાથે સરખાવવામાં આવી હોય તેવી પણ કચ્છીમાં એક ચોવક પ્રચલિત છે. સામાન્ય રીતે પણ એ આપણા સૌનો અનુભવ રહ્યો હશે કે, દરજી અને સોની હંમેશાં કામ પૂરું કરવાના વાયદા જ કર્યા કરે! તો, તેના માટે ચોવક છેઃ ‘સૂઈ જી સાંજી નેં સોની જી સવાર’ ‘સૂઈ’ એટલે દરજી. ‘જી’ એટલે ‘ની’ ‘સાંજી’નો અર્થ થાય છેઃ સાંજ શબ્દાર્થ છેઃ દરજીની સાંજે અને સોનીની સવાર (એ ભાગ્યે જ પડે!) તેમના કામના સવાર-સાંજના વાયદાઓ પડ્યા જ કરે!

એક બહુ જ સરસ ચોવક સમાજમાં પ્રચલિત છે. ‘સુકેં તેડ઼ા બારીયોં, આલૂકા ઉથલાઈયોં’ ચોવકમાં લાકડાંના ભારાને પ્રતીક બનાવીને જીવનની ફિલસૂફીનો પોતામાં સમાવેશ કરનાર આ ચોવકનો શબ્દાર્થ એવો છે કે, લાકડાં જેવાં સુકાઈ જાય તેમાં બાળીએં, અને ભીના હોય તેને સુકાવા માટે ઉથલાવીએં! ‘સુકેં’ શબ્દનો અર્થ છે, સુકાઈ જાય, ‘તેડ઼ા’ એટલે તેવાં ‘બારીયોં’ એટલે બોળીએં, (ચૂલામાં), ‘આલૂકા’ એટલે ભીના અને ઉથલાઈયોં એટલે ઉથલાવીએં. સુકા ભેગાં નીલાં (ભીના)ન બાળવાની વાત પણ ચોવકમાં વણી લેવાઈ છે. કેટલા ગહન અર્થ સાથે આ ચોવક બની હશે! ચતુર કરો વિચાર... ■

## મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા

feedback@bombaysamachar.com

# વ્યવહારલક્ષી શિક્ષણ મેળવવા શું કરવું ?



ગયા અઠવાડિયે આપણે વ્યવસાયલક્ષી શિક્ષણની વાત કરી.... આજે વ્યવહારલક્ષી શિક્ષણની વાત કરીએ. એને આપણે ‘જીવનલક્ષી’ શિક્ષણ પણ કહી શકીએ.

આ શિક્ષણમાં મુખ્ય ઉદ્દેશ ‘સંસ્કાર સિંચન’નો છે. આ પ્રકારના શિક્ષણમાં પહેલાથી નક્કી કરેલા અભ્યાસક્રમ નથી હોતા, પણ શિક્ષકના અનુભવ એ વિદ્યાર્થીનો અભ્યાસક્રમ બને છે. આ પ્રકારના શિક્ષણની શરૂઆત કુટુંબથી થાય છે, માટે માતા-પિતા, દાદા-દાદી તરફથી મળતો સંસ્કાર વારસો વિદ્યાર્થીના જીવન ઘડતરનો પાયો બને છે. આથી કુટુંબના સભ્યોને આ પ્રકારના શિક્ષણના શિક્ષકો કહી શકાય.

માતા-પિતા તરફથી મળતાં નીતિના બોધપાઠ જીવનમાં બહુ મોટું કામ કરે છે. આમાં, વળી માતાનો તો મુખ્ય ફાળો હોય છે.. કદાચ એટલે જ કહ્યું એ કે ‘એક માતા સો શિક્ષકોની ગરજ સારે.’ માતા હંમેશાં વ્યવહારલક્ષી શિક્ષણ આપે છે. દાદા-દાદી વાર્તાઓ કહીને બાળકની કલ્પના શક્તિનો વિકાસ જે રીતે કરી શકે છે તે આજની કાર્ટૂન ફિલ્મોથી થઈ શકતો નથી. પરિસ્થિતિને સહન કરવાની ક્ષમતા, માનસિકતા, શક્તિ- એ બધું કુટુંબના વડીલો પાસેથી મળે છે. સદાચાર, સદગુણ અને સભ્યતા વગર કોઈ પણ પ્રકારનું શિક્ષણ અધૂરું છે. વ્યવસાયલક્ષી શિક્ષણ વડે પ્રાપ્ત થયેલી બુદ્ધિથી આપણે તો એટલા આગળ નીકળી ગયાં છે કે સંયુક્ત કુટુંબો હવે ટીવી સિરિયલોમાં જ જોવા મળે છે! હવે તો દરેકની એક ‘પ્રાઈવેટ’ લાઈફ હોય છે અને દરેક કપલને સ્વતંત્રતા જોઈએ છે. આ બધાને પરિણામે જીવનલક્ષી અભ્યાસના મૂળ કપાઈ ગયાં છે અને લોકો મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવા માંડ્યા છે, એ બેવકૂફીની ચરમસીમા છે. ઘણાં બાળકોનો IQ અત્યારે ખૂબ ઊંચો છે, પણ એમને ક્યાં, શું બોલવાનું એનો વિવેક નથી. તેનું કારણ વ્યવહારલક્ષી શિક્ષણનો અભાવ છે. કુટુંબીજનો દ્વારા જો આ પ્રકારનું વ્યવસ્થિત શિક્ષણ મળે તો જીવનની દિશા બદલાઈ જાય. આ પ્રકારના શિક્ષણનું કોઈ મૂલ્ય આંકી શકાતું નથી, તેમજ આ શિક્ષકોનું ઋણ કદાપિ ચૂકવી શકાતું નથી.

બીજું, જીવનલક્ષી શિક્ષણ પુસ્તકોથી પ્રાપ્ત થાય છે. પુસ્તકો જેવો કોઈ મિત્ર નથી તથા તેમના જેવો કોઈ સાથી નથી. પુસ્તકો એક અ-વેતન શિક્ષકની ગરજ સારે છે.. સારાં પુસ્તકોનું વાચન વ્યક્તિમાં ચોક્કસ ચરિત્રનું નિર્માણ કરી શકે. મહાપુરુષોની આત્મકથા અને એમના અનુભવો કેટલાયનાં જીવન અજવાળી શકે. ગમે તેટલી વ્યસ્તતામાંથી સમય કાઢીને આપણે થોડો સમય પુસ્તકો સાથે વિતાવવો જોઈએ. પુસ્તકથી ડિપ્રેશન આદિ રોગો દૂર થાય છે. તમામ પૂર્વગ્રહોથી મુક્ત બનીને, પોતાનું જ્ઞાન એક બાજુએ મૂકીને, લેખકની શૈલીથી પુસ્તક વાંચવું જોઈએ અને તેમાંથી યોગ્ય લાગે એટલા સદવિચાર ગ્રહણ કરવા જોઈએ. પુસ્તકો મનોરંજનથી લઈને મનોવિકાસ સુધીના કામ એકલા હાથે કરી શકે એમ છે. યુવાનોએ વ્યવહારલક્ષી શિક્ષણ મેળવવા માટે નીતિનાં પુસ્તકોનું વાચન શ્રેષ્ઠ છે.

અત્યારે આપણે મોબાઈલ તરફ આંધળી દોટ મૂકી છે. પરિણામે પુસ્તકો તરફથી પ્રાપ્ત થતા વારસાથી વંચિત રહી ગયા છીએ. મોબાઈલ વ્યક્તિમાં સંસ્કાર સિંચન કરી શકતો નથી. એ તો ફક્ત મનોરંજનનું જ માધ્યમ છે. જ્યારે પુસ્તકો મનોરંજનની સાથે સાથે વ્યક્તિને મનોમંથન પણ કરાવે છે.

વ્યવહારિક જ્ઞાન મેળવવા માટેનો ત્રીજો માર્ગ ‘સંગ’ છે. આપણે ત્યાં ગુજરાતીમાં ‘જેવો સંગ તેવો રંગ’ એમ કહેવામાં આવે છે. ‘સંગ’ શબ્દના ઘણા અર્થો કરી શકાય. ઘણી વાર વ્યવહારલક્ષી શિક્ષણ મિત્રો પાસેથી પણ પ્રાપ્ત થતું હોય છે. સારો સંગ કરવાથી વ્યક્તિત્વમાં ચાર ચાંદ લાગી જાય છે. સારા મિત્રો પોતાના અનુભવથી બીજા મિત્રનું સંસ્કાર સિંચન કરે છે. સંગની મનુષ્યના વિચારો પર સીધી અસર થાય છે અને વિચારો જ તો મનુષ્યનું ઘડતર કરે છે!

સુસંગ પણ એક શિક્ષકનું કામ કરે છે અને જીવનનું શિક્ષણ આપે છે. કોઈને આ શિક્ષણ ‘અનુભવ’થી પ્રાપ્ત થાય છે, કોઈને ‘સેવા’થી, કોઈને ‘દેશ વિદેશના પ્રવાસો’થી પણ પ્રાપ્ત થઈ શકે છે. કોઈ ઘટના, કોઈ પ્રસંગ અથવા કોઈ વ્યક્તિ શિક્ષકના રૂપમાં નિમિત્ત બની જાય છે.

વ્યવહારલક્ષી શિક્ષણ વગર વ્યવસાયલક્ષી શિક્ષણ અધૂરું છે. વળી, આ પ્રકારનું શિક્ષણ જીવનભર ચાલતું રહે છે. કોઈએ સાચું જ કહ્યું છે કે, ‘જીવન એક પાઠશાળા છે.’ બંનેનો સમન્વય આપણા જીવનને ઉજાગર કરી શકે. જેમણે જ્ઞાનમાર્ગ સુધીની યાત્રા કરવાની હોય એમણે વ્યવહારલક્ષી પગદંડી પર ગયા વગર છૂટકો નથી. અર્વાચીન યુગમાં શિક્ષણની આ પરિભાષા સમજવી આપણે ખૂબ જરૂરી છે. ■

# અમદાવાદમાં વેપારી સાથે મિત્ર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટએ મળી ₹૨૧૭ કરોડની છેતરપિંડી આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના એક વેપારી સાથે તેના જ મિત્ર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા વિશ્વાસઘાત અને છેતરપિંડીનો મોટો કિસ્સો સામે આવ્યો હતો. આશરે ₹૨૧૭ કરોડના બિલિંગનો ઉપયોગ કરીને જીએસટીની ચોરી કરી હોવાનો આક્ષેપ છે. નંદન મહેતા અને મિતુલ ઘેલાણીએ ₹ ૧૯.૬૧ કરોડનો જીએસટી બચાવવા ખોટી સહીઓ કરી ₹ ૧૯૭.૯૩ કરોડના ટ્રાન્ઝેક્શન કર્યા હતા.

મળતી વિગત મુજબ ફરિયાદી આદેશ્વરકુમાર મહેતા 'મહેતા માર્કેટિંગ'ના નામથી મોબાઈલનો વેપાર કરે છે. ૨૦૧૪-૧૫માં તેમના વેપારમાં વેલ્યૂ એડેડ ટેક્સ સંબંધિત સમસ્યા ઊભી થઈ હતી. ત્યારે તેમના મિત્ર નંદન મહેતાએ તેમને સીએ મિતુલ ઘેલાણી સાથે ઓળખાણ કરાવી હતી. મિતુલ ઘેલાણીએ આદેશ્વરકુમારનું વેટનું કામ કરી આપ્યું હતું, જેથી આદેશ્વરકુમારે પોતાની પેઢીનું સીએનું કામ તેમને સોંપ્યું હતું.

૨૦૨૦માં નંદન મહેતાએ આદેશ્વરકુમારને તેમની કંપની 'ઓમ કોટજીન પ્રા. લિ.'માં થોડા સમય માટે ડિરેક્ટર બનવા માટે સમજાવ્યા. આદેશ્વરકુમાર મિત્રતાના સંબંધે તૈયાર થઈ ગયા. ૨૦૨૧માં મિતુલ ઘેલાણીએ આદેશ્વરકુમારને જણાવ્યું કે વેટના કેસ માટે એક બેંક ખાતું ખોલાવવું પડશે. આદેશ્વરકુમારે તેમના પર વિશ્વાસ મૂકીને નવરંગપુરાની મહેસાણા અર્બન કો.ઓપ. બેંકમાં 'મહેતા માર્કેટિંગ'ના નામે ખાતું ખોલાવ્યું હતું.

આ ખાતું ખોલતી વખતે, આરોપી નંદન મહેતાએ આદેશ્વરકુમારની જાણ બહાર પોતાનો મોબાઈલ નંબર અને પોતાનું નામ નોમિની તરીકે લખાવી દીધું હતું, જેથી બેંકના તમામ મેસેજ તેના નંબર પર જતા હતા.

આદેશ્વરકુમારને આ છેતરપિંડીની જાણ ત્યારે થઈ, જ્યારે તેમને જીએસટી વિભાગ તરફથી નોટિસ મળી. તેમણે બેંકમાં જઈને તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેમના ખાતામાં બે વર્ષ દરમિયાન ₹૨૧૭ કરોડનું મોટું ટ્રાન્ઝેક્શન થયું હતું. આ ટ્રાન્ઝેક્શન માટે ચેક પર આદેશ્વરકુમારની ખોટી સહીઓ કરવામાં આવી હતી.

આદેશ્વરકુમારે આ મામલે પોતાના મિત્ર નંદન મહેતા અને સીએ મિતુલ ઘેલાણી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે બંનેએ સાથે મળીને વિશ્વાસઘાત કરી, ખોટા ટ્રાન્ઝેક્શન કર્યા અને જીએસટીની ચોરી કરી, જેના કારણે તેમને માથે જીએસટીની નોટિસનો બોજ આવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ગુજરાતમાં ૧૦૫ આઈપીએસ અધિકારીઓની બઢતી અને બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આ વર્ષના અંતે યોજાય તેવી શક્યતા છે. જો કે રાજ્ય સરકારે અત્યારથી તેયારી શરૂ કરી છે. તેના ભાગરૂપે રાજ્યના રાજ્ય ગૃહ વિભાગ દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીની બદલી-બઢતી અંગે નોટિફિકેશન જાહેર કરીને જાણકારી આપવામાં આવી હતી.

આમ પણ પોલીસ બેડામાં આઈપીએસ અધિકારીઓની બદલી ક્યારે થશે તેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી અને સોમવારે ૧૮ ઓગસ્ટના રોજ આ આતુરતાનો અંત આવ્યો હતો. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગુજરાત મુલાકાત બાદ નવાજૂનીના એંધાણની વાતો વચ્ચે શ્રાવણ માસના છેલ્લા સોમવારે સાંજે આઈપીએસ લોબીની આતુરતાનો અંત આવ્યો અને સરકાર દ્વારા એકસાથે ૧૦૫ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જેમાં ડીસીપી અને એસપી કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. સફીન હસનને મહીસાગરના એસપી બનાવવામાં આવ્યા છે. જ્યારે ડો. હર્ષદ પટેલની અમદાવાદ ઝોન-૧માં નાયબ પોલીસ કમિશનર તરીકે ટ્રાન્સફર આપવામાં આવી છે. આ ઉપરાંત અક્ષયરાજ મકવાણાની ભરૂચમાં એસપી તરીકે બદલી આપવામાં આવી છે.આ ઉપરાંત અક્ષયરાજ મકવાણાની ભરૂચમાં એસપી તરીકે બદલી આપવામાં આવી છે. જ્યારે અમદાવાદના ઝોન ૪, ૫, ૬ની બદલી કરાઈ હતી. આ ઉપરાંત વલસાડના એસપી કરણરાજ વાઘેલાની સુરત ડિસીપી ઈકોનોમિક વિંગમાં બદલી કરવામાં આવી હતી. પ્રેમસુખ ડેલુની સુરેન્દ્રનગર એસપી તરીકે બદલી કરાઇ હતી. મનોહરસિંહ જાડેજાની અરવલ્લી એસપી તરીકે બદલી કરાઇ હતી. સ્ટેટ સાયબર સેલના એસપી ધર્મેન્દ્ર શર્માને વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં મુકાયા છે. આઈબીમાં એસપી મયુર પાટીલને વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં મુકાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રેન્જ આઈજી કક્ષાના અધિકારીઓની બદલી હજુ બાકી હોવાથી આગામી દિવસોમાં વધુ એક બદલીનો દોર શરૂ થાય તેવી પણ શક્યતા છે. સોમવારે એસપી કક્ષાના અધિકારીઓની બદલી તથા અમદાવાદ એસઓજીના ડીસીપી અને ટ્રાફિકના ડીસીપી સહિત ૬ જેટલા ડીસીપીની બદલી થઈ હતી. હજુ આગામી સમયમાં સિનિયર આઈપીએસ અધિકારીઓની બદલી આવે તેવી તૈયારી છે. જેમાં અમદાવાદના સેક્ટર ૧ અને અન્ય અધિકારીઓ પણ બદલાય તેવી પૂરી શક્યતાઓ છે. ■

# અંકલેશ્વરના માટીએડના કોરોનાના દર્દીનું મોત, કોવિડના લક્ષણ જણાતા સારવાર ચાલી રહી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વર તાલુકાના માટીએડ ગામમાં કોરોનાથી એક વૃદ્ધનું મોત થયું હતું. ૬૦ વર્ષીય નરેશ પ્રજાપતિને ૧૨મી ઓગસ્ટે કોરોના જેવાં લક્ષણો જણાતાં જયાબેન મોદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સારવાર દરમ્યાન તેમની તબિયત વધારે બગડી જતા ૧૭મી ઓગસ્ટે તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં સૌથી ચિંતાની વાત એ છે કે, મૃતક વૃદ્ધે કોરોનાની રસીના જરૂરી બે બૂસ્ટર ડોઝ લીધા નહોતા.

કોરોનાથી મૃત્યુ પામેલા નરેશભાઈનો મૃતદેહ નર્મદા નદી કિનારે આવેલા સ્પેશિયલ કોવિડ સ્મશાનમાં લઈ જવામાં આવ્યો હતો. સામાજિક કાર્યકરોની ટીમે કોરોના પ્રોટોકોલ મુજબ અંતિમ સંસ્કાર કરાવ્યા હતા. વૃદ્ધના આકસ્મિક મૃત્યુથી માટીએડ ગામ સહિત આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. સ્થાનિક આરોગ્ય વિભાગે ફરી એકવાર લોકોને સાવચેત રહેવા, રસીકરણ પૂર્ણ કરવા અને માસ્ક, સેનિટાઈઝર તથા સોશ્યલ ડિસ્ટન્સિંગ જેવા કોવિડના મૂળભૂત નિયમોનું પાલન કરવાની અપીલ કરી હતી. ■

# ગંભીરા બ્રિજના વૈકલ્પિક બ્રિજની વ્યવસ્થા નહીં થાય તો સ્થાનિકોએ ભૂખ હડતાળની ચીમકી ઉચ્ચારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગંભીર બ્રિજ દુર્ઘટના બાદ હાલ તેનું કારણ જાણવા તપાસ ચાલી રહી છે. આ બ્રિજ દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ નોકરી-ધંધા તેમજ ભણતર અર્થે વડોદરા જિલ્લામાં જતા હજારો નોકરીયાતો, ખેડૂતો અને વિદ્યાર્થીઓને અવરજવર કરવામાં ભારે તકલીફ પડી રહી છે. બ્રિજ બંધ થવાથી લોકોને નોકરી પર જવા કે અન્ય કામ માટે જવા પહેલાં ૭થી ૧૦ કિમી થતું હતું, એના બદલે હવે ૪૦ કિલોમીટરનો ફેરો થાય છે, જેથી પેટ્રોલનો ખર્ચ રૂ.૮૦૦ને બદલે ૪ હજારે પહોંચ્યો છે. આનાથી સમય અને પૈસા બંનેનો વ્યય થાય છે.

એક અઠવાડિયા પહેલા વડોદરા અને આણંદ જિલ્લા કલેક્ટરને વૈકલ્પિક રસ્તા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં આંકલાવ અને બોરસદ તાલુકાના ૩૦ જેટલા ગામના સરપંચો અને આગેવાનોએ બામણગામમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. વૈકલ્પિક રસ્તો આપવાની માગ સાથે તેમણે "ન્યાય આપો, ન્યાય આપો... વૈકલ્પિક માર્ગ આપો"ના નારા લગાવ્યા હતા. તેમણે વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવાની માગ કરી છે.જો તેમની આ માગ સ્વીકારવામાં નહીં આવે તો, આગામી દિવસોમાં ૧૦૦૧ યુવકો અન્નનો ત્યાગ કરીને ભૂખ હડતાળ પર ઉતરશે અને ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

સ્થાનિકોએ વૈકલ્પિક રસ્તા માટે પીપા પુલ બનાવવાની માગ કરી હતી. સ્થાનિકોના કહેવા મુજબ, કુંભમેળા દરમિયાન આવા પુલનો ઉપયોગ થતો હોય છે. આવી જ રીતે અહીં પીપા પુલ બનાવવામાં આવે તો આણંદ જિલ્લાના નોકરિયાત લોકો, ખેડૂતો અને વિદ્યાર્થીઓ પોતાના ટૂ-વ્હિલર અને અન્ય નાના વાહનો લઈને સરળતાથી અવરજવર કરી શકશે. આનાથી તેમને પડતી મુશ્કેલીઓ ઓછી થશે. ■

# હવામાન વિભાગે સૌરાષ્ટ્રમાં બે દિવસ અતિભારે વરસાદની આગાહી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા તા. ૨૦ ઓગસ્ટના રોજ અમરેલી, ભાવનગર, સુરત, નવસારી તથા વલસાડ જિલ્લામાં તેમજ તા. ૨૧ ઓગસ્ટના રોજ કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર તથા જૂનાગઢ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી તા. ૨૫ ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે રાહત નિયામકના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગ્રૂપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં એનડીઆરએફ બેઠકમાં એનડીઆરએફ અને એસડીઆરએફ અધિકારીઓના જણાવ્યા મુજબ ચોમાસામાં દરમિયાન ઉપસ્થિત થતી કોઇપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા એનડીઆરએફની કુલ ૧૨ ટીમ અને એસડીઆરએફની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત એનડીઆરએફની એક ટીમ રિઝર્વ રાખવામાં આવી છે. વધુમાં, સુરેન્દ્રનગર જિલ્લામાં આયોજિત તરણેતરના મેળા માટે પણ એક એસડીઆરએફ ટીમ ફાળવવા રાહત નિયામકે સૂચના આપી હતી.

આ બેઠકમાં રાહત નિયામક દ્વારા તમામ વિભાગના નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ પાઠવવામાં આવી હતી. સાથે જ, ચોમાસામાં સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા એલર્ટ રહેવા પણ જણાવ્યું હતું. ■


અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ.૧૮૨૨ વર્ષ ૨૧૨



પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.


## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| CAUTION | રાજદ્રોહ |
| LESSON | જીવનલક્ષ્ય |
| MISSION | સાવધાની |
| PASSION | બોધપાઠ |
| TREASON | જુસ્સો |

### ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઈતિહાસમાં સૌથી મોટી ઉંમરે (૫૧ વર્ષ) કેપ્ટન બનેલા ક્રિકેટરની ઓળખાણ પડી?

અ) હનીફ મોહમ્મદ બ) ડબલ્યુ. જી. ગ્રેસ ક) ડોન બ્રેડમેન ડ) લેન હટન

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તમે સાવ નચિંત રહી કામ કરજો' પંક્તિમાં નચિંત શબ્દનો અર્થ જણાવો.

અ) સાવધ બ) આળસ ક) બેફિકર ડ) ઉદ્યમ

### ગુજરાત મોરી મોરી રે

'વહીવટ - વ્યવસ્થામાં સદંતર ગેરવ્યવસ્થા' મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ને રાજ પોપાબાઈનું બપોરે બણગું ખરે

### માતૃભાષાની મહેક

ફિકરથી જીવને પીડા, ફિકરથી જીવ જાય, ફિકરની ફાકી કરે એ ખરો ફકીર કહેવાય સુભાષિત સમજવા જેવું છે. ચિંતા - ફિકર પરેશાનીને ખુલ્લું નોતરું આપી દે છે. આ ફિકર ક્યારેક જીવલેણ પણ સાબિત થાય છે. ફિકરની ફાકી કરે એ ખરો ફકીર કહેવાય. મતલબ કે ફિકરને પચાવી જાય, એનાથી વ્યથિત ન થાય.

### ઈર્શાદ

*મિલાવ હાથ, ભલે સાવ મેલોઘેલો છે,*
*હૃદયથી આદમી પવિત્ર હોય પૂરતું છે.*

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

### માઈન્ડ ગેમ

વિશ્વમાં વિવિધ રમત રમાતી હોય છે. આઈસ હોકી તરીકે ઓળખાતી રમત કયા દેશની રાષ્ટ્રીય રમત છે એ જાણો છો?

અ) કેનેડા બ) યુએસએ ક) ઓસ્ટ્રેલિયા ડ) સ્વિટ્ઝર્લેન્ડ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ બૂ | ૩ ત | ૪ ર | ખા | ૫ ના | | ૬ અ | ૭ પૂ | ર્વ |
| ૮ ક | ચ | વા | તા | | ૯ મ | ૯-અ ના | | ત | |
| ળા | | ૧૦ ઇ | શ | | ૧૧ ના | ટ્ય | | ૧૨ ના | ૧૩ મ |
| ૧૪ ટ | ૧૫ કો | | | ૧૬ અ | | ૧૭ શા | પ | | જૂ |
| | ૧૮ દા | વા | ૧૯ ન | ળ | | સ્ત્ર | | ૨૦ ચા | સ |
| ૨૧ પ | ળી | | ૨૨ ક | સ | ક | | ૨૩ મ | રો | |
| દા | | ૨૪ જા | લ | | | ૨૫ સી | | | ૨૬ ચ |
| ધિ | | ૨૭ ન | ચી | ૨૮ ત | | ૨૯ ધુ | વાં | ધ | જ |
| ૩૦ કા | દ | વ | | ૩૧ મા | ણ | સ | | | મા |
| રી | | ૩૨ ર | સ | મ | | ૩૩ ટ | ન | ટ | ન |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | |
| | | ૭ | | ૭/અ | | | | | |
| ૮ | ૯ | | | ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ |
| | | | ૧૪ | | | | ૧૫ | | |
| ૧૬ | | ૧૭ | | ૧૮ | | | ૧૯ | | |
| | | ૨૦ | | | | ૨૧ | | | |
| | | | | | ૨૨ | | | ૨૩ | |
| ૨૪ | | | ૨૫ | ૨૬ | | | | ૨૭ | ૨૮ |
| | | ૨૯ | | | | | ૩૦ | | |
| | ૩૧ | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. આજકાલ વરસાદ --- પડે છે (૪)
૪. ઈચ્છા વિરુદ્ધ ઉઠાવી જવું (૫)
૭. ઠંડીમાં ઓઢવી પડે (૩)
૮. આકર્ષણ (૩)
૧૦. દીકરાની માના બાપા (૩)
૧૨. પછી, ઓછું (૨)
૧૪. કાળજી, તમા, ચિંતા (૩)
૧૫. 'ચિતરવું'નું આજ્ઞાર્થ (૩)
૧૬. મનમાં વિચારવું (૩)
૧૯. મડદામાં ---ના હોય (૨)
૧૯. હિંદીમાં પ્રિયતમ (૩)
૨૦. પૂરું, ખતમ, પૂર્ણાહુતિ (૩)
૨૧. 'ખાવું'નું આજ્ઞાર્થ (૨)
૨૨. રસતરબોળ થવું (૪)
૨૪. ગળ્યું --- જેવું (૨)
૨૫. એકદમ નાનું (૪)
૨૭. બે ખેતર કે મન વચ્ચે હોય (૨)
૨૯. તદ્દન, શુદ્ધ (૪)
૩૦. સંદેશ, વિગત, માહિતી (૩)
૩૧. તાળું ખોલો (૨)
૩૨. મમ્મીના પપ્પાના દીકરા (૨)

**ઊભી ચાવી**

૧. ગુજરાતનું એક શહેર (૩)
૨. શિકાર (૩)
૩. છૂટ્ટી, પરવાનગી (૩)
૫. કામના બદલામાં મળે (૩)
૬. કાઢી નાખવું તે (૫)
૯. કામદેવ (૩)
૭/અ. જીવનનું ધ્યેય ---નું હોય (૫)
૧૧. સોબતનો આનંદ, આરામ (૩)
૧૩. પગાર, વેતન (૪)
૧૫. ચાંપલી (૪)
૧૬. સાગર (૫)
૧૭. જાત (૩)
૨૧. જોડો (૩)
૨૨. સંખ્યા, આંકડો (૩)
૨૩. મુસ્લિમ શાસક (૩)
૨૫. સ્ત્રી (૨)
૨૬. નાદ કરવો (૩)
૨૮. બીવું, બીક લાગવી (૩)
૨૯. --- વહુ નવ દહાડા (૨)
૩૦. --- મારા વીરાને - ગુ.ફિલ્મ (૨)

### સુડોકુ-૯૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | | ૨ | | | |
| ૫ | | | | ૩ | | ૭ | | ૬ |
| ૯ | | | ૬ | | ૪ | | ૩ | |
| | ૪ | ૯ | | | | | ૫ | ૮ |
| | | | | | | | | |
| ૮ | ૭ | | | | | ૨ | ૬ | |
| | ૯ | | ૪ | | ૮ | | | ૧ |
| ૧ | | ૩ | | ૫ | | | | ૯ |
| | | | ૩ | | | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૬ | ૩ | ૪ | ૧ | ૮ | ૨ | ૯ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૬ |
| ૮ | ૨ | ૩ | ૯ | ૫ | ૬ | ૧ | ૭ | ૪ |
| ૩ | ૬ | ૨ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ |
| ૭ | ૪ | ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૬ | ૫ |
| ૧ | ૫ | ૮ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ | ૭ |
| ૬ | ૩ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૨ | ૮ | ૪ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ |

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| BLUSH | શરમાઈ જવું |
| CRUSH | કચડી નાખવું |
| FLUSH | લાલિમા |
| PLUSH | રેશમનું કાપડ |
| TRASH | કચરો |

ઓળખાણ પડી? — કુલદીપ યાદવ

માઈન્ડ ગેમ — સ્કોટલેન્ડ

ચતુર આપો જવાબ — અર્થ જણાવો — સુગંધ

ગુજરાત મોરી મોરી રે — દરિયાના છેડા આવે કોઈની છાતીના છેડા ન આવે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) મુલરાજ કપૂર (૮) સુભાષ મોમાયા (૯) ખુશરૂ કાપડીયા (૧૦) સુભાર આશર (૧૧) નિખિલ બેંગાલી (૧૨) અમીષી બેંગાલી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ દોશી (૧૭) જયોતિ ખાંડવાલા (૧૮) રમેશ દલાલ (૧૯) હિના દલાલ (૨૦) ઈનાક્ષી દલાલ (૨૧) જયોત્સના ગાંધી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) હર્ષા મહેતા (૨૪) વિપીન શાહ (૨૫) ધવલ શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જીત શાહ (૨૮) મહેન્દ્ર લોઢવિયા (૨૯) ભાવના કર્વે (૩૦) પ્રવીણ વોરા (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અંબરીષ ઓઝા (૩૩) પુષ્પા ખોના (૩૪) ડાયના સંતોકે (૩૫) અલકા વાણી (૩૬) અરવિંદ કામદાર (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નિતિન જયંતીલાલ બજારિયા (૪૦) કમલ મટાલિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) નિતા દેસાઈ (૪૬) કિશોર સંઘરાજકા (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) મહેશ સંઘવી (૪૯) રસિક જુઠ્ઠાણી (ટોરોન્ટો - કેનેડા)



# મીઠી નદીમાં પૂર લોકોમાં ગભરાટ

## મીઠી નદીમાં પૂરની સ્થિતિથી કિનારાના પરિસરો જળબંબાકાર

## ૨૬ જુલાઈ જેવી સ્થિતિના ભયથી તંત્ર સાબદું

## ૫૦૦ રહેવાસીને સુરક્ષિત સ્થળે ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જુલાઈ મહિનો કોરો ગયા પછી ઑગસ્ટમાં વરસાદે જાણે તાંડવ કરવા માંડ્યું. ત્રણ દિવસથી સતત વરસી રહેલા વરસાદે મંગળવારે જોર દેખાડતાં મીઠી નદીનું પાણી ફરી ભયજનક સપાટીએ પહોંચી જતાં રહેવાસીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા. મીઠી નદીને કારણે પૂરની સ્થિતિ ઊભી થતાં કિનારાના પરિસરો જળબંબાકાર થઈ ગયા હતા તો તંત્ર સાબદું થઈ ગયું હતું. સાવચેતી ખાતર મુંબઈ મહાનગરપાલિકા દ્વારા નદીકિનારાના પરિસરોમાં રહેતા ૫૦૦ જેટલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

મુંબઈમાં સોમવાર રાતથી વરસી રહેલા વરસાદે મંગળવારે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બપોર સુધીમાં તો મીઠી નદીમાં પાણીનું સ્તર ૩.૯ મીટર સુધી પહોંચી ગયું હતું, જે ભયજનક સપાટીની લગોલગ હોવાનું કહેવાય છે. નદીમાં ઝડપભેર પાણી વધી રહ્યું હોવાથી પાલિકાના અધિકારીઓ પણ ચિંતામાં પડી ગયા હતા.

જોકે નદીનાં પાણીએ ભયજનક સપાટી ૪.૨ મીટર પાર કરી નહોતી. બપોર બાદ પાણી ઓસરવા લાગતાં નદીની સપાટી ૩.૭ મીટર સુધી નીચે ઊતરી ગઈ હતી, પરંતુ ત્યાં સુધીમાં તો મહાપાલિકાના અધિકારીઓની ઊંઘ ઊડી ગઈ હતી અને રહેવાસીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા.

મંગળવારના વરસાદે ૨૬ જુલાઈ, ૨૦૦૫ના

(જુઓ પાનું ૪) ▶▶

## બોમ્બે હાઇ કોર્ટ બપોર પછી બંધ

મુંબઈ: શહેરમાં સતત પડી રહેલા વરસાદને કારણે બોમ્બે હાઇ કોર્ટે મંગળવારે બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી જ કામગીરી બજાવી હતી. સામાન્ય રીતે, હાઇ કોર્ટ સવારે ૧૧થી સાંજના ૫ વાગ્યા સુધી કામ કરે છે. મંગળવારે મુંબઈમાં પડેલા ધોધમાર વરસાદને કારણે માર્ગ અને રેલ ટ્રાફિકને અસર થઈ હતી અને સરકારી ઓફિસો બંધ રહી હતી.

સવારે જારી કરવામાં આવેલી નોટિસમાં હાઈકોર્ટે જણાવ્યું હતું કે ધોધમાર વરસાદ અને ખરાબ હવામાનની આગાહી તેમજ વકીલો અને સ્ટાફના સભ્યોને આવવા-જવામાં પડતી મુશ્કેલીઓને કારણે તમામ અદાલતો બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી જ કામ કરશે. તમામ અધિકારીઓ/સ્ટાફના સભ્યોને બપોરે ૧ વાગ્યા સુધીમાં ઓફિસ છોડવાની મંજૂરી આપવામાં આવી હોવાનું નોટિસમાં જણાવાયું છે.

શહેરમાં સોમવારે વરસાદે જોર પકડ્યા પછી મંગળવારે પણ ભારે વરસાદ ચાલુ રહેતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. સોમવાર અને મંગળવારે કેટલાક વકીલો હાઇ કોર્ટ સમક્ષ તેમની બાબતોની દલીલ કરવા માટે ઓનલાઇન હાજર રહ્યા હતા. ભારતીય હવામાન વિભાગે મંગળવારે મુંબઈ અને તેની આસપાસના જિલ્લાઓમાં એકાંત સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી કરતા 'રેડ એલર્ટ' જારી કર્યું હતું. (પીટીઆઈ)■

## પાણીથી બચ્યા, પણ સાપ-અજગરનો ડર

### મીઠી નદીમાં પાણીનું સ્તર વધવાને કારણે કિનારાના પરિસરોમાં પાણીની સાથે ઝેરી સાપ અને કરચલા તણાઈ આવ્યા, એમાં વીજપુરવઠો ખંડિત કરાતાં રહેવાસીઓમાં ફફડાટ

*યોગેશ સી. પટેલ*

મુંબઈ: સતત બે દિવસથી મનમૂકીને વરસતા મેઘરાજાએ મંગળવારે મુંબઈને જાણે પાણીમાં ડુબાડી દીધું હતું. મુંબઈની સૌથી લાંબી મીઠી નદીમાં પાણીનું સ્તર ભયજનક સપાટીએ પહોંચતાં કિનારાના પરિસરોમાં પાણી ભરાયાં હતાં, જેને કારણે વીજપુરવઠો ખંડિત કરવામાં આવ્યો હતો. પાણી સાથે સાપ, અજગર અને કરચલા તણાઈ આવ્યા હોવાથી અંધારામાં જાનનું જોખમ હોવાથી રહેવાસીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

મંગળવારે મીઠી નદીમાં પાણીનું સ્તર ૩.૯ મીટર સુધી વધી ગયું હતું, જેને કારણે નદીકિનારે આવેલા કુર્લા, સાકીનાકા અને બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સના અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતાં. ક્રાંતિનગર, આંબેડકરનગર અને વાલ્મિકીનગર જેવા પરિસરોમાં તો ઘૂંટણસમાણાં પાણી ભરાયાં હતાં. આ પરિસરમાં પાર્ક કરાયેલાં વાહનો અડધા પાણીમાં ડૂબી ગયેલાં નજરે પડ્યાં હતાં.

કહેવાય છે કે આંબેડકરનગર અને વાલ્મિકીનગરના રહેવાસીઓએ ધસમસતાં પાણી સાથે સાપ અને કરચલા તેમના પરિસરમાં તણાઈ આવ્યાની ફરિયાદ કરી હતી. નદીમાંના સાપ આંબેડકરનગરની ચાલીઓમાં નજરે પડ્યા હોવાનો દાવો રહેવાસીઓએ

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં રેકોર્ડ ૩૦૦ મિમી. વરસાદ: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં વાદળ ફાટવા જેવી પરિસ્થિતિને કારણે પૂર આવ્યું હતું, જ્યારે મુંબઈમાં લગભગ ૩૦૦ મિમિનો રેકોર્ડ વરસાદ પડ્યો હતો, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું.

રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદને કારણે ૧૨ થી ૧૪ લાખ એકર જમીનમાં ફેલાયેલા પાકને નુકસાન થયું છે, એમ સાપ્તાહિક કેબિનેટ બેઠક બાદ ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું.

૧૨-૧૪ લાખ એકર વિસ્તારમાં પાકને થયેલા નુકસાન ઉપરાંત, નાંદેડ જિલ્લામાં આઠ લોકોનાં મોત થયા છે અને પશુધનને પણ નુકસાન થયું છે, એમ તેમણે જણાવ્યું હતું.

"એકંદરે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. મુંબઈમાં લગભગ ૩૦૦ મિમિ જેટલો રેકોર્ડ વરસાદ પડ્યો છે. શહેરની જીવનરેખા - ઉપનગરીય ટ્રેનો ધીમી પડી ગઈ છે અથવા મોડી ચાલી રહી છે. (મુંબઈમાં) મીઠી નદી ભયજનક સપાટીએ પહોંચી ગઈ છે અને ૪૦૦ થી ૫૦૦ લોકોને સ્થળાંતર કરવા પડ્યા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

શિંદે સતત બીજા અઠવાડિયામાં કેબિનેટની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. ફડણવીસે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

## લાઈફલાઈન લોકલ ટ્રેનોને અસર: મુસાફરો અટવાયા

મુંબઈ: મુંબઈમાં મુશળધાર વરસાદ બાદ પાટા પર પાણી ભરાઈ જવાને કારણે મધ્ય રેલવેની મુખ્ય અને હાર્બર લાઇન પર લોકલ ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી. જેથી મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલીક જગ્યાએ, પાટા ૧૭ ઇંચ જેટલા પાણીમાં ડૂબી ગયા હતા. સાયન અને કુર્લામાં પાટા ઉપર આઠ ઇંચ જેટલું પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે મધ્ય રેલવેએ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (દક્ષિણ મુંબઈમાં) અને થાણે વચ્ચે અને

(જુઓ પાનું ૪) ▶▶

### બેસ્ટે વધારાની બસો દોડાવી

મુંબઈ: ભારે વરસાદને કારણે સેન્ટ્રલ રેલવેની મેઈન લાઈન અને હાર્બર લાઈનની ટ્રેનસેવા બંધ પડી જતાં મુસાફરોની સુવિધા માટે બેસ્ટે વધારાની બસો દોડાવવી પડી હતી. બેસ્ટના અધિકારીના જણાવ્યા મુજબ ૧૦થી ૧૨ રૂટ પર ૭૨ જેટલી વધારાની

(જુઓ પાનું ૪) ▶▶

## ચાર દિવસમાં ૧૬૪૫ કરોડ લિટર પાણી પમ્પ કરવામાં આવ્યું

### તુલસી તળાવના પાણી કરતાં બમણાથી વધુ પાણી છેલ્લા ચાર દિવસમાં પમ્પ કરવામાં આવ્યું

મુંબઈની અનોખી ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા, ભારે વરસાદ દરમિયાન મહાનગરમાં પડતા વરસાદી પાણીને અસરકારક રીતે નિકાલ કરવા માટે પાલિકાએ મુંબઈમાં કુલ છ પમ્પિંગ સ્ટેશન બનાવ્યાં છે. આ પમ્પિંગ સ્ટેશનોમાં કુલ ૪૩ પમ્પ છે, જેમાંથી દરેકની ક્ષમતા પ્રતિ સેકન્ડ ૬,૦૦૦ લિટર પાણી પમ્પ કરવાની છે. આનો અર્થ એ થયો કે બધા પંપની સંયુક્ત ક્ષમતા પ્રતિ સેકન્ડ ૨ લાખ ૫૮ હજાર લિટર પાણી પમ્પ કરવાની છે. ૧૬ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સવારથી મુંબઈમાં વરસાદ શરૂ થયો હતો ત્યારથી ૧૯ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધી, લગભગ ચાર દિવસના સમયગાળામાં બધા પમ્પિંગ સ્ટેશનોમાંથી કુલ ૧૬,૪૫૧.૫૫ મિલિયન લિટર (૧,૬૪૫.૧૫૫ કરોડ લિટર) પાણી પમ્પ કરવામાં આવ્યું હતું. એટલે કે ૮,૦૪.૬ કરોડ લિટરની પાણી સંગ્રહ ક્ષમતા ધરાવતા તુલસી તળાવના

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં પાંચ દિવસમાં ત્રીજી વખત ત્રણ આંકડાનો વરસાદ

### પાંચ વર્ષમાં સૌથી વધુ વરસાદ ઓગસ્ટમાં



મીઠી નદીમાં પૂર આવવાથી રસ્તા જળબંબાકાર થઈ જતાં એલબીએસ રોડ પર ટ્રાફિક જૅમ સર્જાયો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મંગળવાર માટે રેડ એલર્ટ સચોટ સાબિત થયું હતું. મુંબઈમાં ફરી એક દિવસમાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં સાંતાક્રુઝમાં સવારે ૮.૩૦ થી બપોરે ૨.૩૦ વાગ્યાની વચ્ચે ૧૫૧.૪ મીમી વરસાદ નોંધાયો - જે સોમવારે આ જ સમયગાળા દરમિયાન ૮૬.૧ મીમી વરસાદથી લગભગ બમણો હતો. વિક્રોલીમાં પણ ૧૪૧.૫ મીમી વરસાદ નોંધાયો હતો, જે સોમવારે૧૦૩ મીમી હતો, જ્યારે જુહુ, ભાયખલા અને બાંદ્રામાં નજીવો વધારો થયો. કોલાબા એકમાત્ર સ્ટેશન હતું જ્યાં ૨૯ મીમી વરસાદનો ઘટાડો નોંધાયો હતો, જે અગાઉના દિવસે ૪૧.૮ મીમી હતો. ૧૯ ઓગસ્ટના રોજ સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકના સમયગાળામાં, મલાડના ચિંચોલીમાં આશ્ચર્યજનક રીતે ૩૬૧ મીમી વરસાદ નોંધાયો હતો, જે સમગ્ર શહેરમાં સૌથી વધુ વરસાદમાંનો એક હતો. મંગળવારના વરસાદે એક અલગ જ પેટર્નમાં ઉમેરો કર્યો હતો - મુંબઈ એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં ૨૦૦ મીમીથી વધુ વરસાદ તરફ આગળ વધી રહ્યું છે, ૧૬ ઓગસ્ટે ૨૪૪ મીમી અને ૧૮-૧૯ ઓગસ્ટે ૨૩૮ મીમી વરસાદ પડ્યો હતો. થાણે, કલ્યાણ, વસઈ અને વિરારમાં ત્રણ આંકડાનો વરસાદ પડ્યો હતો. મંગળવારે બપોર સુધીમાં, ઓગસ્ટનો વરસાદ ૮૭૧.૨ મીમી સુધી પહોંચી ગયો છે - જે જૂન (૫૧૨.૭ મીમી) અને જુલાઈ (૭૯૭.૩ મીમી) બંને માટે કુલ વરસાદ કરતાં વધુ છે - જોકે હજુ પણ ઓગસ્ટના સરેરાશ ૯૧૯.૯ મીમીથી પાછળ છે.

### આજે પણ ભારે વરસાદ પડશે

મુંબઈ માટે બુધવારના ઓરેન્જ એલર્ટ રહેશે, જે હેઠળ ભારે વરસાદ ચાલુ રહેવાની ધારણા છે, જ્યારે વેધશાળા ગુરુવારથી થોડી રાહતનો સંકેત આપે છે, જે યલો એલર્ટ જારી કરવામાં આવ્યો છે જે તીવ્રતામાં ઘટાડો દર્શાવે છે.

### પાંચ વર્ષનો સૌથી વધુ વરસાદ

આ મહિનામાં ૮૭૧.૨ મીમી વરસાદ પહેલાથી જ નોંધાયેલ છે, ઓગસ્ટ ૨૦૨૫ મુંબઈમાં પાંચ વર્ષમાં સૌથી વધુ વરસાદ છે. શહેરમાં છેલ્લે ઓગસ્ટ ૨૦૨૦ માં વધુ વરસાદ પડ્યો હતો, જ્યારે આખા મહિના દરમિયાન ૧,૨૪૦ મીમી વરસાદ નોંધાયો હતો.

## પુણેના ખડકવાસલા ડેમમાંથી પાણી છોડાયું

### આસપાસના વિસ્તારોમાં પૂરની ચેતવણી

પુણે : મંગળવારે પુણેના કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ખડકવાસલા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું, જેના કારણે અધિકારીઓએ મુઠા નદીની આસપાસના વિસ્તારોને એલર્ટ કર્યા હતા.

પુણે શહેર અને તેની આસપાસના ખડકવાસલા, પાનશેત, વારસગાંવ અને ટેમઘર ડેમના કેચમેન્ટ વિસ્તારોમાં

મંગળવાર સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે.

સિંચાઈ વિભાગના જણાવ્યા અનુસાર, ખડકવાસલા જળાશયમાંથી મુઠા નદીમાં વધારાનું પાણી છોડવામાં આવી રહ્યું છે. "હાલમાં, ખડકવાસલા ડેમમાંથી ૧૯,૩૩૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જોકે, જળાશયમાં પાણીના પ્રવાહને ધ્યાનમાં

(જુઓ પાનું ૪) ▶▶

### વસઈ-વિરારમાંથી ૪૯૭ લોકોનું સ્થળાંતર

પાલઘર જિલ્લામાં અનરાધાર વરસતા વરસાદને કારણે અનેક ઠેકાણે પાણી ભરાયાં હતાં. કેટલાક વિસ્તારો તો જાણે દરિયા જેવા ભાસતા હતા. વસઈના બોઈદાપાડા ખાતે કમર સુધીનાં પાણી ભરાયાં હતાં, જેને કારણે જીવના જોખમે નાગરિકોએ ત્યાંથી પસાર થવું પડ્યું હતું. રસ્તાઓ પર પાણી ફરી વળતાં અમુક વાહનો બંધ પડી ગયાં હતાં, જેને કારણે ધક્કા મારીને તેને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યાં

(જુઓ પાનું ૪) ▶▶

### ભેખડના ડરથી ભાંડુપના રહેવાસીઓનું સ્થળાંતર

જોરદાર વરસાદને કારણે ડુંગરાળ પરિસરમાં રહેતા લોકોને સતર્કતા ખાતર અન્યત્ર ખસેડવાની કામગીરી પાલિકા દ્વારા કરાઈ હતી. ભાંડુપના ખિંડીપાડા અને વિક્રોલીના સૂર્યાનગર ખાતેના રહેવાસીઓને નજીકની એસઆરએ બિલ્ડિંગમાં કામચલાઉ રહેવાસની સગવડ કરી આપવામાં આવી હતી. એ સિવાય તેમના ચા-નાસ્તા અને ભોજનની પણ વ્યવસ્થા પાલિકા દ્વારા કરાઈ હતી. ખિંડીપાડા અને સૂર્યાનગર ડુંગરાળ વિસ્તારમાં આવેલા હોવાથી કોઈ પણ ક્ષણે ભેખડ ધસી પડવાનું જોખમ હોવાથી આ પગલાં લેવાયાં હોવાનું અધિકારીનું કહેવું છે. ■

## જહાજમાંથી પડેલાં કન્ટેઈનરો દરિયાકાંઠે તણાઈ આવ્યાં હોવાની શંકા: પાલઘર પોલીસ એલર્ટ

પાલઘર: અરબી સમુદ્રમાં કાર્ગો જહાજમાંથી કેટલાંક કન્ટેઇનરો નીચે પડી ગયાં હતાં, જે વિશે ઉચ્ચ સત્તાવાળાઓ પાસેથી સંદેશ મળ્યા બાદ પાલઘર પોલીસને એલર્ટ પર રખાઇ છે. ઉપરાંત વિવિધ એજન્સીઓ દ્વારા પણ શોધ શરૂ કરવામાં આવી છે.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સોમવારે એવો સંદેશ જારી કરવામાં આવ્યો હતો કે ઓમાનના સલાહથી ૨૦ નોટિકલ માઇલ્સ પાર કર્યા બાદ 'એમવી ફિનિક્સ ૧૫' જહાજમાંથી ૪૮ કન્ટેઇનરો સમુદ્રમાં પડી ગયાં હતાં.

ડિરેક્ટરેટ જનરલ ઓફ શિપિંગ દ્વારા એવી માહિતી આપવામાં આવી હતી કે જહાજમાંથી સમુદ્રમાં ૪૮ કન્ટેઇનરો પડી ગયાં હતાં, જેમાંથી અત્યાર સુધી આઠ કન્ટેઇનર મળી આવ્યાં છે, જ્યારે બાકી ડૂબી ગયા છે અથવા તો દરિયાકાંઠે તણાઇ આવ્યા હોવાની શંકા છે. સોમવારે પાલઘર જિલ્લામાં સફાળે, કેલવે, સાતપાટી,

(જુઓ પાનું ૪) ▶▶

# શ્રેયસની બાદબાકીઃ પર્ફોર્મન્સ ઘણો સારો, પણ કોઈક લૉબીનો શિકાર?

▸ રાજકારણ જીત્યું, ઐયર હાર્યો ▸ આઇપીએલનો રનર-અપ કૅપ્ટન રિઝર્વ ખેલાડીઓના લિસ્ટમાં પણ સામેલ નહીં

*અજય મોતીવાલા*

મુંબઈઃ વર્તમાન ભારતીય ક્રિકેટના સૌથી ભરોસાપાત્ર બૅટ્સમેનોમાં ગણાતા શ્રેયસ ઐયરનો સમાવેશ ટી-૨૦ના એશિયા કપ માટે જાહેર કરવામાં આવેલી ટીમમાં ન કરવામાં આવ્યો એ મુદ્દો સોશ્યલ મીડિયામાં સૌથી વધુ ચર્ચામાં છે. ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-શ્રેણીમાં સૌથી વધુ ૭૫૪ રન કરવા બદલ શુભમન ગિલને ટી-૨૦ ટીમમાં ફરી સામેલ કરીને વાઇસ-કૅપ્ટન પણ બનાવી દેવામાં આવ્યો, રિન્કુ સિંહ પર સિલેક્ટરોએ સાધારણ પર્ફોર્મન્સ છતાં કળશ ઢોળ્યો, વિકેટકીપર જિતેશ શર્મા બૅટિંગમાં ખાસ કંઈ ક્લિક નથી થયો છતાં તેને પણ ૧૫ ખેલાડીઓની ટીમમાં સમાવવામાં આવ્યો છે, પણ વિજય માટે ટીમને બૅટિંગમાં મજબૂત પાયો નાખી આપવાની ક્ષમતા ધરાવતા શ્રેયસને સામેલ ન કરીને તેને અન્યાય કરવામાં આવ્યો હોવાની ચર્ચા ભારતીય ક્રિકેટમાં થઈ રહી છે.



શ્રેયસ ઐયર ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન રોહિત શર્માવાળી મુંબઈની લૉબીનો છે એવું માનીને શ્રેયસને અવગણવામાં આવી રહ્યો છે કે શું? શ્રેયસ એવો મિડલ-ઑર્ડર બૅટ્સમૅન છે જે વિશ્વના કોઈ પણ ક્રિકેટ-રાષ્ટ્રની કોઈ પણ ફૉર્મેટની ટીમમાં ફિટ બેસે અને તેણે ૨૦૨૫ની આઇપીએલમાં કુલ ૬૦૪ રન કરીને પંજાબ કિંગ્સને રનર-અપનું ટાઇટલ અપાવ્યું એમ છતાં તેને આ રીતે વારંવાર અવગણવામાં આવી રહ્યો છે એનું કારણ શું છે એ જ નથી સમજાતું.

એશિયા કપ જેવી મોટી સ્પર્ધા હોય અને એમાં પાકિસ્તાન જેવા કટ્ટર દુશ્મનની ટીમ સામે એકથી ત્રણ જેટલા હાઇ-વૉલ્ટેજ મુકાબલા થવાના હોય એમાં અનુભવી બૅટ્સમૅનની ખાસ જરૂર પડે, પણ શ્રેયસને અવગણીને સિલેક્ટરો શું પુરવાર કરવા માગે છે એ પણ શ્રેયસના ચાહકોની સમજની બહાર છે.

આ વર્ષની આઇપીએલમાં સૂર્યકુમાર યાદવ (૭૧૭)ના અને શુભમન ગિલ (૬૫૦)ના અઢળક રન હતા એ સારી વાત કહેવાય, પરંતુ શ્રેયસ ઐયર (૬૦૪ રન) તેમનાથી કંઈ બહુ દૂર તો નહોતો જ. ક્રિકેટ જગતની સૌથી મોટી ટી-૨૦ લીગમાં જે બૅટ્સમૅને અઢી મહિના પહેલાં છઠ્ઠા નંબરનો શ્રેષ્ઠ બૅટિંગ-પર્ફોર્મન્સ બતાવ્યો હોય તેને એશિયા કપ જેવી મોટી સ્પર્ધામાં ન રમવા મળે એ વિચિત્ર કહેવાય. યશસ્વી જયસ્વાલે આઇપીએલમાં ૫૫૯ રન કર્યા હતા અને રિયાન પરાગે એ જ ટૂર્નામેન્ટમાં ૩૯૩ રન કર્યા હતા છતાં તેઓ રિઝર્વ ખેલાડીઓમાં સામેલ કરાયા છે. એ તો ઠીક, પણ રિન્કુ સિંહે આઇપીએલમાં માત્ર ૨૦૬ રન કર્યા હતા એમ છતાં તેને વધારાના સ્પેશ્યલ બૅટ્સમૅન તરીકે મુખ્ય ટીમમાં સામેલ કરાયો છે, પરંતુ શ્રેયસને તો દૂર જ રખાયો છે. આવું કેમ?

શુભમન ગિલે તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં સૌથી વધુ ૭૫૪ રન કર્યા હતા એ પણ સારું કહેવાય, પરંતુ એમ તો રવીન્દ્ર જાડેજા તેમ જ વૉશિંગ્ટન સુંદર, યશસ્વી જયસ્વાલ અને કે. એલ. રાહુલ પણ બ્રિટિશરો સામે સારું રમ્યા હતા. ૩૦ વર્ષના જે બૅટ્સમૅને (શ્રેયસ ઐયરે) આઇપીએલના ઇતિહાસમાં કુલ ૩,૭૩૧ રન અને ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ૧,૧૦૪ રન કર્યા હોય અને જેણે દોઢ વર્ષ પહેલાં બેંગલૂરુમાં ઑસ્ટ્રેલિયા સામેની ટી-૨૦માં (ભારતીય ટીમમાં) સૌથી વધુ ૫૩ રન કરીને ટીમને વિજય અપાવ્યો હોય તે બૅટ્સમૅન સિલેક્ટરોને કેમ એશિયા કપ જેવી મોટી સ્પર્ધા માટે ટીમમાં સમાવવા યોગ્ય ન લાગ્યો એ વાત પણ ચર્ચાનો વિષય છે.

થોડા વર્ષ પહેલાં એક ગેરવર્તનને કારણે ઇશાન કિશનની સાથે શ્રેયસનો પણ કૉન્ટ્રૅક્ટ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. જોકે એ કિસ્સો તો હવે ભૂતકાળ થઈ ગયો છે. ત્યાર પછી તો ઘણું બની ગયું. શ્રેયસને ટીમ ઇન્ડિયામાં ન આવવા દેવા કોઈક લૉબી તો કામ કરી જ રહી છે એવું લાગે છે. એટલે જ તેનું નામ રિઝર્વ ખેલાડીઓના લિસ્ટમાં પણ નથી. ભારતીય ક્રિકેટમાં દાયકાઓથી કોઈને કોઈ તબક્કે રાજકારણ રમાયું છે અને ટૅલન્ટેડ તથા ભરોસાપાત્ર ખેલાડીઓને અવગણવામાં આવ્યા છે જેને લીધે તેમની કરીઅરને માઠી અસર થઈ છે, જ્યારે શિવમ દુબે જેવા ખેલાડીઓને નબળા તથા સાધારણ પર્ફોર્મન્સ છતાં શાનથી રમવા મળ્યું છે. બીજી બાજુ, ટીમને મજબૂત પર્ફોર્મન્સથી જિતાડી આપવાની તાકાત ધરાવતા શ્રેયસ ઐયર જેવાની બાદબાકી કોઈ પણ તર્કબદ્ધ કારણ વિના થતી રહી છે. ■



**કૅપ્ટન-ચીફ સિલેક્ટરની જોડીઓઃ** મુંબઈમાં ગઈ કાલે મેન્સ ટીમનો સુકાની સૂર્યકુમાર અને ચીફ સિલેક્ટર અજિત આગરકર તેમ જ મહિલા ટીમની ચીફ સિલેક્ટર નીતુ ડેવિડ સાથે કૅપ્ટન હરમનપ્રીત. (પીટીઆઇ)

# એશિયા કપ માટેની ટીમમાં કોણ કેમ સામેલ? કોને કેમ જગ્યા ન મળી?

મુંબઈઃ અહીં ગઈ કાલે મેઘરાજાના પ્રકોપ વચ્ચે મુંબઈનું સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું, પરંતુ થોડા વિલંબ બાદ બપોરે અજિત આગરકર અને તેમના સાથી સિલેક્ટરોએ વાનખેડે ખાતે બીસીસીઆઇના ક્રિકેટ સેન્ટરમાં આગામી નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા ટી-૨૦ એશિયા કપ માટેની ૧૫ ખેલાડીઓની ટીમ નક્કી કરવા મીટિંગ યોજી હતી અને ટીમ નક્કી કર્યા પછી બપોરે ૩.૦૦ વાગ્યા પહેલાં એની જાહેરાત કરી હતી. ટીમમાં કોઈ નવાઈ પમાડે એવું સિલેક્શન નહોતું, પરંતુ યુવાન તથા અનુભવી ખેલાડીઓના સમાવેશવાળી આ ટીમ એશિયા કપના લીગ રાઉન્ડના ગ્રૂપ 'એ'ની હરીફ ટીમો યુએઇ તથા ઓમાન તેમ જ ખાસ કરીને પાકિસ્તાનને જરૂર ભારે પડશે. અમુક ખેલાડીઓને તેમની વિશેષતાને કારણે સમાવવામાં આવ્યા છે. કેટલાક ખેલાડીઓના સમાવેશની અપેક્ષા હતી, પરંતુ તેમને સામેલ નથી કરવામાં આવ્યા.

ભારત એશિયા કપમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. આ એશિયા કપ આવતા વર્ષની શરૂઆતમાં યોજાનારા ટી-૨૦ના વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ટી-૨૦ ફૉર્મેટમાં રાખવામાં આવ્યો છે. ભારતની પાકિસ્તાન સામેની લીગ મૅચ ૧૪મી સપ્ટેમ્બરે રમાશે અને ત્યાર બાદ ૨૧મી સપ્ટેમ્બરે તથા ૨૮મી સપ્ટેમ્બરે પણ બન્ને કટ્ટર દેશ વચ્ચે મુકાબલો થવાની પાકી સંભાવના છે. ગ્રૂપ 'બી'માં શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને હૉન્ગ કૉન્ગ છે.

## ભારતીય ટીમ

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન, બૅટ્સમૅન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન, બૅટ્સમૅન), જિતેશ શર્મા (વિકેટકીપર-બૅટ્સમૅન), સંજુ સૅમસન (વિકેટકીપર-બૅટ્સમૅન), હાર્દિક પંડ્યા (પેસ બોલિંગ ઑલરાઉન્ડર), અભિષેક શર્મા (ઓપનિંગ બૅટ્સમૅન, સ્પિનર), તિલક વર્મા (બૅટ્સમૅન), શિવમ દુબે (પેસ બોલિંગ ઑલરાઉન્ડર), રિન્કુ સિંહ (બૅટ્સમૅન), અક્ષર પટેલ (સ્પિન ઑલરાઉન્ડર), જસપ્રીત બુમરાહ (પેસ બોલર), અર્શદીપ સિંહ (પેસ બોલર), વરુણ ચક્રવર્તી (સ્પિનર), કુલદીપ યાદવ (સ્પિનર) અને હર્ષિત રાણા (પેસ બોલર).

## રિઝર્વ ખેલાડીઓ

પ્રસિદ્ધ ક્રિષ્ના (પેસ બોલર), વૉશિંગ્ટન સુંદર (સ્પિન ઑલરાઉન્ડર), રિયાન પરાગ (બૅટ્સમૅન, સ્પિનર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર-બૅટ્સમૅન) અને યશસ્વી જયસ્વાલ (ઓપનિંગ બૅટ્સમૅન).



મુંબઈમાં ગઈ કાલે વાનખેડે નજીક બીસીસીઆઇના હેડ ક્વૉર્ટરમાં સૂર્યકુમાર અને આગરકર સાથે ક્રિકેટ બોર્ડના સેક્રેટરી દેવાજિત સૈકિયા તેમ જ અન્યો. (બીસીસીઆઇ)

## કોણ ટીમમાં શા માટે સામેલ? કોને કેમ નથી સિલેક્ટ કરાયા?

▸ **સૂર્યકુમાર યાદવઃ** ભારતની ટી-૨૦ ટીમનો આ મુખ્ય સુકાની સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી બાદ પૂર્ણપણે ફિટ છે અને એશિયા કપની મહત્ત્વની સ્પર્ધા માટેની ટીમનું સુકાન પણ તેને સોંપવામાં આવ્યું છે. ટૉપ-ઑર્ડરમાં તે ટીમ માટે જીતનો પાયો નાખી આપવા કાબેલ છે.

▸ **શુભમન ગિલઃ** ભારત વતી છેલ્લે જુલાઈ, ૨૦૨૪માં ટી-૨૦ રમ્યો હતો, પરંતુ આઇપીએલના પર્ફોર્મન્સ બદલ તેમ જ ખાસ કરીને ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં બનાવેલા હાઇએસ્ટ ૭૫૪ રન બદલ તેને એશિયા કપમાં રમવાની તક અપાઈ છે.

▸ **જિતેશ શર્માઃ** આ વિકેટકીપર બૅટ્સમૅનને અજિત આગરકર ઍન્ડ કંપનીએ ખાસ કરીને આઇપીએલ અને ડોમેસ્ટિક મૅચોમાંના સારા પર્ફોર્મન્સને કારણે સંજુ સૅમસનની પહેલાં ટીમમાં સિલેક્ટ કર્યો છે. જોકે સૅમસન પણ ટીમમાં છે. બની શકે કે ઓપનિંગમાં અભિષેક શર્માની સાથે શુભમન ગિલને મોકલવામાં આવશે તો સૅમસને કદાચ બેન્ચ પર બેસી રહેવું પડશે.

▸ **સંજુ સૅમસનઃ** ૨૦૨૫ની આઇપીએલમાં સૅમસન ઈજાને કારણે ઓછી મૅચો રમ્યો હતો. જોકે છેલ્લી ૧૦ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં તેના બે ઝીરો સામે ત્રણ સેન્ચુરી (૧૧૧, ૧૦૭ અને ૧૦૯ અણનમ) હોવાથી સિલેક્ટરોને તેની બૅટિંગ પર ભરોસો તો છે જ.

▸ **હાર્દિક પંડ્યાઃ** ટીમનો આ મુખ્ય ઑલરાઉન્ડર ઘણો અનુભવી હોવાથી ટીમને ખૂબ ઉપયોગી થશે. જૂન, ૨૦૨૪માં સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતે તેની અંતિમ ઓવરમાં જ વિજય મેળવ્યો હતો.

▸ **અભિષેક શર્માઃ** ફાંકડી ફટકાબાજી માટે જાણીતો આ ઓપનિંગ બૅટ્સમૅન સ્પિનર તરીકે પણ ટીમને કામ લાગી શકે.

▸ **અક્ષર પટેલઃ** આ સ્પિન ઑલરાઉન્ડર મર્યાદિત ઓવર્સની મૅચોમાં ટીમનો મુખ્ય ખેલાડી છે, પરંતુ તેની પાસેથી વાઇસ-કૅપ્ટનપદ લઈને શુભમન ગિલને સોંપાયું છે.

▸ **તિલક વર્માઃ** મિડલ-ઑર્ડરમાં આ આક્રમક અને સમજદાર બૅટ્સમૅન ટીમ માટે જીતનો પાયો નાખી શકવાની ક્ષમતા ધરાવે છે.

▸ **રિન્કુ સિંહઃ** આઇપીએલમાં સાધારણ પર્ફોર્મ કર્યું હોવાથી એશિયા કપની ટીમમાં સ્થાન મેળવવું તેના માટે મુશ્કેલ હતું, પરંતુ ટીમમાં વધારાના સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમૅનને સમાવવાના નિર્ણયને લીધે તેને એશિયા કપમાં રમવાનો મોકો મળવાનો છે.

▸ **જસપ્રીત બુમરાહઃ** ભારતના આ મુખ્ય ફાસ્ટ બોલરનો ટીમમાં સમાવેશ કોઈ પણ ભોગે થવાનો જ હતો. ચીફ સિલેક્ટર આગરકરે કહ્યું છે કે ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીની ચોથી મૅચ પછી તેને સારો આરામ મળી ગયો છે અને તેના વિશે ટીમ મૅનેજમેન્ટનો કોઈ ખાસ પ્લાન નહોતો. તેને એશિયા કપ જેવી મોટી સ્પર્ધા (તથા ખાસ કરીને પાકિસ્તાનના સામના માટેની) ટીમમાં સમાવવાનો જ હતો અને સમાવ્યો.

▸ **શિવમ દુબેઃ** અનેક તક મેળવનાર આ પેસ બોલિંગ ઑલરાઉન્ડરને વધુ એક મોટી સ્પર્ધામાં રમવાનો મોકો અપાયો છે.

▸ **અર્શદીપ સિંહઃ** આ લેફ્ટ-આર્મ પેસ બોલરને ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ન રમવા મળ્યું, પણ હવે એશિયા કપમાં અચૂક રમવા મળશે. તેણે ભારત વતી ૬૩ ટી-૨૦માં ૯૯ વિકેટ લીધી છે. તે ન્યૂ બૉલ બોલર હોવા ઉપરાંત ડેથ ઓવર્સમાં પણ ખૂબ કામ લાગે છે.

▸ **વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવઃ** આ બે ખેલાડી અક્ષર પટેલ ઉપરાંતના બે મુખ્ય સ્પિનર છે અને ખાસ કરીને ૧૪મી સપ્ટેમ્બરની પાકિસ્તાન સામેની મૅચમાં આ ત્રણ સ્પિનરમાંથી કોને રમવા મળશે એ જોવું રહ્યું. તેઓ બૅટિંગમાં પણ થોડા કામ લાગી શકશે.

▸ **હર્ષિત રાણાઃ** આ ફાસ્ટ બોલરે આઇપીએલમાં કુલ ૩૪ મૅચમાં ૪૦ વિકેટ લીધી છે, પરંતુ ભારત વતી ફક્ત એક ટી-૨૦ રમ્યો છે. તેને વધારાના ફાસ્ટ બોલિંગ-વિકલ્પ તરીકે જ પસંદ કરવામાં આવ્યો છે.

▸ **વૉશિંગ્ટન સુંદરઃ** તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં અવ્વલ દરજ્જાના ઑલરાઉન્ડર જેવું પર્ફોર્મ કર્યું હતું, પરંતુ સિલેક્ટરોએ રિન્કુ સિંહના રૂપમાં વધારાનો સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમૅન લીધો હોવાથી વૉશિંગ્ટનને સ્ટૅન્ડ-બાયમાં રાખવામાં આવ્યો છે.

▸ **શ્રેયસ ઐયરઃ** ચીફ સિલેક્ટર અજિત આગરકરે કહ્યું છે કે 'શ્રેયસને અમે તેની કોઈ કચાશને લીધે નથી પસંદ કર્યો એવું નથી. ટીમમાં ભરપૂર ટી-૨૦ ટૅલન્ટ હોવાથી શ્રેયસને તક નથી મળી.'

▸ **યશસ્વી જયસ્વાલઃ** આ ઓપનરને રિઝર્વ પ્લેયર્સમાં સ્થાન મળ્યું છે, પરંતુ મુખ્ય ટીમમાં નહીં. અભિષેક શર્મા એક વર્ષથી સારું રમ્યો છે અને તે સ્પિન બોલર તરીકે પણ કામમાં આવતો હોવાથી યશસ્વીને મુખ્ય ટીમમાં નથી સમાવાયો. ■

# સિલેક્ટરોને ટી-૨૦ ટીમના ટોચના ૨૦ પ્લેયરમાં પણ શ્રેયસ સમાવવા જેવો ન લાગ્યો?: નાયર

મુંબઈઃ બૅટ્સમૅન શ્રેયસ ઐયરને ટી-૨૦ એશિયા કપથી દૂર રાખવાના સિલેક્ટરોના નિર્ણયની ટીકા ભૂતપૂર્વ ક્રિકેટર અભિષેક નાયરે તેમ જ રવિચન્દ્રન અશ્વિને કરી છે. ભારતીય ટીમના ભૂતપૂર્વ સહાયક કોચ અભિષેક નાયરે એક ઍપને મુલાકાતમાં કહ્યું છે કે 'મને લાગે છે કે શ્રેયસ હવે ટી-૨૦ ક્રિકેટ માટેની ભારતીય ટીમમાં કદાચ ક્યારેય સ્થાન નહીં મેળવી શકે. મારા મતે સિલેક્ટરોએ તેને ટી-૨૦ ફૉર્મેટથી જાણે દૂર જ કરી નાખ્યો છે. ભારતની ટી-૨૦ ટીમમાં શ્રેયસની બાદબાકી કરાઈ એ હું માનવા જ તૈયાર નથી. ૧૫ ખેલાડીઓની મુખ્ય ટીમની વાત જવા દો, બીજા પાંચ રિઝર્વ પ્લેયર્સમાં પણ તેનો સમાવેશ નથી. કમાલ કહેવાય! સિલેક્ટરોને ટી-૨૦ ટીમ માટેના ટોચના કુલ ૨૦ ખેલાડીઓમાં પણ શ્રેયસ સમાવવા યોગ્ય ન લાગ્યો?'

નાયરે એવું પણ કહ્યું છે કે 'શુભમન ગિલ બહુ સારો બૅટ્સમૅન છે, પરંતુ મને લાગે છે કે તેને હવે ટી-૨૦ ટીમમાં પણ સમાવ્યો એ જોતાં આગળ જતાં તેને ત્રણેય ફૉર્મેટનો કૅપ્ટન બનાવી દેવાશે.'

અશ્વિને કહ્યું છે, 'શ્રેયસની સંપૂર્ણ બાદબાકી અને યશસ્વીને માત્ર રિઝર્વ પ્લેયરના લિસ્ટમાં જ સમાવાયો એ દુઃખની વાત અને અવ્યવહારું કહેવાય. ગિલનું સિલેક્શન સારું કહેવાય, પણ વર્લ્ડ કપ વિનિંગ ટીમના પ્લેયર યશસ્વીને શું કામ મુખ્ય ટીમમાં ન લીધો? શ્રેયસે શું ખોટું કર્યું છે એ કોઈ કહે! ૨૦૨૪માં કેકેઆરને ટાઇટલ અપાવ્યું છતાં હરાજીમાં મુકાયો એ પછી તેણે (૨૦૨૫માં) પંજાબને ૧૧ વર્ષમાં પહેલી વાર ફાઇનલમાં પહોંચાડ્યું અને રનર-અપ બનાવ્યું. શૉર્ટ બૉલને ફટકારવાની ખામી તેણે દૂર કરી અને કૅગિસો રબાડા તથા બુમરાહ જેવા ટોચના બોલર સામે આસાનીથી ફટકાબાજી કરી હતી.' ■

# ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ અને વર્લ્ડ કપ માટેની મહિલા ટીમ ઘોષિત

ઓપનર પ્રતીકા રાવલનો સમાવેશ, પણ શેફાલી વર્માની બાદબાકીઃ પેસ બોલર રેણુકા ઠાકુર પણ ટીમમાં



ક્રિકેટ બોર્ડના સચિવ દેવાજિત સૈકિયા તેમ જ મહિલા ટીમની કૅપ્ટન હરમનપ્રીત અને સ્મૃતિ મંધાના (જમણે) તેમ જ ચીફ સિલેક્ટર નીતુ ડેવિડ (ડાબે, એકદમ પાછળ). (બીસીસીઆઇ)




મુંબઈઃ આગામી ૩૦મી સપ્ટેમ્બરે ભારત અને શ્રીલંકામાં યોજાનારા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમ ગઈ કાલે જાહેર કરવામાં આવી હતી જેમાં પેસ બોલર રેણુકા સિંહ ઠાકુરને સામેલ કરીને ફરી ભારત વતી રમવાની તક અપાઈ છે અને ટૉપ-ઑર્ડર બૅટર પ્રતીકા રાવલને મોકો અપાયો છે, પરંતુ ઓપનર શેફાલી વર્માને સાધારણ ફૉર્મ બદલ ટીમમાં સામેલ નથી કરવામાં આવી.

વિશ્વ કપ માટેની ભારતીય ટીમનું સુકાન હરમનપ્રીત કૌર સંભાળશે. સ્મૃતિ મંધાના વાઇસ-કૅપ્ટન છે. મુંબઈમાં વાનખેડે સ્થિત બીસીસીઆઇના વડા મથક ખાતે આયોજિત સિલેક્શન કમિટીની મીટિંગનું અધ્યક્ષસ્થાન ભૂતપૂર્વ ક્રિકેટર નીતુ ડેવિડે સંભાળ્યું હતું.

વર્લ્ડ કપ પહેલાં ઑસ્ટ્રેલિયા સામે વન-ડે સિરીઝ રમાશે અને એ માટેની ટીમ પણ જાહેર કરવામાં આવી છે. બન્ને ટીમમાં માત્ર એક જ ફેરફાર છે. ફક્ત સાયલી સતઘરેને અમનજોત કૌરના સ્થાને ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ માટે સિલેક્ટ કરાઈ છે. ઓપનર શેફાલી વર્માને બન્ને ટીમમાં નથી સમાવાઈ. પ્રતીકા રાવલ ૧૪ વન-ડેમાં ખૂબ સારું રમી હોવાથી શેફાલીને બદલે તેને રમવાની તક મળી છે.

રેણુકા સિંહ ઠાકુર ટીમની મુખ્ય ફાસ્ટ બોલર છે. આ વર્ષના માર્ચ મહિના બાદ તે ભારતીય ટીમમાં નહોતી, પણ હવે તે ફરી ફાસ્ટ બોલર્સની આગેવાની સંભાળશે. તેની સાથે યુવાન પેસ બોલર ક્રાંતિ ગૌડ અને અરુંધતી રેડ્ડી પણ ટીમમાં સામેલ છે. ઇંગ્લૅન્ડ સામેની તાજેતરની પાંચ ટી-૨૦માં ૧૦ વિકેટ લેનાર યુવાન સ્પિનર શ્રી ચરનીને પણ ઑસ્ટ્રેલિયા સામે તેમ જ વર્લ્ડ કપમાં રમવાની તક અપાઈ છે. દીપ્તિ શર્મા, સ્નેહ રાણા અને રાધા યાદવ ટીમની બીજી ત્રણ સ્પિનર છે.

## વર્લ્ડ કપ માટેની ટીમ

હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), પ્રતીકા રાવલ, હર્લીન દેઓલ, દીપ્તિ શર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, રિચા ઘોષ (વિકેટકીપર), રેણુકા ઠાકુર, અરુંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ, અમનજોત કૌર, રાધા યાદવ, યાસ્તિકા ભાટિયા (વિકેટકીપર), શ્રી ચરની અને સ્નેહ રાણા.

રિઝર્વ ખેલાડીઓઃ તેજલ હસબનીસ, પ્રેમા રાવત, પ્રિયા મિશ્રા, ઉમા ચેટ્રી, મિનુ મની અને સાયલી સતઘરે.

## ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણી માટેની ટીમ

હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), પ્રતીકા રાવલ, હર્લીન દેઓલ, દીપ્તિ શર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, રિચા ઘોષ (વિકેટકીપર), રેણુકા ઠાકુર, અરુંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ, સાયલી સતઘરે, રાધા યાદવ, યાસ્તિકા ભાટિયા (વિકેટકીપર), શ્રી ચરની અને સ્નેહ રાણા. ■

# કાકા ઇયાન હિલીના નામવાળા મેદાન પર ભત્રીજી અલીઝા હિલીની વિનિંગ સેન્ચુરી

## રાધા યાદવના સુકાનમાં ભારતીય ટીમ ૨-૧થી સિરીઝ જીતી

બ્રિસ્બેનઃ ઑસ્ટ્રેલિયાના મહાન વિકેટકીપર-બૅટ્સમૅન ઇયાન હિલીની ભત્રીજી અલીઝા હિલી બે દિવસ પહેલાં (શુક્રવારે) બ્રિસ્બેન શહેરમાં તેના કાકાના નામવાળા સ્ટેડિયમમાં ભારત સામે નવ રન માટે સેન્ચુરી ચૂકી ગઈ હતી, પરંતુ એ ઇચ્છા તેણે ૪૮ કલાકમાં (રવિવારે) પૂરી કરી હતી અને ઑસ્ટ્રેલિયા 'એ' ટીમને વિજય અપાવ્યો હતો. જોકે આ વન-ડે મૅચની સિરીઝ ઇન્ડિયા 'એ' ટીમે ૨-૧થી જીતી લીધી હતી.



અલીઝા હિલી તેમ જ તેના કાકા ઇયાન હિલી અને પતિ મિચલ સ્ટાર્ક.

ઇયાન હિલી ૬૧ વર્ષના છે. તેઓ ૧૯૮૮થી ૧૯૯૯ દરમ્યાન ઑસ્ટ્રેલિયા વતી રમ્યા હતા. તેમની ભત્રીજી અલીઝા હિલી ૩૫ વર્ષની છે. કાકાની જેમ તે પણ વિકેટકીપર-બૅટર છે. તેણે ૨૯૦ જેટલી આંતરરાષ્ટ્રીય મૅચમાં ૬,૫૦૦થી વધુ રન કર્યા છે અને સ્ટમ્પ્સની પાછળથી કુલ ૨૮૦ શિકાર કર્યા છે.

ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કની પત્ની અલીઝા હિલી શુક્રવારે આ જ મેદાન પર ૯૧ રન પર આઉટ થઈ ગઈ હતી અને પછી ભારતે (૨૧૬ રન)એ ઑસ્ટ્રેલિયા (૧/૨૨૨) મૅચ જીતી લીધી હતી. ■

# એશિયન શૂટિંગમાં મનુ ભાકરને બ્રૉન્ઝ, રશ્મિકા જુનિયર ચૅમ્પિયન

કઝાખસ્તાનમાં ભારતની મહિલા નિશાનબાજો ચમકી છે. પૅરિસ ઑલિમ્પિક્સમાં બે મેડલ જીતનાર મનુ ભાકર મંગળવારે એશિયન શૂટિંગ ચૅમ્પિયનશિપમાં ૧૦ મીટર ઍર પિસ્તોલ વર્ગમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી. ટીમ ઇવેન્ટમાં મનુ ઉપરાંત પલક તથા સુરુચિએ ટીમ-બ્રૉન્ઝ પણ જીતી લીધો હતો. જુનિયર મહિલા ખેલાડીઓની ઍર પિસ્તોલમાં ભારતની જ રશ્મિકા સહગલ ચૅમ્પિયન બની છે. તે ગોલ્ડ મેડલ જીતી હતી. રશ્મિકા ટીમ ઇવેન્ટમાં વંશિકા અને મોહિની સાથે મળીને ટીમ-ગોલ્ડ પણ જીતી હતી. ■

# મહારાજ કી જય હો!

કેર્ન્સઃ સાઉથ આફ્રિકાએ ગઈ કાલે અહીં યજમાન ઑસ્ટ્રેલિયાને શ્રેણીની પ્રથમ વન-ડેમાં ૯૮ રનથી હરાવીને ૧-૦થી સરસાઈ લીધી હતી. સ્પિનર કેશવ મહારાજ (૧૦-૧-૩૩-૫) આ મૅચનો સુપરસ્ટાર હતો. તેણે વન-ડે કરીઅરમાં પહેલી વાર પાંચ વિકેટની સિદ્ધિ મેળવી હતી. સાઉથ આફ્રિકાએ માર્કરમના ૮૨ રન, કૅપ્ટન બવુમાના ૬૫ રન અને બ્રીટ્ઝકેના ૫૭ રનની મદદથી આઠ વિકેટે ૨૯૬ રન કર્યા હતા. ટ્રૅવિસ હેડે ચાર વિકેટ લીધી હતી. કાંગારુઓની ટીમ કૅપ્ટન મિચલ માર્શના ૮૮ રન છતાં માત્ર ૧૯૮ રનમાં ઑલઆઉટ થઈ જતાં સાઉથ આફ્રિકાનો વિજય થયો હતો. ■

# ભારતની એશિયા કપ હૉકીમાં પાકિસ્તાનના સ્થાને બાંગ્લાદેશ

બિહારના રાજગીરમાં ૨૯મી ઑગસ્ટથી રમાનારી મેન્સ એશિયા કપ હૉકી ટૂર્નામેન્ટમાં ભાગ ન લેનાર પાકિસ્તાન તથા ઓમાનની ટીમના સ્થાને બાંગ્લાદેશ અને કઝાખસ્તાનની ટીમ ભાગ લેશે એવી જાહેરાત કરાઈ હતી. પૂલ 'એ'માં ભારત, ચીન, કઝાખસ્તાન અને જાપાન છે, જ્યારે પૂલ 'બી'માં ડિફેન્ડિંગ ચૅમ્પિયન સાઉથ કોરિયા, મલયેશિયા, ચાઇનીઝ તાઇપેઈ અને બાંગ્લાદેશનો સમાવેશ છે. ભારતે પાકિસ્તાની હૉકી ટીમને વીઝા આપવાની તૈયારી બતાવી હતી, પરંતુ પાકિસ્તાન હૉકી ફેડરેશને અસલામતીના કારણસર ટીમને ભારત મોકલવાનું ટાળ્યું છે. ■

# શૅરબજારમાં ચોથા દિવસે પણ તેજી; જીએસટી દરોના ઘટાડાના ઇંધણથી આખલાની દોડ જારી, સેન્સેક્સ ૩૭૧ પોઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જીએસટીના સ્લેબના ઘટાડાથી સોંઘવારી આવવાની આશા વચ્ચે રોકાણકારો પ્રોત્સાહિત રહ્યાં હોવાથી, મુખ્યત્વે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ટાટા મોટર્સની આગેવાનીમાં લેવાલીનો ટેકો મળી રહેતા સેન્સેક્સ અને નિફ્ટીએ સતત ચોથા દિવસે આગેકૂચ ચાલુ રાખી હતી. ત્રીસ શેરો ધરાવતો સેન્સેક્સ ૩૭૦.૬૪ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા વધીને ૮૧,૬૪૪.૩૯ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૮૨.૧૩ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા વધીને ૮૧,૭૫૫.૮૮ પોઇન્ટ સુધી ઊંચે પહોંચ્યો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો બેન્ચમાક૪ ઇન્ડેક્સ નિફ્ટી ૧૦૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૨૪,૯૮૦.૬૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, દિવાળી સુધીમાં જીએસટીના સ્લેબમાં મોટાપાયે સુધારાની યોજનાઓ અને ભૂરાજકીય ચિંતાઓ હળવી થવાથી બજારમાં આશાવાદ પ્રબળ રહ્યો હતો. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતીન અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની મુલાકાત બાદ રશિયા અને યુક્રેન વચ્ચે સમજૂતી સધાવાની આશા સાથે ભારત પરથી રશિયન ક્રૂડની ખરીદી સામે લાદેલી પચ્ચીસ ટકાની પેનલ્ટી દૂર થવાની અપેક્ષાએ બજારને જોમ આપ્યું છે.

સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા મોટર્સ સૌથી વધુ ૩.૫ ટકા વધ્યો હતો, જ્યારે અદાણી પોર્ટ્સ ૩.૧૬ ટકા વધ્યો હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેર ૨.૮૨ ટકા વધ્યા હતા. ઇટર્નલ, ટેક મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, હિન્દુસ્તાન યુનિલિવર અને મારુતિ પણ સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં સામેલ હતા. જોકે, બજાજ ફિનસર્વ, પાવર ગ્રીડ, મહિન્દ્રા અને મહિન્દ્રા અને એચસીએલ ટેક ઘટાડા સાથે ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતાં.

આ ઉપરાંત જીએસટીના તર્કસંગતકરણની અપેક્ષાઓ અને ભારતના ક્રેડિટ રેટિંગમાં તાજેતરના અપગ્રેડથી શેરબજારમાં નવી ગતિનો સંચાર ચાલુ રહ્યો હતો. રશિયા અને યુક્રેન વચ્ચેના ભૂરાજકીય તણાવમાં ઘટાડો થવાના સંકેતોથી વધારાનો આશાવાદ આવ્યો, જેનાથી નજીકના ભવિષ્ય માટેનું આઉટલૂક કોન્સોલિડેશનથી બદલાઇને વધુ રચનાત્મક વલણ તરફ આગળ વધવાની સંભાવના જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે વ્યક્ત કરી હતી.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર બંધ થયો હતો. યુરોપના બજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. સોમવારે યુએસ બજારો ફ્લેટ નોટ પર બંધ થયા હતા. ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૯૩ ટકા ઘટીને ૬૫.૯૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૫૫૦.૮૫ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા.

સોમવારે, ટ્રેડ વોર અને જીઓપોલિટિકલ ટેન્શનના માહોલ વચ્ચે ભારતીય અર્થતંત્રને જીએસટીને નામે તેજીનો બુસ્ટર ડોઝ મળતાં સેન્સેક્સ એક તબક્કે ૧૦૧૭૦ પોઇન્ટ ઉછળીને ૮૧,૭૫૦ની સપાટી વટાવી ગયો હતો અને એ જ સાથે નિફ્ટી પણ ૨૫,૦૦૦ની સપાટીની આગળ વધ્યો હતો. અંતે સેન્સેક્સ ૬૭૬.૦૯ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા વધીને ૮૧,૨૭૩.૭૫ પોઈન્ટ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૨૪૫.૬૫ પોઈન્ટ અથવા એક ટકા વધીને ૨૪,૮૭૬.૯૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

સેકટરલ ધોરણે ૧૬ મુખ્ય ક્ષેત્રોમાંથી નવ ક્ષેત્રોગ્રીન ઝોનમાં ટ્રેડ થયા હતા. જેમ જેમ સત્ર આગળ વધ્યું, ઓટો, ઓઇલ અને ગેસ, મીડિયા અને એનર્જી કાઉન્ટર્સમાં ખરીદીનો રસ મજબૂત થતો જોવા મળ્યો હતો, જેનાથી આ ક્ષેત્રોને કોન્સોલિડેટ થવામાં અને આગળ વધવામાં મદદ મળી હતી. વ્યાપક પાયો ધરાવતા મિડકેપ અને સ્મોલકેપ શેરઆંકોમાં



પણ સુધારો જોવા મળ્યો હતો.

કોર્પોરેટ હલચલમાં જિઓએ વન જીબી પ્રતિ દિવસનો પ્લાન રદ કર્યા પછી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેર બે ટકાથી વધુ વધ્યા હતી. કંપની મૂડીખર્ચ સાતત્ય જાળવવા માટે નોનબેંકિંગ ભંડોળની શોધ કરી રહી હોવાના અહેવાલ વચ્ચે વોડાફોન આઈડિયાના શેરમાં સુધારો હતો, જોકે આ કંપનીએ ત્રિમાસિક સમયગાળાના પરિણામમાં ખોટમાં વધારો દર્શાવ્યો છે. કંપની ૨૧ ઓગસ્ટે બીજા વચગાળાના ડિવિડન્ડની વિચારણા કરવા માટે બોર્ડ મીટિંગ પહેલા વેદાંતના શેરમાં લેવાલી હતી.

પ્રાઇમરી માર્કેટમાં આઈકોડેક્સ પબ્લિશિંગ સોલ્યુશન્સના શેર બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર આઈપીઓ ભાવ કરતાં વીસ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતાં. આ અગાઉ સોમવારે નોલેજ રિઅલ્ટી , રેઇટ શેર ચાર ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે. મેડિસ્ટેપનો શેર એનએસઇ ઇમર્જ પર ૨૧ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. એલેમ્બિક ફાર્માને દેનેરિક ડ્રગ માટે યુએસએફડીએની મંજૂરી મળી છે.

શિવાશ્રિત ફૂડ્સનો રૂ. ૭૦.૦૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૬ ઓગસ્ટના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ ઓગસ્ટના રોજ અને લિસ્ટિંગ પહેલી સપ્ટેમ્બરે છવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૫થી રૂ. ૧૪૨ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧,૦૦૦ શેરની છે. છે. આ ઇશ્યૂ રૂ. ૬૧.૨૯ કરોડના ફ્રેશ ઇશ્યૂ અને રૂ. ૮.૭૫ કરોડના ૦.૦૬ કરોડ શેરના વેચાણ માટેની ઓફરનું સંયોજન છે.

સરકારી માલિકીની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે અહેવાલ આપ્યો છે કે તેનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં બમણાથી વધુ થયો છે. કાફે ચેઇન કાફેકોફી ડેનું સંચાલન કરતી કોફીડે ગ્લોબલની ખોટ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઘટીને રૂ. ૧૧ કરોડ રહી છે. પતંજલિ ફૂડ્સ લિમિટેડે ઊંચા ખર્ચને કારણે જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૮૦.૩૫ કરોડ નોંધાવ્યો છે

સકારાત્મક વૈશ્વિક સંકેતો અને વડા પ્રધાન પ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી સુધીમાં જીએસટીમાં સુધારા માટેની યોજનાની જાહેરાતને પગલે ખાસ કરીને ઓટો, ગ્રાહક વિવેકાધીન અને સિમેન્ટ શેરોમાં મજબૂત લેવાલી જળવાઇ છે. ચાર સત્રના આ ઉછાળા પાછળના મુખ્ય કારણોમાં જીએસટીમાં સુધારાનો પ્રસ્તાવ મુખ્ય છે. પંદરમી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસના સંબોધનમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે કેન્દ્રએ રાજ્યોને પ્રસ્તાવિત જીએસટીમાં ફેરફારોનો ડ્રાફ્ટ મોકલ્યો છે અને દિવાળી પહેલા તેનો અમલ કરવા માટે તેમનો સહયોગ માગ્યો છે. આ દરખાસ્ત મોટાભાગની ચીજવસ્તુઓ અને સેવાઓને પાંચ ટકા અને ૧૮ ટકાના સ્લેબમાં ફેરવી શકે છે, જેનાથી ઓટો અને સિમેન્ટ જેવા ક્ષેત્રોને ફાયદો થશે, જે હાલમાં ૨૮ ટકા કર ભોગવી રહ્યા છે. વીમા કંપનીઓને પણ ફાયદો થવાની અપેક્ષા છે.

એ જ સાથે, એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ૨૦૦૭ પછી પહેલી વાર ભારતના લાંબા ગાળાના સોવરિન ક્રેડિટ રેટિંગને ટ્રીપલ બી માઇનસથી અપગ્રેડ કરીને ટ્રીપલ બી જાહેર કર્યું, જેમાં મજબૂત આર્થિક વૃદ્ધિ, સુધારેલી નીતિ વિશ્વસનીયતા અને નાણાકીય એકત્રીકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ તરફ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો કે વૉશિંગ્ટન રશિયન ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખતા દેશો પર સેકન્ડરી ટેરિફ લાદશે નહીં, જેનાથી ભારતને સંભવિત ફટકો પડવાની ચિંતા ઓછી થઈ હોવાથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

દરમિયાન પ્રાઇમરી માર્કેટમાં પાછલા ગુરુવારે જેએસડબલ્યુ સિમેન્ટનો શેર તેના રૂ. ૧૪૭ના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના વધારા સાથે રૂ. ૧૫૩ની સપાટીએ ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર તેના રૂ. ૨૭૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૧૪.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. વિક્રમ સોલાર રૂ. ૨,૦૭૯.૩૭ કરોડના અને જેમ એરોમેટિક્સ રૂ. ૪૫૧.૨૫ કરોડના ઇશ્યૂ સાથે ૧૯ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ્યા છે. ફેકટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડનો અને આરએસબી રિટેલ ઇન્ડિયા રૂ. ૧,૫૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે. સેશાસાઇ ટેકે પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે.

ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. સ્પાઇસ જેટે પાંચ બોઇંગ માટે ડેમ્પ લીઝ કરાર કર્યા છે. સિંગાપોર ટેક્સ ઓથોરિટીએ ઇન્ફોસિસને જીએસટી પેમેન્ટ સંદર્ભે રૂ. ૬૬ લાખની પેનલ્ટી કરી છે. ઇન્ફોસિસે ટેલ્ટ્રાની સબ્સિડરી વર્સેનન્ટ ગ્રુપમાં ૨૩૩.૨૫ મિલિયનમાં ૭૫ ટકા સ્ટેક હાંસલ કર્યો છે. સરકારે બીએસએનએલનું નેટવર્ક વિસ્તારવા રૂ. ૪૭૦૦૦ કરોડના કેપેક્સની જાહેરાત કરી છે.

કોગ્નીઝેન્ટે ૮૦ ટકા પાત્ર કર્મચારીઓને પહેલી નવેમ્બરથી વેતનવૃદ્ધિની આપવાની જાહેરાત કરી છે. સેબીએ ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વાધવન અને અન્ય એક્ઝિક્યુટિવ્સને નાણાં ભંડોળના ડાયવર્ઝન અને બનાવટી હિસાબોના કારણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશવા સામે પ્રતિબંધિત કર્યા છે. કુલ રૂ. ૧૨૦ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે અને હવે તેઓ લિસ્ટેડ કંપનીઓમાં મુખ્ય હોદ્દા પર કામ નહીં કરી શકે.

## ડૉલર સામે રૂપિયો વધુ ૨૬ પૈસા ઉછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચેની બેઠક પશ્ચાત્ અમેરિકા ભારતથી થતી આયાત સામે અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ નહીં લાદે તેવો આશાવાદ અને જીએસટીનાં માળખામાં થનારા ફેરફારને ધ્યાનમાં લેતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જળવાઈ રહેલી આગેકૂચ, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન એક તબક્કે ગઈકાલના બંધ સામે ૪૭ પૈસા મજબૂત થઈને ૮૭ની અંદર ઉતરી ગયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસા વધીને ૮૭.૧૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૩૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૨૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૩૧ અને ઉપરમાં ૮૬.૯૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસાના સુધારા સાથે ૮૭.૧૩ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

ગત ૧૫મી ઑગસ્ટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જીએસટીનાં દરના માળખામાં ફેરફાર કરવાની જાહેરાત કરી હોવાથી તેમ જ અમેરિકા ભારતથી થતી આયાત સામે અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ ન લાદે તેવી શક્યતા પ્રબળ બનતાં રૂપિયાની તેજીને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન આ પરિબળોનો રૂપિયાને ટેકો મળતાં રૂપિયામાં સુધારાને ટેકો મળતો રહેશે તેમ છતાં આયાતકારોની ડૉલરમાં લેવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખે તેવી શક્યતા જોતા ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૬.૭૦થી ૮૭.૪૦ આસપાસની રહે તેમ જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૫.૯૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા ઘટીને ૯૮.૦૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૩૭૦.૬૪ પૉઈન્ટ અને ૧૦૩.૭૦ પૉઈન્ટ વધી આવ્યા હોવાથી રૂપિયાના સુધારાને પ્રેરકબળ મળ્યું હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું.

## વૈશ્વિક સોનામાં ધીમો સુધારો છતાં રૂપિયો મજબૂત થતાં સ્થાનિકમાં ₹ ૪૫૫નો ઘટાડો, ચાંદી ₹ ૪૨૫ તૂટી

### યુબીએસએ માર્ચ અંત સુધીમાં વૈશ્વિક સોનાનો અંદાજ ૩૬૦૦ ડૉલરનો મૂક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી ૨૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના વક્તવ્ય પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ધીમો સુધારો જોવા મળ્યા બાદ ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં ધીમો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો હતા. વધુમાં યુબીએસએ ગઈકાલે અમેરિકાના બૃહદ આર્થિક જોખમો અને ભવિષ્યમાં સોનામાં રોકાણલક્ષી માગમાં વધારો થાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આગામી માર્ચ, ૨૦૨૬ના અંત સુધીમાં વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૩૬૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવો અંદાજ મૂક્યો હોવાના અહેવાલ હતા.

જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા મજબૂત થયો હોવાથી ખાસ કરીને સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૩થી ૪૫૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાએ રૂ. ૯૯,૦૦૦ની સપાટી ગુમાવી હતી. તેમ જ આજે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં કિલોદીઠ રૂ. ૪૨૫નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૨૫ના ઘટાડા સાથે રૂ. ૧,૧૩,૬૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં મજબૂત વલણ રહેતાં આયાત પડતરોમાં જોવા મળેલા ઘટાડા ઉપરાંત ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીમાં અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૩ ઘટીને રૂ. ૯૮,૭૭૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૫૫ ઘટીને રૂ. ૯૯,૧૬૮ના મથાળે રહ્યા હતા.



આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાધારણ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩૪૦.૬૨ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩૮૫.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી ૨૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન જેક્સન હૉલ ખાતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના વક્તવ્યમાં આર્થિક ભાવી અને ભવિષ્યની નાણાનીતિ અંગે કોઈ દિશા નિર્દેશ આપવામાં આવે છે કે કેમ તેના પર તેમ જ આગામી બુધવારે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર રોકાણકારોની નજર હોવાથી આજે સાવચેતીનું વલણ જોવા મળ્યું હોવાનું કેપિટલ ડૉટ કૉમનાં વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોનું કોન્સોલિડેશનનાં તબક્કામાંથી પસાર થઈ રહ્યું હોય તેમ જણાય છે.

જોકે, હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ તેની આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ ટકાનો કાપ મૂકે તેવો ૮૪ ટકા આશાવાદ બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ છતાં જેક્સન હૉલના વક્તવ્યમાં જૅરૉમ પૉવૅલ નાણાનીતિ અંગે વધુ સ્પષ્ટતા કરશે તેવી ધારણા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુક્રેનનાં પ્રમુખ ઝેલેન્સ્કીને યુક્રેનની સલામતી માટે અને રશિયા સાથેના યુદ્ધનો અંત લાવવા મદદરૂપ થવા માટે વૉશિંગ્ટન બાંયધરી આપશે, એમ જણાવ્યું હતું.

## પાંખાં કામકાજે ખાંડમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૧૦થી ૩૯૫૦ના મથાળે થયા હતા. જોકે, મુંબઈ સહિત નવી મુંબઈમાં ગઈકાલથી ભારે વરસાદ થવાથી રેલ તથા રોડ માર્ગના વાહનવ્યવહારો પર ભારે માઠી અસર થવાથી સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં વેપારી આલમની પાંખી હાજરી રહી હતી. તેમ જ રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહેતાં મથકો પર જોવા મળેલા સુધારાની બજાર પર કોઈ અસર નહોતી જોવા મળી અને વેપારો ટકેલા ધોરણે થયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૫થી ૨૬ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં ઉપાડ લગભગ ૨૪થી ૨૫ ટ્રકનો જ રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૫૨થી ૪૧૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૧૨થી ૪૧૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૦૦માં અને મિડિયમ ગ્રેડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૨૦થી ૪૦૭૦માં ટકેલા ધોરણે થયા હતા.



## સન રિફાઈન્ડમાં ધીમો સુધારો, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં નવ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૯ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં આજે મુંબઈભરમાં થયેલા ભારે વરસાદને કારણે વાહનવ્યવહાર પણ ખોરવાઈ જતાં બજારમાં પાંખાં કામકાજો વચ્ચે માત્ર સન રિફાઈન્ડ અને સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, અલાનાના ખપોલીથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫ અને એએનએ તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૬૫ અને રૂ. ૧૨૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે ગોકુલ એગ્રોનાં આરબીડી પામોલિનના રૂ. રેડી ડિલિવરીમાં ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૮૫ના મથાળે થયા બાદ રૂ. ૧૨૯૦ ભાવ ક્વૉટ કર્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સિંગતેલના અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સરસવના રૂ. ૧૬૫૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## નિરસ માગે ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વરસાદી વાતાવરણ વચ્ચે એકંદરે કામકાજો નિરસ રહેતાં વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી આક્રમક લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધી આવ્યા હતા અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો આવ્યો હતો.

આ સિવાય કોપર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિકલ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર છેલ્લાં ત્રણ સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯નો ઘટાડો નોંધાઈ ગયા બાદ આજે ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૪ના બાઉન્સબૅક સાથે રૂ. ૩૦૨૨ના મથાળે રહ્યા હતા. તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બેના સાધારણ સુધારા સાથે રૂ. ૬૦૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓમાં વરસાદી વાતાવરણમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેવાની સાથે થોડાઘણાં અંશે સ્ટોકિસ્ટોની વેચવાલીનું પણ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૯૧૩, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૩૯, રૂ. ૮૨૬, રૂ. ૭૬૩ અને રૂ. ૨૫૫ તથા કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૫૧, રૂ. ૫૬૨ અને રૂ. ૨૬૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ,લીડ ઈન્ગોટ્સ તથા નિકલમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૭, રૂ. ૧૮૪ અને રૂ. ૧૩૩૫ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



રાજકોટના લોકમેળાની આજુબાજુમાં સરકારી કચેરી અને સરકારી રહેણાંક હોય મેળાની બહાર ફૂટપાથ પર વેપાર કરતા ફેરિયાઓ પર ટ્રાફિક પોલીસે ધોંસ કરતા પાથરણાવાળાઓની હાલત કફોડી બની હતી. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં મેઘમહેરઃ પશ્ચિમ કચ્છના યાત્રાધામોની આસપાસ બેથી ત્રણ ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં મેઘમહેર ફરી શરૂ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. ઉલ્લેખનીય છે કે, મોટાભાગના ગુજરાતને જ્યારે ચાલુ ચોમાસા દરમ્યાન વરસાદે ધમરોળ્યું છે ત્યારે કચ્છ જિલ્લામાં હજુ એના સરેરાશ વરસાદ કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. છેલ્લા ચાર વર્ષમાં અત્યારસુધી કચ્છમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. આ ચોમાસામાં કચ્છમાં સરેરાશ ૧૨ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે ત્યારે લાંબા વિરામ બાદ વરસાદે ફરી હાજરી પુરાવતાં લોકોને હાશકારો થવા પામ્યો છે. દિવસભરના રેકર્ડ બ્રેક બફારા બાદ બપોરના એકાદ વાગ્યા બાદ કચ્છના જુદા જુદા મથકોમાં વરસાદી ઝાપટાંનો દૌર શરૂ થયો હતો. પશ્ચિમ કચ્છના અંતરિયાળ લખપત-અબડાસા તાલુકાઓમાં આજે નોંધપાત્ર વરસાદ વરસતાં નદી-નાળાંઓમાં નવાં નીર આવ્યાં છે. યાત્રાધામ નારાયણ સરોવર, કોટેશ્વર અને માતાના મઢ ખાતે પણ બેથી ત્રણ ઇંચ જેટલો નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. ભુજમાં સવારે ઝરમર વરસાદી ઝાપટાંથી મેઘરાજાએ હાજરી પુરાવી હતી અને સમી સાંજે ઝમકદાર ઝાપટાંએ શહેરને પાણી પાણી કરી નાખ્યું હતું.

# ૨૪ કિલોગ્રામ અફઘાની ગાંજા સાથે પકડાયેલા પરપ્રાંતીય યુવકને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સાડા ચાર વર્ષ અગાઉ અંજારના વરસામેડી ખાતેથી ૨૪ કિલો જેટલા માદક પદાર્થ ગાંજા સાથે પકડાયેલા બિહારના યુવકને નામદાર અદાલતે દસ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી.

પૂર્વ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા ખાસ ઓપરેશન પાર પાડીને દ્વિ-ચક્રી વાહનમાં માદક પદાર્થોની હેરફેર કરતા અને વરસામેડીની અંબાજી રેસિડેન્સીમાં રહેતા યશવંતકુમાર પવન મંડલને ૨૪ કિલો માદક પદાર્થ ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો.

કેસ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ બિહારના ભાગલપુર જિલ્લાના તેતરી ગામનો, હાલે વરસામેડી ખાતે રહેતો ૨૩ વર્ષીય યશવંતકુમાર ગત તા. ૪-૧-૨૦૨૧ના રોજ પોતાના દ્વિ-ચક્રી વાહનની ડિકીમાં વેંચાણ અર્થે કિં. રૂા. ૨,૪૬,૩૫૦ના મૂલ્યના ૨૪.૬૩૫ કિલોગ્રામ અફઘાની ગાંજાના જથ્થા સાથે જઈ રહ્યો હતો ત્યારે પૂર્વ કચ્છ ગાંધીધામની એસઓજીની ટુકડીએ તેને ઝડપી પાડીને એન.ડી.પી.એસ. એક્ટ તળે ગુનો દાખલ કરાવ્યો હતો.

સાડા ચારેક વર્ષ જૂના માદક પદાર્થનો આ કેસ ભુજમાં છઠ્ઠા અધિક સેશન્સ જજ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ વી. એ. બુદ્ધાની અદાલતમાં ચાલી જતાં ફરિયાદ પક્ષ તરફે ૪૮ દસ્તાવેજી પુરાવા તથા ૧૩ સાક્ષીઓને તપાસી આ ગુનો સાબિત થતાં આરોપી યશવંતકુમારને ૧૦ વર્ષની સખત કેદની સજા તથા રૂા.બે લાખનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે વર્ષની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

# માંડવીના પદમપુર ગામે ખાટલા પર સૂવા જેવી નજીવી બાબતે ખેતમજૂરની હત્યા

ભુજઃ માંડવી તાલુકાના પદમપુર ગામ ખાતે આવેલી એક વાડીમાંથી બે દિવસ અગાઉ સંદેહજનક અવસ્થામાં પંચમહાલના ૪૦ વર્ષીય વિક્રમ ભૂરસિંગ રાઠવા નામના ખેતમજૂરનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવમાં હતભાગીના સાથી ખેતમજૂર એવા પંચમહાલના જ સંજય નાનજી નાયકે ખાટલામાં નિંદ્રાધીન થવા જેવા નજીવા મુદ્દે તીક્ષ્ણ હથિયાર વડે વિક્રમની ઠંડા કલેજે હત્યા કરી હોવાનું તપાસમાં બહાર આવતાં પંથકમાં ભારે ચકચાર પ્રસરી હતી. ગઢશીશા પોલીસ મથકે મૃતક વિક્રમના સહોદર વિજય ભૂરસિંગ રાઠવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા. ૧૬-૮ના સાંજે વિક્રમનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, મારી સાથે રહેનાર સંજય નાનજી નાયક ખાટલામાં સૂવા અવારનવાર ઝઘડો કરી રહ્યો છે. અત્યારે પણ સંજય વિવાદ કરી રહ્યો છે એટલી વાત થઇ અને ફોન કોલ કપાઈ ગયો અને બીજા દિવસે વિક્રમનાં મૃત્યુના સમાચાર મળ્યા હતા. વિજયે વધુમાં જણાવ્યું હતું કે, મૃતકના પુત્ર અશ્વિનને પણ અગાઉ ફોન કર્યો હતો ત્યારે પણ સંજય સૂવા બાબતે ઝઘડો કરતો હોવાનું જણાવ્યું હતું. ગઢશીશાના ઈન્ચાર્જ પી.આઈ. આર. બી. ટાપરિયાએ જણાવ્યું હતું કે, વિક્રમના મૃતદેહ પર ચારથી પાંચ નાના-મોટા તીક્ષ્ણ હથિયાર વડે પહોંચેલા ઊંડા ઘા તથા છાતી અને પાંસળી અને જડબાના ભાગે અસ્થિભંગની ગંભીર ઈજા જોવા મળી હતી. આરોપી સંજય અને વિક્રમ સાથે જ ખેતમજૂરી કરતા હતા અને એક જ જગ્યાએ રહેતા હતા. ખાટલા પર સુવા જેવી મામૂલી બાબતે વિક્રમને સંજય આવી ગંભીર ઈજાઓ પહોંચાડી તેની હત્યા નીપજાવ્યાનું હાલ સપાટી પર આવ્યું હતું.

# મુંદરામાં માતાજીનાં મંદિરમાં જ યુવકે ચુંદડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય મુંદરા શહેર ખાતેના પ્રખ્યાત મેલડી માતાજીનાં મંદિરની અંદર જ ચુંદડી વડે ગળે ફાંસો ખાઈને ૪૫ વર્ષીય પ્રતાપ દેવજી ધેડા નામના યુવકે મોતનો માર્ગ અપનાવી લેતાં પંથકમાં અરેરાટી વ્યાપી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, મુંદરાના બારોઈ માર્ગ પર તાલુકા પંચાયત કચેરીની બાજુમાં આવેલા મેલડી માતાજીના મંદિરની પાછળ જ રહેતા પ્રતાપ ધેડાએ કોઈ અગમ્ય કારણોસર ગત ૧૮મીની રાતથી બીજા દિવસની સવારના સાડા છ વાગ્યાના અરસામાં મેલડી માતાજીનાં મંદિરમાં મૂર્તિની બાજુમાં છતના એંગલના હૂકમાં ચુંદડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વહેલી સવારે માતાજીના દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ મૂર્તિની બાજુમાં યુવકના લટકતા મૃતદેહને જોઈને અવાક બની ગયા હતા. આ બનાવ અંગે મુંદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

# ભચાઉના લુણવા નજીક પથ્થરની ફોલ્ડિંગ દીવાલમાં ટ્રિપલ સવારી મોટરસાઇકલ અથડાતાં ભદ્રેશ્વરના બે યુવાનોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ધોરીમાર્ગો રક્તરંજિત બનવાનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેતો હોય તેમ ભચાઉ તાલુકાના ચોપડવાથી લુણવા વચ્ચેના માર્ગ પરના વળાંક પાસે પથ્થરની ફોલ્ડિંગ દીવાલ સાથે ટ્રિપલ સવારી મોટરસાઇકલ ધડાકાભેર અથડાતાં મુંદરા તાલુકાના ભદ્રેશ્વરના મહેશ પ્રભુ કોળી (ઉં. વ. ૨૪), નીલેશ વીરજી જેહા કોળી (ઉં. વ. ૧૮)નું ગંભીર ઈજાઓ પહોંચતાં મોત થયાં હતા જ્યારે અન્ય એક યુવાન ગંભીર અવસ્થામાં સારવાર મેળવી રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

આ ગોઝારા માર્ગ અકસ્માત અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ભદ્રેશ્વરમાં રહેનાર પ્રભુ કોળીનો પુત્ર મહેશ તથા સંબંધી નીલેશ અને પ્રકાશ ધનજી કોળીને ગત ૧૫-૮ના મોડી સાંજના સમયે આ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. આ ત્રણેય મોટરસાઇકલ પર સવાર થઈને મોગલધામ કબરાઉ ખાતે દર્શન કરવા જઈ રહ્યા હતા.

મહેશ વાહન ચલાવી રહ્યો હતો. તેઓ ચોપડવાથી લુણવા માર્ગ પરના વળાંક પર પહોંચ્યા ત્યારે મહેશે મોટરસાઇકલ પરથી કાબૂ ગુમાવતાં તેઓ રસ્તા સામે આવેલી પથ્થરની ફોલ્ડિંગ દીવાલ સાથે ધડાકાભેર અથડાઈ પડ્યા હતા.

આ અકસ્માતમાં ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચવાથી મહેશ અને નીલેશના ઘટનાસ્થળે મોત થયાં હતાં જ્યારે પ્રકાશને પ્રથમ ભુજ અને બાદમાં અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ લઇ જવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. એક સાથે બે યુવાનોના અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી ફેલાઇ જવા પામી હતી.

# રાજકોટના 'શૌર્યનું સિંદૂર' લોકમેળાનું ભવ્ય સમાપન, ૧૫ લાખથી વધુ લોકોએ માણી મજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા 'શૌર્યનું સિંદૂર' લોકમેળાનું ભવ્ય સમાપન થયું હતું. આ મેળાએ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના લોકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. પાંચ દિવસ ચાલેલા આ લોકમેળાની મુલાકાત ૧૫ લાખથી વધુ લોકોએ લીધી હતી. મેળામાં વિવિધ પ્રકારની રાઇડ્સ, ખાણીપીણીના સ્ટોલ્સ, રમકડાં અને અન્ય પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે બાળકોથી લઈને વડીલો સુધી સૌને આકર્ષિત કર્યા હતા.



(તસ્વીરઃ પ્રવીણ સેદાણી)

લોકમેળામાં ખાણી-પીણી રમકડા, હસ્તકલા, કટલેરી સહિતની ચીજવસ્તુઓની ખરીદી પાછળ લોકો દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. એસ.ઓ.પી.ની કડક અમલવારી તેમજ નિયમ મુજબના ડોકયુમેન્ટસ આઠ જેટલા રાઈડસ સંચાલક પૂરા નહી કરી શકતા મોતનો કૂવો, વેન્જર સુનામી સહિતની આ આઠ રાઈડ્સ મંજૂરીના અભાવે શરૂ નહી થઈ શકતા રસીકોમાં નિરાશા સાંપડી હતી મેળાના અંતિમ દિવસે ૧.૬૦ લાખથી વધુ ચિક્કાર જનમેદની ઉમટી પડી હતી.

જો કે બીજા દિવસથી આઠ રાઈડ્સને બાદ કરતા તમામ રાઈડ્સ ધમધમતી થઈ હતી. યાંત્રિકો વિભાગે રાઈડ્સના ડોકયુમેન્ટ માટે બાંધછોડ નહી કરાતા રાઈડ્સ સંચાલકોમાં નારાજગી છવાયેલી હતી. રાઈડ્સ સંચાલકોએ એવું પણ જણાવ્યું હતું કે આ વખતે પોલીસ અંતે વહીવટી વિભાગના અમુક અધિકારીઓના પરિવારજનોએ મફતમાં રાઈડ્સની સવારીનો આનંદ લૂંટતા તેઓને થોડાઘણા અંશે નુકસાની સહન કરવી પડી છે.

મોતના કૂવા સહિત આઠ રાઈડ્સને મંજૂરી નહીં અપાતા આયોજકોની હાલત કફોડી બની જવા પામી છે. લોકમેળામાં ખાણી-પીણીની મોજમજા તેમજ રમકડા, હસ્તકલા કટલેરી સહિતની ચીજવસ્તુઓની લોકોએ મનભરી ખરીદી કરી હતી. તેમજ અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમોએ પણ જમાવટ કરી હતી.જેમાં લોકમેળાના ઉદ્દઘાટન પ્રસંગે અઘોરી ગ્રૂપ ત્યાર બાદ અલ્પાબેન પટેલ સહિતના લોકકલાકારોના કાર્યક્રમોએ લોકોને મોજમજા કરાવી હતી. કલેકટર ડૉ.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ લોકમેળામાં આ વખતે ૧૮ જેટલા વોચ ટાવર ઊભા કરાયા હતા. મેળામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બની તેના કારણે તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

# કચ્છના મેદાનોમાં આફ્રિકાથી ચિત્તા આવવાનું કાઉન્ટડાઉન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ૧૫૨ વર્ષ બાદ અને ગરવા ગુજરાતમાં ૮૪ વર્ષ બાદ ચિત્તાનું આગમન થવાનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂક્યું છે. મધ્ય પ્રદેશના કુનો પાર્ક બાદ કચ્છના ભાતીગળ બન્ની પ્રદેશના ઘાસીયા મેદાનોમાં ચિત્તાના બ્રીડિંગ પ્રોજેક્ટનું કાર્ય લગભગ પૂર્ણતાના આરે પહોંચ્યું છે અને ટૂંક સમયમાં પ્રારંભિક તબક્કે અહીં આવનારા ૧૦ જેટલા માદા-નર ચિત્તાઓને આવકારવા માટે હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આ પ્રોજેક્ટ અંગે વનપ્રધાન મૂળુભાઈ બેરાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૫૨માં ભારતમાં ચિત્તાને વિલુપ્ત પ્રાણી તરીકે જાહેર કરી દેવાયું હતું, ગુજરાતમાં છેલ્લે વિસાવદરમાં વર્ષ ૧૯૪૦માં અને કચ્છમાં ઈ.સ ૧૮૩૯ અને ઈ.સ ૧૮૭૨માં ચિત્તાની નોંધપાત્ર હાજરી નોંધવામાં આવી હતી.

વિલુપ્ત થઇ ગયેલા આ પ્રાણીને ભારતમાં પુનઃસ્થાપિત કરવા માટે શરૂ થયેલા સંવર્ધન કાર્ય માટે ગુજરાત સરકાર દ્વારા પણ પહેલ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે કચ્છના બન્નીના ઘાસના મેદાનોમાં ચિત્તાના સંરક્ષણ સંવર્ધન માટેનો પ્રોજેક્ટ નેશનલ કોમ્પેન્સેટરી ફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ ઓથોરિટી (નેશનલ કેમ્પા) હેઠળ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીને મોકલવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા મોનિટર કરવામાં આવશે.

# ભાવનગરના શિહોર મુકામે આવેલા હઝરત ગરીબશાપીર દાદાનો બે-દિવસીય ઉર્ષ શરીફ ઉજવાયો



(તસ્વીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જીલ્લાના શિહોર મુકામે આવેલા હઝરત રોશન ઝમીર ગરીબશાપીર દાદાનો બે-દિવસીય ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો.

આ ઉર્ષ પ્રસંગે દરગાહ શરીફ માં કુરઆન વાની, મિલાદ શરીફ, જીક શરીફ, સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામૂહીક દુવાઓ કરવામાં આવી હતી. તેમજ સંદલ શરીફનું એક શાનદાર ઝુલૂસ શિહોર ગામમાં ફર્યું હતુ. અને દરગાહ શરીફમાં પહોંચ્યું હતું. ત્યારબાદ તમામ ધાર્મિક વિધિઓ કરવામાં આવી હતી. અને સતત બે દિવસ બપોરે અને સાંજે ન્યાઝ શરીફ નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો પણ બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુ લોકોએ લાભ લીધો હતો.

આ ઉર્ષ શરીફના બે- દિવસીય તમામ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા. અને કોમી એકતા ભાઇચારાના દર્શન થયા હતા. સમગ્ર ભાવનગર જીલ્લામાં આ દરગાહ શરીફ કોમી એકતાનું પ્રતીક છે. આ ઉર્ષ પ્રસંગે ભાવનગર શહેર તેમજ સમગ્ર જીલ્લામાંથી મોટી સંખ્યામાં લોક સમુદાય ઉમટી પડ્યો હતો.

# ભાવનગરના એસ.પી. ડો.હર્ષદ પટેલની અમદાવાદ બદલી નવા એસ.પી. તરીકે નિતેશ પાંડેની વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્યભરના એકી સાથે ૧૦૦થી વધુ આઇ.પી.એસ.અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જેમાં ભાવનગર જિલ્લાના એસ.પી. ડો.હર્ષદ પટેલ ની અમદાવાદ બદલી થઈ છે. જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના એસ.પી. નીતેશ પાંડેને ભાવનગરના એસ.પી. તરીકે મૂકવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે એકી સાથે રાજ્યભરના ૧૦૫ જેટલા આઇ.પી.એસ.અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૦૧૭ની બેચના આઇ.પી.એસ. અધિકારી નિતેશ પાંડેને ભાવનગર જિલ્લા એસ.પી. તરીકે નિમણૂક કરવામાં આવી છે. નિતેશ પાંડેને સારી કામગીરી બદલ એવોર્ડથી પણ નવાજવામાં આવેલા છે. ભાવનગરના એસ.પી. ડો. હર્ષદ પટેલની બે વર્ષના ટૂંકા ગાળામાં જ બદલી કરવામાં આવી છે. ડો. હર્ષદ પટેલને ભાવનગરથી અમદાવાદ ખાતે ઝોન-૧માં ડી.સી.પી. તરીકે મૂકયા છે અને મહુવાના એ.એસ.પી. અંશુલ જૈનને કચ્છ ભુજ ખાતેના ઇન્ટેલિજન્સના એસ.પી. તરીકે મૂકવામાં આવ્યા છે.

ભાવનગર જિલ્લાના એસ.પી. તરીકે મુકાયેલા નિતેશ પાંડે ૨૦૧૭ની બેચના આઇ.પી.એસ. અધિકારી છે. અને મુળ રાજસ્થાનના જયપુરના રહેવાસી નિતેશ પાંડેએ આઇ.આઇ.ટી. મદ્રાસ ખાતેથી ઇલેક્ટ્રીકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવેલી છે અને ત્યાર બાદ યુ.પી.એસ.સી. પાસ કરી આઇ.પી.એસ. કેડર મેળવ્યું હતું. ૨૦૨૧ની સાલમાં ગુજસીટોકના ગુનામાં શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા હતા. અને નિતેશ પાંડેના પિતા પણ રાજસ્થાન સરકારમાં આઇ.એ.એસ.તરીકે હતા. જેમની પ્રેરણાથી તે પણ સનદી અધિકારી બન્યા છે.

# કચ્છના નાના રણમાં ફસાયેલા ૧૨ લોકોને પોલીસે ટ્રેક્ટરથી બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીથી કચ્છના નાના રણમાં આવેલા વાછરાડાડાના મંદિરે દર્શન કરવા ગયેલા નવ યુવકો અને તેમને મદદ કરવા ગયેલા ત્રણ પરિવારજનો મળીને કુલ ૧૨ લોકો રણમાં ફસાયા હતા. ભારે વરસાદ અને કાદવના કારણે તેમની હાલત કફોડી બની હતી.

૧૬ ઓગસ્ટે બપોરે બે વાગ્યે પાટડીના ૯ મિત્રો ચાર બાઈક લઈને ખારાઘોડા થઈને કચ્છના નાના રણમાં આવેલા વાછરાડાડાના મંદિરે જવા નીકળ્યા હતા. રણની અંદર મંદિર માત્ર ૧૦ કિલોમીટર દૂર હતું ત્યારે જ મુશળધાર વરસાદ શરૂ થયો હતો. બાઈક કાદવમાં ફસાઈ ગયું હતું અને યુવકો રસ્તો ભૂલી ગયા હતા. જે બાદ એક યુવકે પોતાના પિતાને ફોન કરીને મદદ માગી હતી. પિતા અને અન્ય બે લોકો પાણી અને ખાવાની વસ્તુઓ લઈને પગપાળા તેમની મદદ માટે પહોંચ્યા હતા. પરંતુ તેઓ પણ રણમાં ફસાઈ ગયા હતા. ૧૨ લોકો ફસાયા હોવાની જાણ પાટડી પોલીસને થતાં તેઓ થાર જીપ લઈને બચાવ માટે નીકળ્યા હતા. પરંતુ રણમાં કાદવ હોવાથી તેમની જીપ પણ ફસાઈ ગઈ હતી. આખરે પોલીસે ટ્રેક્ટર અને સ્થાનિક રણ-ભોમિયાની મદદથી ફસાયેલા લોકોને શોધી કાઢ્યા હતા.

પોલીસે ટ્રેક્ટરની મદદથી ફસાયેલા ૧૨ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. થાકેલા અને ભૂખ્યા યુવાનોને લગભગ ૧૫ કલાક બાદ પીવાનું પાણી મળ્યું હતું. આ ઘટના બાદ પોલીસ અને વહીવટી તંત્રની ઝડપી કામગીરીની લોકોએ પ્રશંસા કરી હતી.

# ભાવનગરમાં જિલ્લાકક્ષા અને મહાનગર પાલિકા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધાનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર ભાવનગરની રાહબરી હેઠળ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ભાવનગર સંચાલિત કલા મહાકુભ જિલ્લાકક્ષા અને મહાનગરપાલિકાકક્ષાએ અલગ અલગ સ્પર્ધાનો પ્રારંભ જિલ્લા કલેકટર ડો.મનીષ કુમાર બંસલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.



(તસ્વીર-વિપુલ હિરાણી, ભાવનગર)

આ સ્પર્ધા ૬ થી ૧૪ વર્ષની વયજુથ, ૧૫ થી ૨૦ વર્ષની વયજુથ અને ૨૧ થી ૫૯ વર્ષની વયજુથ અંતર્ગત જિલ્લાકક્ષાની રાસ, લોકનૃત્ય, એકપાત્રીય અભિનય, કથક, ભરતનાટ્યમ, સર્જનાત્મક કારીગરી, સમૂહગીત, લગ્નગીત, કાવ્ય લેખન, નિબંધ લેખન, ગઝલ, શાયરી, વકૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ભાવનગર (ગ્રામ્ય) જિલ્લાકક્ષા સ્પર્ધાનું આયોજન તા.૧૯/૦૮/૨૦૨૫ થી ૨૦/૦૮/૨૦૨૫ દરમ્યાન તથા ભાવનગર (શહેર) મહાનગરપાલિકાકક્ષા સ્પર્ધાનું આયોજન તા.૨૧/૦૮/૨૦૨૫ થી ૨૨/૦૮/૨૦૨૫ દરમ્યાન શિશુવિહાર સંસ્થા, શિશુવિહાર સર્કલ, ભાવનગર ખાતે કરવામાં આવ્યું છે.